# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**
આલ્ફાના સેટ પર બોબી દેઓલ અને આલિયા ભટ્ટ ઝઘડી પડયાં

**પેજ-09**
સૂર્યકુમાર અને બુમરાહથી સાવધાન રહે પાકિસ્તાન મોઈન અલીનું નિવેદન



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 17.00 |
| વડોદરા | 33.00 | 17.00 |
| સુરત | 33.00 | 19.00 |

પેજ 5



એન્થ્રોપિક એઆઈ ક્રાંતિ આઈટી શેર માટે કાળ સાબિત થઈ


15 FEBRUARY-2026 SUNDAY


રશિયાને પછાડી સાઉદી અરેબિયા તેલ બજારમાં બન્યું નંબર વન...



પેજ 10

**.....સુવિચાર.....**
પોતાનો ઈગો જીદ અને એટીટ્યુડ એ લોકો માટે ખોઈ દેવા તૈયાર હોય છે જે સાચે જ એમની કદર કરતા હોય છે


વર્ષ-15 | અંક-095 | વિક્રમ સંવત-2082 | મહા વદ-13 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## તમારું ભલું કરી શકશે નહીં, દેશનું ખરાબ વિચારનારને કોંગ્રેસ ખભે બેસાડે છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

# મોદી વાયુસેનાના એરક્રાફ્ટથી આસામના હાઈવે પર ઊતર્યાં

(એજન્સી) નવી દિલ્હી | તા. 14

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે આસામના પ્રવાસે પહોંચ્યા. આ દરમિયાન તેમણે ગુવાહાટીમાં કહ્યું, કોંગ્રેસે દેશને જોખમમાં ધકેલી દીધો હતો. કોંગ્રેસે જ્યારે પણ સેના માટે હથિયારો ખરીદ્યાં એનો અર્થ હજારો કરોડનું કૌભાંડ હતું. તેમણે કહ્યું- પીએમ પહેલા ચાબુઆ એરફિલ્ડ પહોંચ્યા હતા. ત્યાર બાદ તેઓ વાયુસેનાના C-130 એરક્રાફ્ટથી ડિબ્રુગઢ પહોંચ્યા. પ્લેને અહીં મોરાન બાયપાસ પર ઈમર્જન્સી લેન્ડિંગ ફેસિલિટી (ELF) પર લેન્ડિંગ કર્યું. મોદી આવું કરનારા પ્રથમ વડાપ્રધાન બન્યા. PM મોદીએ ગુવાહાટીમાં જનસભા કરી હતી. આ દરમિયાન પીએમએ કહ્યું, કોંગ્રેસના સમયમાં આસામને એક-એક પૈસા માટે તરસાવવામાં આવતું હતું. આસામને ટેક્સના હિસ્સા તરીકે માત્ર 10 હજાર કરોડ રૂપિયા મળતા હતા. ભાજપ સરકારમાં 5 ગણા વધુ મળી રહ્યા છે. તેમણે કહ્યું- પીએમ પહેલા ચાબુઆ એરફિલ્ડ પહોંચ્યા હતા. ત્યાર બાદ તેઓ વાયુસેનાના C-130 એરક્રાફ્ટથી ડિબ્રુગઢ પહોંચ્યા.

### PM મોદીના ભાષણની 5 ખાસ વાતો

1 કોંગ્રેસના સમયમાં આસામને એક-એક પૈસા માટે તરસાવવામાં આવતું હતું. ત્યારે ટેક્સના હિસ્સા તરીકે માત્ર 10 હજાર કરોડ રૂપિયા મળતા હતા. ભાજપ સરકારમાં 5 ગણા વધુ મળી રહ્યા છે.

2 જ્યારે હું પ્લેનથી મોરાન હાઈવે પર ઊતર્યો ત્યારે એક નવો ઈતિહાસ રચાયો. ક્યારેક નોર્થ ઈસ્ટનું નામ આવતાં જ લોકો વિચારતા હતા કે છોડો, તૂટેલા રસ્તા મળશે તો ક્યારે પહોંચીશું.

3 ભાજપ સરકારે 10 વર્ષમાં બ્રહ્મપુત્રા પર 5 મોટા પુલ બનાવ્યા. કોંગ્રેસનાં 70 વર્ષના શાસનમાં 3 પુલ બન્યા. આ દર્શાવે છે કે કોંગ્રેસે આસામને સમસ્યાઓ આપી અને અમે ઉકેલો આપ્યા.

4 છેલ્લાં 12 વર્ષમાં જ્યારે પણ કોઈ નવી શરૂઆત થઈ ત્યારે એનો ફાયદો નોર્થ ઈસ્ટને મળ્યો. વંદે ભારત શરૂ થઈ તો આસામ નોર્થ ઈસ્ટ કનેક્ટ થઈ ગયું. સ્લીપર વંદે ભારત પણ આસામથી શરૂ થઈ.

5 આસામના લોકોના મતને કારણે અહીં લાખો પરિવારો માટે ઘરો બન્યાં. શૌચાલય બન્યાં. પીવાનું પાણી ઘર સુધી પહોંચ્યું. આ પુણ્યનો હકદાર ભાજપના બૂથનો કાર્યકર છે.



### આ છેલ્લા ત્રણ મહિનામાં PM મોદીનો ત્રીજો આસામ પ્રવાસ

પ્લેને અહીં મોરાન બાયપાસ પર ઈમર્જન્સી લેન્ડિંગ ફેસિલિટી પર લેન્ડિંગ કર્યું. પીએમએ ત્યાર બાદ બ્રહ્મપુત્ર નદી પર બનેલા ભાસ્કર વર્મા સેતુ અને IIM ગુવાહાટીના ટેમ્પરરી કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું. પીએમ મોદીનું વિમાન આજે સવારે લગભગ 10 વાગ્યે મોરાન બાયપાસ પર બનેલી ELF પર ઊતર્યું. આ એરસ્ટ્રિપ સૈન્ય રણનીતિ માટે મહત્ત્વપૂર્ણ છે. આ વિસ્તાર ચીન બોર્ડરથી લગભગ 300 કિમી દૂર જ છે. મોરાન હાઈવે પર પીએમની હાજરીમાં રાફેલ, સુખોઈ સહિત 16 લડાકુ વિમાનોએ એરિયલ શો કર્યો. આ દરમિયાન વિમાનોએ હાઈવે પરથી જ લેન્ડિંગ અને ટેકઓફ કરીને બતાવ્યું. ડેમો 30 મિનિટ સુધી ચાલ્યો. PM મોદીનો આ છેલ્લા 3 મહિનામાં ત્રીજો આસામ પ્રવાસ છે.આસામમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણી છે. રાજ્યમાં 2016થી સતત બે વાર NDAની સરકાર બની છે. આ પહેલાં 2001-2016 સુધી કોંગ્રેસની સરકાર હતી.

---

## 16 ફેબ્રુઆરીથી AIનો મહાકુંભ | ભારતે 100 દેશોને બોલાવ્યા પાડોશીને આમંત્રણ નહીં

# ભારતની AI સમિટ: 100 દેશોને આમંત્રણ, PAK આઉટ





**ભારત કરશે ગ્લોબલ AI-ઈમ્પેક્ટ સમિટ 2026ની યજમાની**

**AI સમિટનો મંત્ર: લોકો, પૃથ્વી અને પ્રગતિનો સમન્વય**

**અમદાવાદ: માઈકા ખાતે AI ઈમ્પેક્ટ પ્રી-સમિટનું આયોજન**

(એજન્સી) નવી દિલ્હી | તા.14

ભારત 16 થી 20 ફેબ્રુઆરી 2026 દરમિયાન AI-Impact Summit ની યજમાની કરવા જઈ રહ્યું છે. આ ગ્લોબલ સમિટમાં 100 થી વધુ દેશો ભાગ લઈ રહ્યા છે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની પોલિસી, ઈનોવેશન, એથિક્સ, સિક્યુરિટી અને ગ્લોબલ કો-ઓપરેશન જેવા મહત્વના વિષયો પર મંથન થશે. જોકે, આ બહુપ્રતિક્ષિત સમિટ માટે પાકિસ્તાનને આમંત્રિત કરવામાં આવ્યું નથી, જેને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ સંમેલન ત્રણ મૂળભૂત સૂત્રો- People (લોકો), Planet (પૃથ્વી) અને Progress (પ્રગતિ) પર આધારિત છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સમિટમાં ભાગ લેનારા દેશોની પસંદગી વ્યૂહાત્મક અને નીતિગત ધોરણોના આધારે કરવામાં આવી છે. ભારતનો ભાર એવા દેશો સાથે સહયોગ વધારવા પર છે જે જવાબદાર, સુરક્ષિત અને માનવ-કેન્દ્રિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિકસાવવાના સમાન દ્રષ્ટિકોણનું સમર્થન કરે છે. આ સમિટ ટેકનોલોજીના માધ્યમથી વૈશ્વિક પડકારો- જેમ કે આરોગ્ય, શિક્ષણ, આબોહવા પરિવર્તન અને આર્થિક વિકાસના ઉકેલો શોધવા પર કેન્દ્રિત રહેશે.

**પાકિસ્તાનને આમંત્રણ નહીં** | ભારત તરફથી કહેવામાં આવ્યું છે કે AI-Impact Summitનો ઉદ્દેશ્ય માત્ર ટેકનિકલ પ્રદર્શન નથી, પરંતુ નીતિ-નિર્માણ, રોકાણ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને આંતરરાષ્ટ્રીય ધોરણો પર નક્કર સહયોગ સ્થાપિત કરવાનો છે. સમિટ દરમિયાન મંત્રી સ્તરના સત્રો, નિષ્ણાત પેનલ્સ, સ્ટાર્ટઅપ શોકેસ અને દ્વિપક્ષીય બેઠકોનું આયોજન પણ કરવામાં આવશે. આ સમિટ માટે પાકિસ્તાનને આમંત્રણ ન આપવા અંગે સત્તાવાર રીતે કોઈ વિગતવાર કારણ જાહેર કરવામાં આવ્યું નથી.

### 'AI માનવજાતના અસ્તિત્વ સામે ખતરો હોવાનો હાઈપ'

માઈકાના ડાયરેક્ટ અને સીઈઓ જયા દેશમુખે જણાવ્યું હતું કે, AI સંબંધિત ચર્ચાઓ મુખ્યત્વે બે બાબતો ઉપર કેન્દ્રિત રહે છે, માનવ વિસ્થાપનનો ભય અને વિચાર્યા વગરનો ટેક્નોલોજીકલ આશાવાદ. તેમણે ઉમેર્યું હતું કે, AI માનવજાતના અસ્તિત્વ સામે ખતરો હોવાનો હાઈપ છે અને તેની સામે એટલાં જ મજબૂત દાવા પણ છે કે ટેક્નોલોજી વિશ્વને બદલી નાખશે અને આપણી સમસ્યાઓનો ઉકેલ લાવશે. આ ચર્ચાઓ વચ્ચે સવાલ એ છે કે સત્ય કેવી રીતે ઉભરી આવશે. તેને કેવી રીતે તૈયાર કરવામાં આવે છે અને આપણે તેનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરીએ છીએ. આ બાબતો જ ચર્ચાનો ઉદ્દેશ્ય છે. એક સંસ્થાન તરીકે માઈકાની ભૂમિકા કૌશલ્ય વિકાસથી આગળ વધતાં કમ્યુનિકેશન, ક્રિએટિવિટી, કલ્ચર અને કમ્યુનિટી સંબંધિત આઈડિયાને એકીકૃત કરવાનો છે.

### અનેક દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓ સમિટમાં ભાગ લેશે

વડાપ્રધાન મોદીના વ્યક્તિગત આમંત્રણ પર અનેક દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓ સમિટમાં ભાગ લેશે. યુરોપ, અમેરિકા, એશિયા-પેસિફિક, આફ્રિકા અને ખાડી દેશોના ટોચના નેતાઓ આ મંચ પર AI ના ભવિષ્ય, વૈશ્વિક ધોરણો અને સહયોગના માર્ગો પર વિચાર-વિમર્શ કરશે. આ ઉપરાંત, 45 થી વધુ દેશોના મંત્રી-સ્તરના પ્રતિનિધિમંડળોની ભાગીદારી નિશ્ચિત છે, જે આ સંમેલનને સાચા અર્થમાં વૈશ્વિક મંચનું સ્વરૂપ આપશે.

### માઈકા દ્વારા ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026 પહેલા પ્રી-સમિટનું આયોજન

અમદાવાદમાં માઈકા સ્કૂલ ઓફ આઈડિયાઝે એમ્પાવરિંગ પીપલ વીથ રિસ્પોન્સિબલ AI સ્કિલ્સ, ટ્રસ્ટ એન્ડ એક્સેસનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026ની પ્રી-સમિટ ઈવેન્ટ હતી. ટેડએક્સ-સ્ટાઈલ ફોર્મેટમાં ડિઝાઈન કરાયેલો આ પ્રોગ્રામ માઈકા કેમ્પસમાં યોજાયો હતો. જેમાં નીતિ નિર્ધારકો, નિષ્ણાંતો, ઈન્ડસ્ટ્રી લીડર્સ, ટેક્નોલોજીસ્ટ, એકેડેમિયા અને ક્રિએટિવ પ્રોફેશનલ્સ એક મંચ પર એકત્રિત થયાં હતા અને ચર્ચા કરી હતી.

### 'ટેક્નોલોજી મહત્વપૂર્ણ, તેનો ઉપયોગ કેવી રીતે કરાઈ તે વધુ મહત્વપૂર્ણ'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષણવિદોએ વિષયો ઉપર ચર્ચા કરવાની જરૂર છે કે જેના વિશે સામાન્ય રીતે આપણે વાત કરતાં નથી. આપણે અભ્યાસક્રમ અંગે ફરીથી વિચારવાની અને સમજવાની જરૂર છે કે કેવી રીતે માનવ સંબંધો વેલ્યુ અનલોક કરે છે. ટેક્નોલોજી મહત્વપૂર્ણ છે, પરંતુ તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે તે વધુ મહત્વપૂર્ણ છે. આપણે જવાબદાર AI અંગે વિવિધ વિચારો રજૂ અને તેને કેવી રીતે લાગુ કરવામાં આવે તેના વિશે ચર્ચા કરીશું.

---

## ટ્રેડ ડીલ આગળ કૂવો, પાછળ ખાઈ જેવી સ્થિતિમાં ફસાવનારી જાળ

# રાહુલનો આરોપ, ટ્રેડ ડીલથી કપાસના ખેડૂતોને નુકસાન

(એજન્સી) નવી દિલ્હી | તા. 14

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભારત-અમેરિકા ટ્રેડ ડીલને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે ટ્રેડ ડીલથી કપાસ ઉગાડતા ખેડૂતો અને કાપડ ઉદ્યોગ પર વિપરીત અસર પડશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શનિવારે પોતાના વીડિયો પોસ્ટમાં રાહુલે આરોપ લગાવ્યો કે 18% ટેરિફ વિરુદ્ધ 0% સમજાવું છું, કેવી રીતે જૂઠું બોલવામાં માહિર વડાપ્રધાન અને તેમની કેબિનેટ આના પર ભ્રમ ફેલાવી રહ્યા છે, અને કઈ રીતે તેઓ ભારત-અમેરિકા વ્યાપાર કરારથી દેશના કપાસ ખેડૂતો અને ટેક્સટાઈલ એક્સપોર્ટર્સને છેતરી રહ્યા છે. રાહુલ બોલ્યા- જો આપણે અમેરિકી કપાસ મંગાવીએ તો આપણા ખેડૂતો બરબાદ થઈ જશે. જો ન મંગાવીએ, તો આપણો ટેક્સટાઈલ ઉદ્યોગ તબાહ થઈ જશે. રાહુલ બોલ્યા-જો આપણે અમેરિકી કપાસ મંગાવીએ તો આપણા ખેડૂતો બરબાદ થઈ જશે. જો ન મંગાવીએ, તો આપણો ટેક્સટાઈલ ઉદ્યોગ તબાહ



થઈ જશે. રાહુલ બોલ્યા- બાંગ્લાદેશ ભારતમાંથી કપાસની આયાત બંધ કરી શકે છે.

### સંસદમાં બાંગ્લાદેશને મળી રહેલી ખાસ છૂટછાટ પર સવાલ ઉઠાવ્યો

પોસ્ટમાં રાહુલે કહ્યું કે બાંગ્લાદેશને અમેરિકામાં ગારમેન્ટ્સની નિકાસ પર 0% ટેરિફનો ફાયદો આપવામાં આવી રહ્યો છે - શરત માત્ર એટલી જ છે કે તેઓ અમેરિકી કપાસની આયાત કરે. રાહુલે જણાવ્યું કે ભારતના ગારમેન્ટ્સ પર 18% ટેરિફની જાહેરાત પછી જ્યારે મેં સંસદમાં બાંગ્લાદેશને મળી રહેલી ખાસ છૂટછાટ પર સવાલ ઉઠાવ્યો, ત્યારે મોદી સરકારના મંત્રીનો જવાબ આવ્યો - જો આ જ ફાયદો આપણને પણ જોઈતો હોય, તો અમેરિકાથી કપાસ મંગાવવો પડશે.

---

## અશ્વોની અદા પર દુનિયા ફિદા | વાવ-થરાદના આંગણે ઐતિહાસિક પશુ પ્રદર્શન

**જસરામાં જામ્યો મેળો**

# 15 કરોડનો ભારતરાજ ઘોડો અને 1.11 કરોડનો સમ્રાટ પાડો

### 15મા અશ્વમેળાનું આયોજન: 500થી વધુ ઉચ્ચ નસ્લના અશ્વો વચ્ચે જંગ

(એજન્સી) બનાસકાંઠા | તા.14

ગુજરાતની પવિત્ર ધરતી પર જ્યારે ડાબલા ગાજે અને હણહણાટી સંભળાય, ત્યારે સમજવું કે સંસ્કૃતિનો સૂર્યોદય થયો છે. બનાસકાંઠાના લાખણી તાલુકાના જસરા ગામે અત્યારે કંઈક આવો જ માહોલ છે. બુઢેશ્વર મહાદેવના સાનિધ્યમાં આયોજિત ૧૫મો ઐતિહાસિક અશ્વ મેળો માત્ર મેળો નથી, પણ પશુપાલકોના ગૌરવની ગાથા છે. ૧૧ ફેબ્રુઆરીથી શરૂ થયેલો આ ઉત્સવ આગામી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મહાશિવરાત્રીના પવિત્ર પર્વે વિરામ લેશે, પરંતુ તેની યાદો વર્ષો સુધી લોકોના હૃદયમાં જીવંત રહેશે. આ મેળામાં સૌથી વધુ ચર્ચા જો કોઈની હોય તો તે છે 'ભારતરાજ' નામનો અશ્વ. માત્ર ૨ દાંતની કેટેગરીમાં આ ઘોડાએ પ્રથમ નંબર મેળવીને સૌને અચંબિત કરી દીધા છે. આ અશ્વની કિંમત અંદાજે ૧૫ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે. તેની ચાલમાં જે રુઆબ છે અને તેની આંખોમાં જે તેજ છે, તે જોઈને ભલભલા અશ્વપ્રેમીઓ તેના પ્રેમમાં પડી ગયા છે. બીજી તરફ, પશુ પ્રદર્શનમાં કોટડાનો 'સમ્રાટ' પાડો પણ કોઈથી ઓછો નથી. ૧.૧૧ કરોડની કિંમત ધરાવતો આ પાડો પોતાની શક્તિ અને કદ-કાઠીથી મેળામાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.



### સમગ્ર ઘટના ક્રમ અને ભવ્ય આયોજન

અદ્વૈત સાર્વજનિક ટ્રસ્ટના અધ્યક્ષ મહેશ દવેના નેતૃત્વમાં આ મેળાએ વૈશ્વિક સ્તરે નામના મેળવી છે. આ વર્ષે ૮ રાજ્યોમાંથી ૫૦૦થી વધુ ઉચ્ચ નસ્લના મારવાડી અને અન્ય પ્રજાતિના અશ્વો અહીં પોતાની શક્તિનું પ્રદર્શન કરી રહ્યા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, મેળામાં માત્ર અશ્વો જ નહીં, પણ ગુજરાત પોલીસના અશ્વો પણ ટેન્ટ પેગિંગ અને જમ્પિંગ જેવી સ્પર્ધાઓમાં પોતાનું કૌશલ્ય બતાવી રહ્યા છે. મોંઘી ગાડીઓમાં આવતા વેપારીઓ, દરેકના મુખે બસ એક જ ચર્ચા છે–જસરાનો આ અશ્વ મેળો ભારતભરમાં પ્રથમ ક્રમે પહોંચી ગયો છે.

---

### નોઈડામાં વેલેન્ટાઈન-ડે પર પ્રેમિકાની હત્યા કરી પ્રેમીનો આપઘાત, કારમાં ગોળી મારી

નોઈડા | નોઈડામાં વેલેન્ટાઈન-ડેના દિવસે પ્રેમીએ પ્રેમિકાની કારમાં હત્યા કરી દીધી, પછી પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. ફાયરિંગનો અવાજ સાંભળીને આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા. જોયું તો કાર અંદરથી લોક હતી. ત્યારબાદ તેમણે પોલીસને જાણ કરી. પોલીસે ટાટા અલ્ટ્રોઝ કારનો કાચ તોડીને જોયું, તો આગળની સીટ પર બંનેના મૃતદેહ પડ્યા હતા. બંનેના માથામાં ગોળી વાગી હતી. યુવકના હાથમાં પિસ્તોલ હતી. બાજુમાં બે ખાલી કારતૂસ પડ્યા હતા. પ્રેમી-પ્રેમિકા 13 ફેબ્રુઆરીથી ઘરેથી ગુમ હતા. 26 વર્ષની પ્રેમિકા રેખા નોઈડાના સલારપુરની રહેવાસી હતી, જ્યારે પ્રેમી સુમિત (32) દિલ્હીના ત્રિલોકપુરીનો રહેવાસી હતો. તે મંડળ સ્તરનો ક્રિકેટર હતો. કહેવાય છે કે બંનેનો 15 વર્ષથી પ્રેમસંબંધ ચાલી રહ્યો હતો. લગ્ન કરવાના હતા, પરંતુ કોઈ વાતને લઈને બંને વચ્ચે ઝઘડો થયો. ત્યારબાદ 13 ફેબ્રુઆરીએ સુમિતે રેખાને મેસેજ મોકલ્યો- હું મરવા જઈ રહ્યો છું. આની જવાબદાર રેખા છે.

---

## 'સૌથી મોટો પડકાર પર્યાવરણ નુકસાન'

# CM યોગીએ દિલ્હીની સરખામણી 'ગેસ ચેમ્બર' સાથે કરી, કહ્યું- 'તમે જશો તો શ્વાસ નહીં લઈ શકો...'

(એજન્સી) ઉત્તરપ્રદેશ તા.14

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે 14 ફેબ્રુઆરીના રોજ ચોંકાવનારું નિવેદન આપ્યું છે. ગોરખપુરના જંગલ કોડિયા બ્લોકમાં પુન નિર્માણ પામેલા બીડીઓ કાર્યાલયના ઉદ્ઘાટન સમારોહમાં દિલ્હીની AQI (એર ક્વોલિટી ઈન્ડેક્સ)ની સરખામણી ગેસ ચેમ્બર સાથે કરી હતી. દેશની રાજધાની દિલ્હીમાં અનેક વખત વિપક્ષ ખરાબ હવાનો મુદ્દો ઉઠાવી હાલની ભાજપ સરકારને ઘેરી રહ્યું છે તેવામાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ દિલ્હીની સરખામણી ગેસ ચેમ્બર સાથે કરી દેતાં વિપક્ષને પ્રહાર કરવાનો મોકો આપી દીધો છે. પર્યાવરણ અંગે વાતચીત કરતાં મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે કહ્યું કે, 'આજે દુનિયા સામે સૌથી મોટો પડકાર પર્યાવરણ નુકસાનનો છે. તમે જુઓ કે અહીં પર્યાવરણ કેવું સરસ છે કોઈ પ્રદૂષણ નથી, જો પ્રદૂષણ ન હોય તો બીમારી પણ ન હોય, જ્યારે પ્રદૂષણ થશે ત્યારે ફેફસાને



નુકસાન પહોંચશે. જો ઓક્સિજન સપ્લાય કરતું મશીન જ ખરાબ થઈ જાય ત્યારે સંપૂર્ણ શરીર ખરાબ થઈ જશે. વધુમાં તેમણે દિલ્હીના પ્રદૂષણનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'તમે જાઓ દિલ્હીની હાલત શું છે? એવું લાગે છે ત્યાં ગેસ ચેમ્બર બની ગયું છે. હાલત ખરાબ છે. તમે હવામાં શ્વાસ પણ નહીં લઈ શકો આંખોમાં બળતરા થશે. ત્યાં ડૉક્ટરોનું કહેવું છે કે જેમને અસ્થમા અને બીજી બીમારીઓ છે તેવા વૃદ્ધ અને બાળકોએ ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ, શું આ જિંદગી છે? જ્યારે જ્યારે પર્યાવરણ સાથે કોઈ છેડછાડ કરશે ત્યારે આવી સ્થિતિ ઊભી થશે.

---

### ઈમામે કહ્યું- જ્યાં વંદે માતરમ્ ફરજિયાત, ત્યાંથી બાળકોને કાઢી નાખો

ઉજ્જૈન | કેન્દ્ર સરકારે 28 જાન્યુઆરીના રોજ રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ને લઈને નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. આ મુજબ, હવે સરકારી કાર્યક્રમો, શાળાઓ કે અન્ય ઔપચારિક આયોજનોમાં 'વંદે માતરમ્' વગાડવામાં આવશે. આ દરમિયાન દરેક વ્યક્તિનું ઊભા રહેવું ફરજિયાત રહેશે. ઉજ્જૈનના ઈમામ મુફ્તી સૈય્યદ નાસિર અલી નદવીએ આ આદેશને ઈસ્લામ વિરોધી ગણાવ્યો છે. તેમણે કહ્યું- આ આદેશ અમારી ધાર્મિક આઝાદી પર હુમલો છે. 'વંદે માતરમ્'માં કહેવામાંઆવ્યુંછેકેઆપણેહિન્દુસ્તાનની ભૂમિની પૂજા કરીએ છીએ, પરંતુ મુસલમાન માટે એ બિલકુલ યોગ્ય નથી કે તે અલ્લાહ સાથે કોઈ બીજાને ભાગીદાર બનાવીને પોતાની પૂજામાં સામેલ કરે. અમે કહીશું કે જે શાળાઓમાં 'વંદે માતરમ્' ફરજિયાત કરવામાં આવી રહ્યું છે, ત્યાંથી તમામ મુસલમાનો પોતાના બાળકોને કાઢી લે. અમે તેની પરવાનગી આપી શકતા નથી કે તે ઈસ્લામમાં રહીને કોઈ બીજા ખુદાની ઈબાદત કરે. આ નિર્ણયકાયદાનીવિરુદ્ધછે.મારીસરકારને વિનંતી છે કે પોતાનો નિર્ણય પાછો ખેંચે.

# પ્રજાને લગતા અનેક ગંભીર મુદ્દાઓ પર રાજ્યપાલને રજૂઆત કરવા માંગીએ છીએ પરંતુ રાજ્યપાલ સમય નથી આપતા: ઈસુદાન ગઢવી

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, પફ્ન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, ફ્ન્ટલ સંગઠન પ્રદેશ મહામંત્રી સામત ગઢવી, મધ્યઝોન કાર્યકારી પ્રમુખ ડો. જ્વેલ વસરા, પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈ તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટ સહિત પ્રદેશના પદાધિકારીઓ આજે રાજ્યપાલને મળવા પહોંચ્યા હતા. તે પહેલાં પ્રેસ કોન્ફરન્સ દ્વારા મીડિયાને સંબોધિત કરતા AAP નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતુ કે આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય પાર્ટી છે અને પાંચ ધારાસભ્યો સાથે સતત જનતા વચ્ચે રહી લોકોના મુદ્દાઓ ઉઠાવી રહી છે તેમ છતાં રાજ્યપાલને મળવા માટે સમય આપવામાં આવતો નથી. 26-



09-2024ના રોજ રાજકોટ કેમ્પ ઓફિસ ખાતે પ્રથમ પત્ર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ફરીથી રીમાઈન્ડર કરાવવામાં આવ્યું. 25 જુલાઈ 2024ના રોજ ફરીથી યાદ અપાવવામાં આવ્યું, 15 જુલાઈ 2025ના રોજ વિવિધ જાહેર મુદ્દાઓ અંગે રાજ્ય સરકાર પાસે સ્પષ્ટતા માંગતો પત્ર આપવામાં આવ્યો અને ત્યારબાદ ચૈતર વસાવા દ્વારા પણ અલગથી પત્ર લખાયો હતો. છતાં મુલાકાત માટે સમય આપવામાં આવ્યો નહોતો. શું આ ભાજપ -કોંગ્રેસની ગોઠવણ છે? આજે રાજ્યપાલ હાલમાં ઉપલબ્ધ ન હોવા છતાં પાર્ટીએ નક્કી કર્યું છે કે તેઓ સત્તાવાર રીતે અરજીપત્ર સુપરત કરશે. AAP નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું કે ગુજરાતની જનતાના પ્રશ્નો અંગે કોઈ કચાશ રાખવામાં આવશે નહીં અને ખાસ કરીને ખેડૂતો, વંચીતો, ગરીબો, શોષિતો, નાના ઉદ્યોગકારો અને પશુપાલકોના હિત માટે લડત ચાલુ રહેશે.

## નામ "લોક ભવન", પણ માનસિકતા અંગ્રેજો જેવી : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ : આમ આદમી પાર્ટીનું પ્રતિનિધિ મંડળ ટ્રેડ ડીલ મુદ્દે રાજ્યપાલને મળવા માટે પહોંચ્યુ હતું પરંતુ રાજ્યપાલે મળવાનો સમય આપ્યો ન હતો. આ મુદ્દે વાત કરતા આમ આદમી પાર્ટી વિસાવદર ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે આજે ભારત સરકારે અમેરિકા સાથે કરેલી ટ્રેડ ડીલના મુદ્દે ગુજરાતના માનનીય રાજ્યપાલને મળવા માટે આમ આદમી પાર્ટીના પ્રદેશ ડેલિગેશન દ્વારા સમય માંગવામાં આવ્યો હતો, પરંતુ સમય આપવામાં આવ્યો નથી. તેમણે જણાવ્યું કે સરકારે રાજ્યપાલ ભવનનું નામ બદલીને "લોકભવન" રાખ્યું છે, પરંતુ માત્ર નામ બદલવાથી માનસિકતા બદલાતી નથી. જો રાજ્યપાલ ભવન ખરેખર લોકભવન છે, તો લોકોના પ્રતિનિધિઓને રાજ્યપાલને મળવાનો સમય મળવો જોઈએ.આમ આદમી પાર્ટીના ડેલિગેશન દ્વારા એક વખત નહીં, પરંતુ અગાઉ પાંચ વખત અલગ-અલગ મુદ્દાઓ પર રાજ્યપાલશ્રીનો સમય માંગવામાં આવ્યો હતો, છતાં ક્યારેય સમય આપવામાં આવ્યો નથી. ગેમ ઝોન,ખેડૂતોના મુદ્દે, માવઠાના મુદ્દે તેમજ અન્ય જાહેર મુદ્દાઓ પર રજૂઆત કરવા માટે વારંવાર સમય માંગવા છતાં સમય મળ્યો નથી. લોકભવનના પાટીયા બદલાવી જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ માનસિકતા બદલાઈ નથી. અંગ્રેજો જેવી માનસિકતા ધરાવે છે. AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું કે અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલ ગુજરાત અને ભારતના ખેડૂતો, પશુપાલકો તેમજ નાના-મધ્યમ વેપારીઓને ભારે નુકસાન પહોંચાડનાર છે. આ ટ્રેડ ડીલ રદ થાય તેવી રજૂઆત કરવા માટે અમે ગવર્નર હાઉસ, એટલે કે કહેવાતા લોકભવન ખાતે આવ્યા હતા. ટ્રેડ ડીલ મુજબ અમેરિકાથી સસ્તુ દૂધ ભારતમાં આયાત થશે, જેના કારણે દૂધ ઉત્પાદન કરતા ભારતીય ખેડૂતોને મોટો ફટકો પડશે. હાલ દૂધ ઉત્પાદકોને પૂરતો ભાવ મળતો નથી, ખાણદાણ મોંઘા ભાવે મળે છે અને સંઘો દ્વારા યોગ્ય બોનસ આપવામાં આવતું નથી.

# News Brief

## થોરીયાળી ગામે વિકાસનો નવો ધબકાર: રૂ. 109 લાખના ચેકડેમનું ખાતમુહૂર્ત



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિંછીયા તાલુકાના થોરીયાળી ગામે જળ સંરક્ષણને પ્રાથમિકતા આપતા મહત્વપૂર્ણ પ્રોજેક્ટનો પ્રારંભ થયો છે. જસદણ-વિંછીયા વિસ્તારના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે અંદાજિત રૂ. 109 લાખના ખર્ચે નિર્માણ પામનાર નવા ચેકડેમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

આ ચેકડેમ પૂર્ણ થયા બાદ ઉપરવાસમાં આશરે 700 મીટર સુધી પાણીનો સંગ્રહ શક્ય બનશે અને અંદાજે 0.76 MCFT (22 લાખ લિટરથી વધુ) પાણી સંગ્રહિત થશે. 94.53 ચો. કિમી.ના વિશાળ કેચમેન્ટ વિસ્તાર ધરાવતી આ યોજના થોરીયાળી સહિત આસપાસના ગામો માટે જીવદાયી સાબિત થશે.

પ્રોજેક્ટથી આશરે 50 હેક્ટર ખેતીલાયક જમીનને સીધો અને પરોક્ષ રીતે સિંચાઈનો લાભ મળશે. સાથે જ આસપાસના કૂવાઓનું રિચાર્જિંગ, ભૂગર્ભ જળસ્તરમાં વધારો અને ખેડૂતોને વર્ષભર પાણીની સુલભતા મળશે. જળ સંચયની આ પહેલ ખેડૂતો માટે આર્થિક મજબૂતી લાવશે અને ખેતી ઉત્પાદનક્ષમતા તથા આવકમાં નોંધપાત્ર વધારો કરશે.

## ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવના મેળામાં ભાજપા પ્રદેશ અધ્યક્ષની ઉપસ્થિતિ, સંતોના આશીર્વાદ લીધા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મહાશિવરાત્રીના પાવન અવસરે જૂનાગઢની પવિત્ર ગિરનાર તળેટીમાં આયોજિત ભવ્ય Bhavnath Mahadev Melaમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. 13 ફેબ્રુઆરીના જૂનાગઢ પ્રવાસ દરમિયાન તેમણે વિવિધ અખાડાના સંતો-મહંતોની મુલાકાત કરી આશીર્વાદ મેળવ્યા.



ગિરનાર પર્વતની તળેટીમાં 'હર હર મહાદેવ'ના ગુંજતા નાદ વચ્ચે સમગ્ર વિસ્તાર આધ્યાત્મિક ઊર્જાથી ઓતપ્રોત બન્યો હતો. આ પ્રસંગે તેમણે શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ સંચાલિત અન્નક્ષેત્રની મુલાકાત લઈ સ્વયંસેવકો સાથે સેવાકાર્યમાં સહભાગી બની સામાજિક એકતાનો સંદેશ આપ્યો. તેમજ તેમણે મજેવડી સ્થિત Devtankhi Dhamની મુલાકાત લઈ પરમ પૂજ્ય દાદા દેવતણખી અને આઈ શ્રી લિરલબાઈની ચેતન સમાધિના દર્શન કર્યા. આસ્થા, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાના સંગમ સમાન આ ધામે ભક્તિમય વાતાવરણમાં તેમણે દિવ્ય ક્ષણો વિતાવ્યા. જૂનાગઢના આ પાવન અવસર પર તેમની ઉપસ્થિતિએ મેળાની ભવ્યતામાં વધુ ઉમેરો કર્યો.

## વિંછીયાના ગોરૈયા ગામે નવીન પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ — ગ્રામ્ય આરોગ્યસેવામાં મજબૂત પગલું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

જસદણ-વિંછીયા વિસ્તારના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના વરદ હસ્તે આજે વિંછીયા તાલુકાના ગોરૈયા ગામે અંદાજિત રૂ. 37.17 લાખના ખર્ચે નિર્મિત નવીન પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું.

આધુનિક સુવિધાઓથી સજ્જ આ આરોગ્ય કેન્દ્ર શરૂ થતાં ગામજનોને હવે ઘરઆંગણે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. માતા-બાળ આરોગ્ય સેવા, પ્રાથમિક સારવાર, નિયમિત ચેક-અપ સહિતની સુવિધાઓ વધુ સુલભ બનતા ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સુરક્ષા મજબૂત બનશે.

જનહિત માટેનું આ મહત્વપૂર્ણ પગલું વિંછીયા વિસ્તારમાં આરોગ્ય સુવિધાઓને નવી દિશા આપતું સાબિત થશે અને વિસ્તારના સર્વાંગી વિકાસને વધુ ગતિ આપશે.

## સુરત ભાજપાના નવનિયુક્ત હોદ્દેદારો સાથે કેન્દ્રીય મંત્રીની શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી આર પાટીલએ ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગરના નવનિયુક્ત હોદ્દેદારો સાથે શુભેચ્છા મુલાકાત કરી.આ અવસરે મંત્રીશ્રીએ નવા ટીમને સંગઠન મજબૂત બનાવવાના સંકલ્પ સાથે જનસેવામાં સમર્પિત રહેવાની શુભકામનાઓ પાઠવી. મુલાકાત દરમિયાન સંગઠન વિસ્તરણ, વિકાસ કાર્યો અને કાર્યકર્તા સશક્તિકરણ જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ.આ મુલાકાતથી સુરત શહેરમાં ભાજપા સંગઠનને વધુ ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી.

## ગુજરાતને મળી છઠ્ઠી વંદે ભારત એક્સપ્રેસ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભારતીય રેલ્વેએ ગુજરાતમાં આધુનિક રેલ સેવાઓના વિસ્તરણ તરફ વધુ એક મોટું પગલું ભર્યું છે. અસારવા-ઉદયપુર સિટી વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ શરૂ થવા જઈ રહી છે, જે ગુજરાતની છઠ્ઠી વંદે ભારત ટ્રેન હશે.આ ટ્રેન પ્રદેશીય કનેક્ટિવિટી મજબૂત બનાવતા પ્રવાસન અને આર્થિક પ્રવૃત્તિઓને નવી ગતિ આપશે. અદ્યતન સુવિધાઓથી સજ્જ આ ટ્રેનમાં રિક્લાઈનિંગ સીટ, સ્લાઈડિંગ દરવાજા, મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ, બાયો-ટોયલેટ, ઓટોમેટિક ડોર અને CCTV જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

## કેરળ ભાજપાનું પ્રતિનિધિમંડળ 'શ્રી કમલમ'ની મુલાકાતે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેરળ ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ કેસોમનના નેતૃત્વમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજયી બનેલા ૧૧ સભ્યોના પ્રતિનિધિમંડળે ગાંધીનગર-કોબા સ્થિત 'શ્રી કમલમ' ખાતે ગુજરાત ભાજપાના પ્રદેશ કાર્યાલયની સૌજન્ય મુલાકાત લીધી. પ્રતિનિધિમંડળનું સ્વાગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી સહિત પ્રદેશ ભાજપા પરિવારે ઉમ્ભાભેર કર્યું. મુલાકાત દરમિયાન પ્રતિનિધિમંડળે કાર્યાલયના વિવિધ વિભાગોની મુલાકાત લઈ ડિજિટલ વ્યવસ્થાપન, કાર્યશૈલી, સંકલન પદ્ધતિ અને સંગઠનાત્મક ગતિશીલતા અંગે વિગતવાર માહિતી મેળવી.

## ગાંધીનગરમાં ઐતિહાસિક કરાર: રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને C-DOT વચ્ચે MoU

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) અને સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (C-DOT) વચ્ચે ટેલિકોમ સંશોધન અને રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત બનાવવા માટે વ્યૂહાત્મક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર થયા છે.

આ સહયોગ હેઠળ ટેલિકોમ્યુનિકેશન સંશોધન, સાયબર સિક્યુરિટી, ક્વોન્ટમ ટેકનોલોજી અને સુરક્ષિત સંચાર પ્રણાલીઓ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સંયુક્ત સંશોધન અને વિકાસ થશે. ગાંધીનગરના RRU કેમ્પસ ખાતે C-DOT ના CEO ડૉ. રાજકુમાર ઉપાધ્યાય અને RRU ના પ્રો-વાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ.) કલ્પેશ એચ. વાન્દ્રાની હાજરીમાં MoU પર સહી કરવામાં આવી.C-DOT ભારત સરકારનું અગ્રણી ટેલિકોમ R&D કેન્દ્ર છે, જે 5G સ્ટેક અને AI આધારિત સાયબર સિક્યુરિટી પ્લેટફોર્મ 'TriNetra' જેવી ટેકનોલોજી દ્વારા આત્મનિર્ભર ભારતના વિઝનને ગતિ આપી રહ્યું છે.

## SFS જસદણ કેરીયર કોન્ફેરેન્સ-2026માં કુંવરજીભાઈ બાવળીયાનો વિદ્યાર્થીઓ સાથે સંવાદ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

જસદણ તાલુકા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આયોજિત વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી વિશેષ ઉપસ્થિત રહ્યા.મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓ સાથે કારકિર્દી વિષયક ખુલ્લો સંવાદ કરી ઉચ્ચ શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને નવા ઉદ્યોગ ક્ષેત્રોમાં ઉપલબ્ધ તકો અંગે માર્ગદર્શન આપ્યું.આ પ્રસંગે તેમણે યુવાનોને મહેનત, સંકલ્પ અને યોગ્ય દિશામાં પ્રયત્ન દ્વારા પોતાના સપનાઓ સાકાર કરવા પ્રેરણા આપી.

## પાલીતાણામાં 'માતૃભાષા મહોત્સવ-2026'નો રંગારંગ મહિમા: ગુજરાતી ભાષાને અર્પણ વિશેષ કાવ્યસંગીત સંધ્યા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

પાલીતાણા ખાતે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે 'માતૃભાષા મહોત્સવ-2026'નું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમી અને Swami Vivekanand College of Commerce and Artsના સંયુક્ત ઉપક્રમે આગામી 18 ફેબ્રુઆરીએ માતૃભાષા સપ્તાહ અંતર્ગત આ વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે. 'મળી માતૃભાષા મને ગુજરાતી' વિષય હેઠળ આયોજિત આ મહોત્સવમાં માતૃભાષા ગુજરાતીનું મહિમાગાન કરતું કાવ્યસંગીત કાર્યક્રમ વિશેષ આકર્ષણ બનશે.

મુખ્ય અતિથિ તરીકે મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ધર્મિષ્ઠા ત્રિવેદી ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવ આપશે.

કાર્યક્રમમાં જાણીતા ગાયક ધ્રુવ સોની તેમજ સંગીતકાર નીતિન ધીમેજાણી અને હરેકૃષ્ણ દેવમુરારી પોતાની કલાની રજૂઆત કરશે, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિજય પંડ્યા સંભાળશે. મહોત્સવને સફળ બનાવવા ઈનચાર્જ આચાર્ય ભાવેશ કળોતરા અને મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવે જનતાને હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

પાલીતાણામાં ગુજરાતી ભાષા પ્રત્યેનો ગૌરવ અને લાગણીનો આ અનોખો મહિમા શહેરને સાહિત્યિક રંગે રંગી દેશે.

## હજારો લોકોએ માતા-પિતા અને ગુરુ પૂજા કાર્યક્રમમાં હાજરી આપી હતી

અમદાવાદ | બાળકોમાં માતા-પિતા પ્રત્યે આદરના શ્રેષ્ઠ મૂલ્યો કેળવવા, તેમના માતા-પિતાના અનુભવ અને આશીર્વાદનો ઉપયોગ કરીને તેમને સમૃદ્ધ જીવન જીવવા માટે પ્રેરણા આપવા અને 14 ફેબ્રુઆરીને સાચા પ્રેમના દિવસ તરીકે ઉજવવા માટે, શ્રી યોગ વેદાંત સેવા સમિતિ, પૂજ્ય સંત શ્રી આસારામજી બાપુની પવિત્ર પ્રેરણા હેઠળ, છેલ્લા 20 વર્ષથી ભારત અને વિદેશમાં 'માતા-પિતા પૂજા કાર્યક્રમો'નું આયોજન કરી રહી છે.આ ક્રમમાં, અમદાવાદના મોટેરા સ્થિત સંત શ્રી આસારામજી આશ્રમમાં 'માતા-પિતા પૂજા કાર્યક્રમ' ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. શ્રી યોગ વેદાંત સેવા સમિતિના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'કાર્યક્રમની શરૂઆત દીવા પ્રગટાવવા,





વૈદિક મંત્રોના જાપ, ગણેશ વંદના અને ગુરુ પ્રાર્થનાથી થઈ હતી.' મુખ્ય મહેમાનોમાં વિશ્વ હિન્દુ પરિષદના ઉત્તર ગુજરાત પ્રાંતના ઉપાધ્યક્ષ શ્રી કેતનભાઈ શાહ અને અન્ય અધિકારીઓ તેમજ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગના અધિકારી ડૉ. અવનિબા મોરીનો સમાવેશ થતો હતો. બાળકોને પુરસ્કારો આપવામાં આવ્યા. ત્યારબાદ તેમના માતાપિતા અને શિક્ષકોની પૂજા શરૂ થઈ. બાળકોએ તેમના માતાપિતાને આસન પર બેસાડ્યા, તિલક (કપાળનું નિશાન) લગાવ્યું, તેમને ફૂલોથી માળા પહેરાવી, તેમની પરિક્રમા કરી અને વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજા કરી. આ જોઈને, માતાપિતાની આંખો છલકાઈ ગઈ, અને તેમણે બાળકોને ભેટીને આશીર્વાદ આપ્યા.

## ગાંધીનગરના દંપતીને આંતરરાષ્ટ્રીય ગૌરવ: World Book of Records London દ્વારા ભવ્ય સન્માન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગરના જાણીતા એડવોકેટ ડૉ. અશ્વિન ત્રિવેદી અને વર્ષા ત્રિવેદીને આંતરરાષ્ટ્રીય મંચ પર ગૌરવપૂર્ણ માન્યતા મળી છે. World Book of Records London દ્વારા સંસ્થાના દસમા સ્થાપના દિવસ નિમિત્તે ઈન્દોર સ્થિત The Park Hotel ખાતે યોજાયેલા ભવ્ય એવોર્ડ સમારોહમાં બંનેને સન્માનિત કરવામાં આવ્યા.આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વિલિયમ ચેઝલર અને પૂનમ ચેઝલર તેમજ બ્રિટનમાં લેબર પાર્ટીમાંથી પાંચ વખત સાંસદ રહી ચૂકેલા Virendra Sharmaના હસ્તે રેકોર્ડ હોલ્ડર્સ અને સમાજસેવકોને એવોર્ડ અર્પણ કરાયા.ડૉ. અશ્વિન ત્રિવેદીને સમાજસેવામાં નોંધપાત્ર યોગદાન બદલ વિશેષ સન્માન અપાયું, જ્યારે વર્ષા ત્રિવેદીને ગુજરાતનું સૌથી વિશાળ મીડિયા હાઉસ ગણાતું V18 ન્યૂઝ ચેનલ સ્થાપી પ્રજાના પ્રશ્નોને વાચા આપી અને સરકાર સાથે સંકલન દ્વારા ઉકેલ લાવવા માટેની કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા.કાર્યક્રમમાં સંસ્થાના સીઈઓ સંતોષ શુક્લા, સુચિતા શુક્લા તેમજ દેશભરના પ્રતિનિધિઓ, રાજકીય આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

### શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાને હ્રદયમાં બ્લોકેજ... માઈનોર બ્લોકેજ ને સ્ટેન્ટ નખાવ્યું

# અમદાવાદની યુ. એન. મહેતા હોસ્પિટલમાં સ્ટેન્ટ મુકાયું, ડોક્ટરે પાંચ દિવસ આરામની સલાહ આપી

અમદાવાદ | રાજ્યના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાને હ્રદયમાં બ્લોકેજ હોવાનું સામે આવ્યું છે. ત્યારબાદ તાત્કાલિક અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા તેમની સફળતાપૂર્વક સર્જરી કરીને હ્રદયમાં સ્ટેન્ટ મૂકવામાં આવ્યું છે. હાલ તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ તકેદારીના ભાગરૂપે ડોક્ટરોએ તેમને આગામી પાંચ દિવસ સુધી સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી છે.

શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા પોતે એક ડોક્ટર હોવાથી અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત હોવાથી તેઓના સમયપત્રક મુજબ રૂટિન ચેકઅપ માટે ડોક્ટરની પૂર્વ એપોઈન્ટમેન્ટ લઈને જ હોસ્પિટલમાં ગયેલા હતા. આ દરમિયાન હદયમાં ડૉક્ટરને માઈનોર બ્લોકેજ જણાઈ આવ્યું હતું. આ પ્રકારના કિસ્સાઓમાં સામાન્ય રીતે ડોક્ટર એન્જીઓગ્રાફી દરમિયાન જ સ્ટેન્ટ નખાવા માટેની સલાહ આપતા હોય છે. આ સલાહ મુજબ શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાને યોગ્ય લાગતા તુરંત નિર્ણય લઈને ડોક્ટરે એક નાનકડું સ્ટેન્ટ પ્રદ્યુમન વાજાને નખાવ્યું હતું.

સાહેબની તબિયત આ પ્રક્રિયા પહેલા પણ એકદમ સરસ હતી. મુખ્યમંત્રીની સાથે તેઓ અમદાવાદ નગર શિક્ષણ સમિતિના કાર્યક્રમમાં સુંદર મજાનું પ્રેરણાત્મક વક્તવ્ય પણ આપેલ હતું.વધુમાં, સ્ટેન્ટ નખાવ્યા પછી પણ પાંચ જ મિનિટ બાદ તેઓ એકદમ સ્વસ્થ હાલતમાં જોવા મળ્યાં છે. ડોક્ટરે પાંચ દિવસ સંપૂર્ણ આરામની સલાહ આપેલ છે જેને ધ્યાનમાં લઈને મંત્રી હાલ સંપૂર્ણ આરામ ફરમાવે છે. મંત્રીએ તેમના આ સમયમાં શુભેચ્છા તેમજ પ્રાર્થનાઓનો સ્વીકાર કરી સર્વેનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો છે.

શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા સાંજે 5.30 વાગ્યા સુધી અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્કૂલ બોર્ડનું ભવન સ્માર્ટ સ્કૂલોનું લોકાર્પણ અને શ્રેષ્ઠ શિક્ષકોના એવોર્ડ વિતરણ કાર્યક્રમમાં મુખ્યમંત્રીની સાથે હાજર હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તેમને દુ:ખાવો ઉપડતા તબિયત થોડી બગડી હતી.

જેથી તેઓને અસારવા ખાતે આવેલી યુ.એન મહેતા હોસ્પિટલમાં ખાતે લઈ જવામાં આવ્યા હતા. તેમનું ચેકઅપ કરવામાં આવ્યું હતું.

# ભાદર નદી પ્રદૂષણ મામલે AAPનું આક્રમક વલણ, 'ભાદર બચાવો' અભિયાન તેજ

### AAP નેતા ધાર્મિક માથુકિયાની આગેવાનીમાં લુણાગરી, લુણાગરા અને કેરાળી ગામોમાં 'ભાદર બચાવો' સભાઓ યોજાઈ

### AAP નેતા મહેશ કોટડીયાનો અનશન પાંચમા દિવસે, કેમિકલ છોડતા ઉદ્યોગો સામે કાર્યવાહીની માંગ

### પાક નુકસાન પામેલા ખેડૂતોને વળતર અને શુદ્ધ પાણીની તાત્કાલિક માંગ કરતું ધાર્મિક માથુકિયા AAP

### પર્યાવરણ અને ખેડૂતોના હિત માટે લડત ચાલુ રહેશે : ધાર્મિક માથુકિયા AAP





અમદાવાદ | ભાદર નદીમાં વધતા કેમિકલ પ્રદૂષણ સામે આમ આદમી પાર્ટી દ્વારા "ભાદર બચાવો" અભિયાન તેજ કરવામાં આવ્યું છે. કેમિકલ પ્રદૂષણ મામલે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે આમ આદમી પાર્ટીના નેતા મહેશ કોટડીયા છેલ્લા પાંચ દિવસથી અડીખમ ઉપવાસ પર બેઠા છે. તેમના આંદોલનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. ભાદર નદીના કાંઠા વિસ્તારના પ્રદૂષણથી અસરગ્રસ્ત ગામોમાં પક્ષના નેતા ધાર્મિક માથુકિયાની આગેવાનીમાં ડોર-ટુ-ડોર સંપર્ક અભિયાન અને જનસભાઓ યોજાઈ રહી છે. આજે લુણાગરી, લુણાગરા અને કેરાળી ગામોમાં "ભાદર બચાવો" સભાઓ યોજાઈ હતી, જેમાં સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી પોતાની વ્યથા વ્યક્ત કરી હતી.AAP નેતા ધાર્મિક માથુકિયાએ આ મુદ્દે જણાવ્યું હતું કે જેતપુરના સાડી ઉદ્યોગોમાંથી છોડાતા કેમિકલયુક્ત પાણીના કારણે ભાદર નદી ગંભીર રીતે પ્રદૂષિત બની રહી છે. તેના પરિણામે જેતપુર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને ભારે પાક નુકસાન ભોગવવું પડી રહ્યું છે. ઉપરાંત, પીવાના પાણીમાં કેમિકલ મિશ્રણ થવાથી લોકોના આરોગ્ય પર ગંભીર અસર થતી હોવાની ફરિયાદો સામે આવી રહી છે. આ મુદ્દે અગાઉથી રજૂઆતો છતાં યોગ્ય કાર્યવાહી ન થતાં, જેતપુર તાલુકા પ્રમુખ દિલીપભાઈ ભુવા દ્વારા મુદ્દાને ઉજાગર કરી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો.

## ખેડૂતોના આંદોલનને તોડવા રાજુ કરપડાને હાથો બનાવીને ભાજપે જે ષડયંત્ર રચ્યું એના AUDIO પુરાવા ગુજરાતની જનતા સમક્ષ આજે અમે રજૂ કર્યા: ડો. કરન બારોટ

અમદાવાદ | આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ કાર્યાલય ખાતે આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ કરન બારોટ, પાટણના કિસાન સેલના જિલ્લા પ્રમુખ વિપુલભાઈ ઠાકોર અને AAP નેતા સ્વયંભાઈ સાલવીએ મહત્વપૂર્ણ મુદ્દે પત્રકાર પરિષદ યોજી હતી અને કઈ રીતે ભાજપે રાજુ કરપડાને હાથો બનાવીને ખેડૂતોના આંદોલનને કચડવાનું ષડયંત્ર રચ્યું એના પુરાવા વિપુલભાઈ ઠાકોર દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ પત્રકાર પરિષદમાં AAP નેતા ડો. કરન બારોટે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટી અને ખેડૂતોએ સાથે મળીને જબરદસ્ત આંદોલન શરૂ કર્યું હતું અને ત્યારબાદ ભાજપ ખૂબ જ મુશ્કેલીમાં મુકાયું હતું. ત્યારબાદ આ ખેડૂતોના આંદોલનને તોડવા માટે ભાજપે રાજુ કરપડાને હાથો બનાવ્યો અને જે ષડયંત્ર રચ્યું એના પુરાવા આજે અમે ગુજરાતની જનતા સમક્ષ રજુ કરવા જઈ રહ્યા છીએ. આમ આદમી પાર્ટીના નેતાઓને તથા ખેડૂતોને બદનામ કરવા માટે જે ષડયંત્ર રચાયું હતું તે મુદ્દે આમ આદમી પાર્ટીના નેતા વિપુલ ઠાકોર આજે ઓડિયો રેકોર્ડિંગ રજૂ કરવા જઈ રહ્યા છે અને આ ઓડિયો રેકોર્ડિંગમાં તમામ વસ્તુઓ સ્પષ્ટ થઈ જાય છે કે આંદોલનને તોડવા માટે કઈ રીતે ષડયંત્ર કરવામાં આવ્યું.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના પાટણના કિસાન સેલના જિલ્લા પ્રમુખ વિપુલભાઈ ઠાકોરે મીડિયા સમક્ષ ખુલાસો કરતા જણાવ્યું હતું કે, રાજુભાઈ કરપડાના જુના કેસો હતા એની ધમકીઓ આપીને ભાજપે રાજુભાઈ કરપડાને ભાજપમાં જોડવાનું નક્કી કર્યું છે. આ મુદ્દે હું ઓડિયો રેકોર્ડિંગ સાથેના પુરાવા આપવા જઈ રહ્યો છું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### પાંચ હજાર પોલીસ જવાનો તૈનાત, શહેર આખું છાવણીમાં ફેરવાયું

# વડોદરામાં રવિવારે સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત

(એજન્સી) વડોદરા । તા. 14

સંસ્કારી નગરી વડોદરામાં આવતીકાલે રવિવારના રોજ મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે 'શિવજી કી સવારી' સહિત ૨૩ જેટલા મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર અવસરની સાથે જ રવિવારે ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી હાઈવોલ્ટેજ ક્રિકેટ મેચ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના પ્રવાસને ધ્યાનમાં રાખીને વડોદરા પોલીસ કમિશનરે સુરક્ષાનો અભૂતપૂર્વ બંદોબસ્ત ગોઠવ્યો છે. સમગ્ર શહેરમાં આશરે ૫,૦૦૦ જેટલા પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.



### શિવજી કી સવારી અને સંવેદનશીલ વિસ્તારો પર નજર

તા. ૧૫મી ફેબ્રુઆરીએ બપોરે ૨:૩૦ વાગ્યે રણમુક્તેશ્વર પ્રતાપ નગર ખાતેથી ભવ્ય 'શિવજી કી સવારી' પ્રસ્થાન કરશે. આ સવારી ચાર દરવાજા અને ન્યાય મંદિર જેવા ઐતિહાસિક અને સંવેદનશીલ વિસ્તારોમાંથી પસાર થઈને રાત્રે ૧૦:૩૦ વાગ્યે કૈલાશપુરી પહોંચશે. હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ સવારીમાં જોડાતા હોવાથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓએ અર્ધલશ્કરી દળો, સ્થાનિક પોલીસ, ટ્રાફિક પોલીસ અને મહિલા પોલીસને સુરક્ષાની જવાબદારી સોંપી છે.

### અમિત શાહની મુલાકાત અને વીઆઈપી સુરક્ષા

ગૃહ મંત્રી અમિત શાહના વિવિધ કાર્યક્રમો અને તેમની હાજરીને પગલે સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDS) અને ડોગ સ્ક્વોડ દ્વારા શહેરના મુખ્ય માર્ગો, સભાસ્થળો અને રેલવે સ્ટેશન તેમજ બસ ડેપો પર રાઉન્ડ ધ ક્લોક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. વીઆઈપી સુરક્ષા પ્રોટોકોલ મુજબ વિવિધ સ્થળોએ પોલીસ ચોકીઓ ઊભી કરવામાં આવી છે અને શંકાસ્પદ હિલચાલ પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

### ટ્રાફિક ડાયવર્ઝન અને નાગરિકોને અપીલ

શિવજી કી સવારીના રૂટ પર આવતા તમામ રસ્તાઓ પર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે. પોલીસ કમિશનર દ્વારા સીટી વિસ્તારના રહીશો અને બહારથી આવતા લોકોને અપીલ કરવામાં આવી છે કે, ખૂબ જ જરૂરી કામ હોય તો જ સવારીના સમય દરમિયાન સીટી વિસ્તારમાં પ્રવેશ કરવો. ટ્રાફિક જામની સ્થિતિ નિવારવા માટે વધારાના ટ્રાફિક વોર્ડન અને ક્રેઈન્સની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસ તંત્ર દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી પણ લોકોને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

### ભારત-પાક મેચ અને સાવચેતીના પગલાં

રવિવારે રમાનારી ભારત-પાકિસ્તાન મેચને લઈને ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ છે. મેચના પરિણામ બાદ વિજય સરઘસ કે ઉજવણી દરમિયાન કોઈ અફવા ન ફેલાય તે માટે પોલીસ દ્વારા સાયબર સેલને પણ સક્રિય કરવામાં આવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, સંવેદનશીલ પોઈન્ટ્સ પર સીસીટીવી કેમેરા અને ડ્રોન દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવશે. વડોદરા પોલીસે તમામ નાગરિકોને મહાશિવરાત્રીની શુભકામનાઓ પાઠવતા શાંતિ અને ભાઈચારો જાળવી રાખવા અનુરોધ કર્યો છે.

## સાયબર ફ્રોડનું મસમોટું કૌભાંડ રાજકોટ-ગોંડલની ટોળકીએ આચર્યું

(એજન્સી) રાજકોટ । તા. 14

દેશભરમાં આચરવામાં આવતા સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવા માટે રાજકોટ અને ગોંડલના શખ્સોએ આંતરરાજ્ય ગેંગ સાથે મળીને આશરે ૩૮૦ કરોડ રૂપિયાના માતબર ટ્રાન્ઝેક્શન કર્યા હોવાનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે. રાજકોટ રૂરલ સાયબર ક્રાઈમ પોલીસે 'ઓપરેશન મ્યુલ હન્ટ' અંતર્ગત આ મસમોટા કૌભાંડનો પર્દાફાશ કરીને ૬ આરોપીઓની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આ ખાતાઓમાં જમા થયેલા નાણાં પૈકી ૧૬.૫૦ કરોડ રૂપિયા સીધા સાયબર ફ્રોડના હોવાનું સ્પષ્ટ થયું છે. એપીએમસી પેઢીઓના ખાતાનો દુરુપયોગ તપાસનીશ પીઆઈ આર. જે. ગોધમ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં બહાર આવ્યું છે કે, ગોંડલ એપીએમસીમાં આવેલી જ્યોત ટ્રેડિંગ અને સોમ કંપનીના માલિક જય મનસુખભાઈ નાદપરાના ખાતામાં ૧૯૫ કરોડના વ્યવહારો થયા છે. તે જ રીતે, મનીષ છગનભાઈ કમાણીની અલ્ટ્રા સ્પાઈસ નામની પેઢીમાં ૧૫૦ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન જોવા મળ્યા છે. ટેક્સથી બચવા માટે આરોપીઓ એપીએમસી લાયસન્સવાળા ખાતાનો ઉપયોગ કરતા હતા જેથી મોટી રકમ જમા થાય તો પણ શંકા ન જાય. કમિશનની લાલચ અને મ્યુલ એકાઉન્ટ સાયબર પોલીસના સૂત્રો મુજબ, પકડાયેલા ૬ આરોપીઓએ પોતાના બેંક ખાતા સાયબર ઠગોને ભાડે આપ્યા હતા.

## News Brief

### એટીએમ કાર્ડમાંથી રૂપિયા ઉપાડ્યા ગઠિયાએ ખિસ્સું કાપ્યું



વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં ગઠિયાઓનો આતંક સતત વધી રહ્યો છે. હરણી રોડ વિસ્તારમાં રહેતા એક સિનિયર સિટીઝનનું પાકીટ બસમાં મુસાફરી દરમિયાન ચોરી કરી, ગઠિયાએ તેમના એટીએમ કાર્ડનો ઉપયોગ કરીને બેંક ખાતામાંથી હજારો રૂપિયા ઉપાડી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે ભોગ બનનાર વૃદ્ધે હરણી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. બસમાં ચડતી વખતે પાકીટ પર હાથફેરો હરણી રોડ પર સુગમ પાર્ક પાસે રહેતા અને નિવૃત્ત જીવન જીવતા દિનેશભાઈ પટેલ ગત ૧૧ ફેબ્રુઆરીના રોજ લુણાવાડા જવા માટે ઘરેથી નીકળ્યા હતા. બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ તેઓ હરણી રોડ પરથી લુણાવાડા જતી બસમાં સવાર થયા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, બસમાં ચડતી વખતે અથવા મુસાફરી દરમિયાન કોઈ અજાણ્યા ગઠિયાએ નજર ચૂકવીને તેમની પાસેથી પાકીટની ચોરી કરી લીધી હતી.

### વડોદરામાં રફતારનો કહેર બેફામ થારચાલકે યુવકને કચડ્યો




વડોદરા | સંસ્કારી નગરી વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં ગત મોડી રાત્રે લોહીયાળ અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના પોશ ગણાતા અક્ષર ચોકથી સન ફાર્મા રોડ પર એક મહિલા ચાલકે પોતાની લક્ઝુરિયસ થાર ગાડી પૂરપાટ ઝડપે હંકારીને એક નિર્દોષ યુવકને મોતને ઘાટ ઉતારી દીધો છે. આ ભીષણ ટક્કરમાં યુવક હવામાં ફંગોળાયો હતો અને ગંભીર ઈજાઓ થવાને કારણે તેણે સ્થળ પર જ દમ તોડ્યો હતો. મોતની રફતાર અને કાબૂ ગુમાવતી થાર સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ગત રાત્રે અભિષેક મોરે નામનો યુવક અક્ષર ચોક વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન ઋષિકાબેન સરનાની નામની મહિલા પોતાની થાર ગાડી લઈને બેફામ ગતિએ ધસી આવી હતી. રસ્તા પર વાહન પરનો કાબૂ ગુમાવતા મહિલાએ અભિષેકને જોરદાર અડફેટે લીધો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે યુવકને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી.

### સમા પોલીસે 10 વાહનો કબજે કરી રીઢા વાહનચોરની કરી ધરપકડ




વડોદરા | શહેરના હાઈવે અને અવાવરુ સ્થળોએ વાહન પાર્ક કરીને નોકરી પર જતા મધ્યમવર્ગીય નાગરિકોના ટુવ્હીલરોની ચોરી કરતા એક રીઢા તસ્કરને વડોદરાની સમા પોલીસે દબોચી લીધો છે. પોલીસે આરોપી પાસેથી ચોરીના કુલ ૧૦ વાહનો કબજે કરીને આંતરજિલ્લા વાહનચોરીના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પકડાયેલો શખ્સ ચોરીના વાહનો વેચવા કે ગીરવી મૂકવાની ફિરાકમાં હતો ત્યારે જ પોલીસની જાળમાં ફસાઈ ગયો હતો. સમા કેનાલ પાસે વોચ ગોઠવી આરોપીને દબોચ્યો સમા પોલીસ મથકના પીઆઈ બી.બી. કોડિયાતરને ચોક્કસ બાતમી મળી હતી કે સમા કેનાલ પાસે આવેલા શ્યામ વિહાર ફ્લેટ્સ નજીક એક શખ્સ ચોરીની બાઈક વેચવા માટે શંકાસ્પદ હાલતમાં ફરી રહ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, પોલીસે તુરંત ટીમ બનાવી વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન રમેશ ઉર્ફે ગણપત ઉર્ફે લાલો ભાટીયા નામનો શખ્સ ડાકોરમાંથી ચોરેલી બાઈક સાથે ઝડપાઈ ગયો હતો.

## મહેસાણા-જગુદણ સેક્શનમાં એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

पश्चिम रेलवे
Western Railway

અમદાવાદ : પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના મહેસાણા-જગુદણ સ્ટેશનો વચ્ચે બ્રિજ નં. 974 અને 975 ના પુનર્નિર્માણ સંબંધિત એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. પૂર્ણ રદ ટ્રેન : તા. 17.02.2026 ની ટ્રેન સંખ્યા 79435/79436 સાબરમતી-પાટણ-સાબરમતી ડેમૂ રદ રહેશે.માર્ગ પરિવર્તિત ટ્રેનો : 1. તા. 16.02.2026ની 19032 યોગનગરી ઋષિકેશ સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા - આંબલિયાસણ - કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા - કટોસણ રોડ - કલોલના રસ્તે ચાલશે. 2. તા. 16.02.2026ની 19412 દૌલતપુર ચોક - સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા - આંબલિયાસણ - કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા - કટોસણ રોડ - કલોલના રસ્તે ચાલશે.રેલ મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે. મુસાફરો ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in પર માહિતી મેળવી શકે છે.

### મકરપુરા, જેતલપુર અને ફતેગંજમાં આગ લાગતા લાખોનું નુકસાન

## વડોદરામાં આગના 3 બનાવ મકરપુરા જીઆઈડીસીમાં ગોડાઉન ખાખ

(એજન્સી) વડોદરા । તા. 14

સંસ્કારી નગરી વડોદરામાં આજે એક જ દિવસમાં આગના ત્રણ અલગ-અલગ બનાવો બનતા ફાયર બ્રિગેડના જવાનોને ભારે દોડધામ કરવી પડી હતી. મકરપુરા જીઆઈડીસી, જેતલપુર રોડ અને ફતેગંજ વિસ્તારમાં લાગેલી આ આગમાં સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ માલસામાનને મોટાપાયે નુકસાન પહોંચ્યું છે.



મકરપુરામાં સ્ક્રેપના ગોડાઉનમાં ભીષણ આગ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, મકરપુરા જીઆઈડીસીમાં વીસીસીઆઈની ઓફિસ પાસે આવેલા એક સ્ક્રેપના ગોડાઉનમાં બપોરે ૧૨ વાગ્યાની આસપાસ અચાનક આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે આખું આકાશ ધુમાડાના ગોટેગોટાથી ભરાઈ ગયું હતું. ત્રણ ફાયર ફાઈટરની મદદથી અંદાજે ત્રણ કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો હતો. જેતલપુરમાં ઓફિસની ફાયર સિસ્ટમ નિષ્ફળ બીજો બનાવ જેતલપુર રોડ પર ઈન્ડિયા બુલ્સ બિલ્ડિંગના બીજા માળે આવેલી 'બ્લ્યુ બોક્સ ઈન્ડિયા' નામની ઓફિસમાં બન્યો હતો. સવારે શોર્ટસર્કિટના કારણે લાગેલી આગ વખતે બિલ્ડિંગની પોતાની ફાયર સિસ્ટમ કાર્યરત ન હોવાનું સામે આવ્યું હતું. ફાયર બ્રિગેડની ટીમે સમયસર પહોંચીને આગને વધુ ફેલાતી અટકાવી હતી.

## પોલીસમેન સાથે લુખ્ખાની ઝપાઝપી રાજકોટ રેલવે સ્ટેશન પર મચી અફરાતફરી

રાજકોટ | રંગીલા રાજકોટમાં અસામાજિક તત્વોને હવે કાયદા કે પોલીસનો કોઈ ડર રહ્યો ન હોય તેવી પ્રતીતિ કરાવતી ઘટના રાજકોટ રેલવે સ્ટેશન પર સામે આવી છે. રેલવે સ્ટેશન પર સર્વેલન્સ ડ્યુટી બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ સાથે એક શખ્સે સરાજાહેર ઝપાઝપી કરી, અપશબ્દો બોલી ધમકી આપતા ચકચાર મચી ગઈ છે. રેલવે પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું છે. શંકાસ્પદ હાલતમાં પૂછપરછ કરતા મામલો બિચક્યો રેલવે પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ ફતેસિંહ શિવરાત્રીના તહેવારને અનુલક્ષીને સ્ટેશન પર સર્વેલન્સ ડ્યુટીમાં હતા. રાત્રે પોણા આઠ વાગ્યાની આસપાસ અનાજ ગોડાઉન પાસે એક શખ્સ શંકાસ્પદ જણાતા યોગીરાજસિંહે તેને પૂછ્યું હતું કે, "તમારે ટ્રેનમાં મુસાફરી કરવાની છે?" આટલું પૂછતા જ આરીફ ઉર્ફે માલીશ બસીરભાઈ બ્લોચ નામનો શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો.

### રાજકોટમાં અખિલ ભારતીય સંસ્કૃત સમારોહનો પ્રારંભ રાજ્યપાલની પ્રેરક ઉપસ્થિતિ

## સ્વામી દયાનંદે કુરિવાજો દૂર કરી વેદોનાં માધ્યમથી ઉન્નતિનો માર્ગ દર્શાવ્યો



(એજન્સી) રાજકોટ । તા. 14

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંગણે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના સહયોગથી 'રાષ્ટ્રનિર્માણના પુરોધા: મહર્ષિ દયાનંદ સરસ્વતી' વિષયક બે દિવસીય અખિલ ભારતીય સંસ્કૃત સમારોહનો ભવ્ય પ્રારંભ થયો હતો. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રેરક ઉદ્બોધન આપતા જણાવ્યું હતું કે, સ્વામી દયાનંદ સરસ્વતીએ સમાજમાં વ્યાપેલી અંધશ્રદ્ધા અને કુરિવાજો સામે શંખનાદ કરી વેદોના માધ્યમથી પ્રગતિનો સાચો માર્ગ દર્શાવ્યો હતો. રાષ્ટ્રીય ચેતના અને સ્વરાજ્યના પ્રણેતા રાજ્યપાલે સ્વામીજીના જીવનના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડતા કહ્યું કે, ટંકારાની ધરતી પર જન્મેલા મહર્ષિ દયાનંદ આધુનિક ભારતના મહાન શિક્ષણવિદ અને રાષ્ટ્રચિંતક હતા. તેમણે ૧૮૭૫માં મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી વૈદિક સંસ્કૃતિને પ્રતિષ્ઠિત કરી હતી. ૧૮૭૬માં સર્વપ્રથમ તેમણે જ 'સ્વરાજ્ય એ જન્મસિદ્ધ અધિકાર છે' તેમ જણાવી આઝાદીની લડતની પાયાની ચેતના જગાવી હતી.

## વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો ટેમ્પામાં બનાવેલું ચોરખાનું ખુલ્લું

સાવલી | ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બુટલેગરો નવી નવી તરકીબો અજમાવી રહ્યા છે. મધ્યપ્રદેશથી વિદેશી દારૂનો જથ્થો ટેમ્પામાં ગુપ્ત ખાનું બનાવી સાવલી તરફ લઈ જવામાં આવતો હોવાના મનસૂબા પર જિલ્લા LCB એ પાણી ફેરવી દીધું છે. પોલીસે લામડાપુરા કેનાલ પાસે વોચ ગોઠવીને લાખોની કિંમતના દારૂ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. નંબર પ્લેટ વગરના ટેમ્પામાં ગુપ્ત વ્યવસ્થા જિલ્લા એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે એક નંબર પ્લેટ વગરના ટેમ્પામાં ચોરખાનું બનાવી વિદેશી દારૂનો જથ્થો દુમાડ ગામથી નમીસરા ગામ તરફ લઈ જવામાં આવી રહ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, પોલીસે તુરંત કાર્યવાહી કરતા લામડાપુરા કેનાલ પાસે નાકાબંધી કરી હતી. ટેમ્પાની તલાશી લેતા પાછળની બોડી નીચે બનાવેલા વિશેષ ચોરખાનામાંથી વિદેશી દારૂની ૧૨૪ બોટલો મળી આવી હતી.

### નવનિર્મિત રુંગટા ઓસ્ટ્રિયામાં આગથી અફરાતફરીની સ્થિતિ

## ડાયમંડ સિટી સુરતમાં ભીષણ આગ સિટી લાઈટની બિલ્ડિંગમાં જ્વાળાઓ ઉઠી

(એજન્સી) સુરત । તા. 14

ડાયમંડ સિટી સુરતમાં આગની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. શહેરના પોશ ગણાતા સિટી લાઈટ વિસ્તારમાં શનિવારે એક નવનિર્મિત બિલ્ડિંગમાં ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. સિટી લાઈટ સ્થિત 'રુંગટા ઓસ્ટ્રિયા' નામની ઈમારતના પાછળના ભાગમાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આસપાસના રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. કચરામાંથી લાગેલી આગ અનેક માળ સુધી પ્રસરી



સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ ભીષણ આગની શરૂઆત કોમ્પ્લેક્સની પાછળના ભાગમાં પડેલા કચરાના ઢગલામાંથી થઈ હોવાનું મનાય છે. શરૂઆતમાં નીચેના માળે લાગેલી આ આગ પવનના કારણે એટલી ઝડપથી ફેલાઈ કે ઈમારતના ઉપરના અનેક માળ તેની લપેટમાં આવી ગયા હતા. આગને કારણે નીકળેલા કાળા ધૂમાડાના ગોટેગોટા કિલોમીટરો દૂરથી જોઈ શકાતા હતા, જે ઘટનાની ગંભીરતા દર્શાવે છે. ફાયર બ્રિગેડની પાંચ ગાડીઓ મેદાને ઘટનાની જાણ થતા જ સુરત ફાયર બ્રિગેડની પાંચ જેટલી ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે ધસી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવીને આગને કાબૂમાં લેવા ભારે મથામણ કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, સદનસીબે આ બિલ્ડિંગ નવનિર્મિત હોવાથી જાનહાનિના કોઈ સમાચાર નથી, પરંતુ મિલકતને મોટાપાયે નુકસાન થયું હોવાની આશંકા છે. સુરક્ષાના સાધનો સામે સવાલ વારંવાર બનતી આગની ઘટનાઓએ સુરતના બહુમાળી ભવનોમાં ફાયર સેફ્ટીના સાધનોની સજ્જતા સામે સવાલો ઊભા કર્યા છે.

### દરોડા | બે દરોડામાં 12 લાખનો મુદ્દામાલ, નવ આરોપીઓની ધરપકડ કરાઈ

## વડોદરામાં કપુરાઈ પોલીસનો સપાટો દારૂનો મોટો જથ્થો જપ્ત

(એજન્સી) વડોદરા । તા. 14

સંસ્કારી નગરીમાં ગેરકાયદેસર નશીલા પદાર્થોની હેરાફેરી સામે કપુરાઈ પોલીસ સ્ટેશનની ટીમે લાલ આંખ કરી છે. બાતમીના આધારે શહેરના બે અલગ-અલગ વિસ્તારોમાં પાડવામાં આવેલા દરોડામાં પોલીસે કુલ રૂ. ૧૧.૯૭ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન કુલ ૯ આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે, જ્યારે પોલીસને થાપ આપીને ફરાર થઈ ગયેલા અન્ય ત્રણ શખ્સોની શોધખોળ માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

કપુરાઈ પોલીસને સચોટ બાતમી મળી હતી કે સયાજીપુરા એ.પી.એમ.સી. ફ્રૂટ માર્કેટ પાસે દારૂનું મોટું કટિંગ થવાનું છે. આ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવીને રેડ કરી હતી. તપાસ દરમિયાન એક પીકઅપ ગાડી અને કારમાંથી વિદેશી દારૂની કુલ ૯૮૨ બોટલો મળી આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, કબજે કરાયેલા દારૂની કિંમત રૂ. ૬,૪૯,૦૦૦ આંકવામાં આવી છે. પોલીસે દારૂના જથ્થા સાથે



બે મોબાઈલ અને બે વાહનો મળી કુલ રૂ. ૧૧,૦૪,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ કેસમાં જગદિશસિંહ ચૌહાણ, મોહિન પઠાણ અને મિતકુમાર પટેલ નામના આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ઉર્વેશખાન પઠાણ સહિત અન્ય ત્રણ બુટલેગરો ફરાર થઈ ગયા છે.

બીજી મહત્વની કાર્યવાહી કપુરાઈ ચોકડી પાસે કરવામાં આવી હતી. મીની બસમાંથી ઉતરેલા અને ફૂટપાથ પર શંકાસ્પદ હાલતમાં ઉભેલા છ શખ્સોની પોલીસે પૂછપરછ કરી હતી.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારી ઈચ્છાઓ પૂર્ણ થશે કેમ કે આશીર્વાદ અને સારૂં ભાગ્ય તમારી તરફ આવી રહ્યું છે-તથા અરાઉના દિવસની સખત મહેનત પણ રંગ લાવી રહી છે.

**વૃષભ : બ. વ. ઉ.**

સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશો બાળકો કેટલાક જબરજસ્ત સમાચાર લાવી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુ:ખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો.

**કર્ક : ડ. હ.**

ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો.

**સિંહ : મ. ટ.**

પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. મનોરંજન અથવા કૉસ્મેટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**તુલા : ર. ત.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે.

**વૃશ્ચિક : ન. ય.**

રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય-પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો.

**મકર : ખ. જ.**

તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રોમાન્સ પર અસર પડશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**મીન : દ. ચ. ઝ. થ.**


નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી .


## જિલ્લામાં એક મહિના થી હાથ ધરાયેલું અભિયાન

# નર્મદા જિલ્લામાં 267આંગણવાડી કેન્દ્રોના નવીનીકરણની કામગીરી પૂર્ણ

| રાજપીપલા |

નર્મદા જિલ્લામાં આંગણવાડીઓના નવીનીકરણની ઝુંબેશ અંતર્ગત કુલ-૬૬૫ આંગણવાડીઓમાં ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત ૨૬૭ કેન્દ્રોમાં સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જ્યારે ૩૯૮ કેન્દ્રોમાં કામગીરી પ્રગતિ હેઠળ છે.રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યના આંગણવાડી કેન્દ્રોને વધુ સુદ્રઢ, સુરક્ષિત અને આધુનિક બનાવવાના હેતુથી તા. ૧૬ જાન્યુઆરીથી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત નર્મદા જિલ્લામાં કાર્યરત કુલ-૯૫૫ આંગણવાડી કેન્દ્રો પૈકી પોતાના મકાન ધરાવતા કુલ-૬૬૫ આંગણવાડી કેન્દ્રોમાં આ ઝુંબેશ અંતર્ગત રંગકામ, નાના-મોટા સમારકામ, અંદર-બહાર સ્વચ્છતા અને સૌંદર્યકરણની કામગીરી કરવામાં આવનાર છે. જેથી આંગણવાડી કેન્દ્રોનું ભૌતિક માળખું મજબૂત મળશે અને





બાળકો માટે આકર્ષક વાતાવરણ ઊભું થશે.આંગણવાડી કેન્દ્રો એ સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) નો આધારસ્તંભ છે. બાળકોને પોષણ, પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અને આરોગ્ય અને પોષણ સહાય જેવી સેવાઓ વધુ અસરકારક રીતે મળી રહે તે માટે આ કેન્દ્રોની ભૌતિક માળખાકીય સુવિધાઓ મજબૂત કરવી અનિવાર્ય છે. આ ઝુંબેશમાં સરકારી ગ્રાન્ટ ઉપરાંત લોકભાગીદારી અને CSR ફંડનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.આ ઝુંબેશ હેઠળ કુલ-૧૦૦ ગુણના સ્કોરકાર્ડ આધારે દરેક ઘટક, નગરપાલિકા તથા જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ ૩ આંગણવાડીઓની પસંદગી કરી પુરસ્કાર/પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. જેમાં દીવાલોની સ્થિતિ, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલયની સુવિધા, ભિંત ચિત્રો જેવા ૨૫ જેટલા વિવિધ માપદંડોને (વોલ પેઈન્ટીંગ) અને પોષણ વાટિકા ધ્યાને લેવામાં આવશે. આ ઝુંબેશને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરી, બાળકોને સુસજ્જ અને સુરક્ષિત આંગણવાડી કેન્દ્રો ભેટ આપવાનું લક્ષ્યાંક છે.

## આશાપુરી યુવક મંડળ દ્વારા સન્માન

# ઝિમ્બાબવેમાં ઇન્ડસ્ટ્રીઅલ મિનિસ્ટર તરીકે સેવા આપતા...

| ભરત શાહ | નર્મદા તા. 14

ઝિમ્બાબવે માં છેલ્લા 10 વર્ષથી ઈન્ડસ્ટ્રીઅલ મિનિસ્ટર તરીકે મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી રહેલા રાજપીપળાના ગૌરવશાળી પુત્ર રાજેશભાઈ મોદીનું આશાપુરી યુવક મંડળ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં સહકારી આગેવાન ઘનશ્યામભાઈ પટેલ, પૂર્વ સાંસદીય સચિવ હર્ષદભાઈ વસાવા, દિલીપસિંહ, કમલેશભાઈ પટેલ, શંકરભાઇ પટેલ, સમાજના અગ્રણીઓ, યુવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનો એ રાજેશભાઈ મોદીને ફૂલહાર પહેરાવી, શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કર્યું હતું.કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ જણાવ્યું હતું કે રાજેશભાઈ મોદી વિદેશમાં રહીને પણ પોતાના વતન રાજપીપળા સાથે સતત જોડાયેલા રહ્યા છે અને દેશ-વિદેશમાં ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું છે. ઝિમ્બાબવેમાં ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે તેમના નેતૃત્વ હેઠળ નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ છે, જે સમગ્ર નર્મદા જિલ્લામાં ગૌરવની લાગણી જગાવે છે.રાજેશભાઈ મોદીએ પોતાના સંબોધનમાં આશાપુરી યુવક મંડળનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે વતનનો પ્રેમ અને આશીર્વાદ જ તેમની શક્તિ છે.



## સંતોનો આશીર્વાદ લીધા

# ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવના મેળામાં ભાજપા પ્રદેશ અધ્યક્ષની ઉપસ્થિતિ

|વિજયવીર યાદવ | ગાંધીનગર સંવાદદાતા



મહાશિવરાત્રીના પાવન અવસરે જૂનાગઢની પવિત્ર ગિરનાર તળેટીમાં આયોજિત ભવ્ય Bhavnath Mahadev Melaમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. 13 ફેબ્રુઆરીના જૂનાગઢ પ્રવાસ દરમિયાન તેમણે વિવિધ અખાડાના સંતો-મહંતોની મુલાકાત કરી આશીર્વાદ મેળવ્યા. ગિરનાર પર્વતની તળેટીમાં 'હર હર મહાદેવ'ના ગુંજતા નાદ વચ્ચે સમગ્ર વિસ્તાર આધ્યાત્મિક ઊર્જાથી ઓતપ્રોત બન્યો હતો. આ પ્રસંગે તેમણે શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ સંચાલિત અન્નક્ષેત્રની મુલાકાત લઈ સ્વયંસેવકો સાથે સેવાકાર્યમાં સહભાગી બની સામાજિક એકતાનો સંદેશ આપ્યો.તેમજ તેમણે મજેવડી સ્થિત Devtankhi Dhamની મુલાકાત લઈ પરમ પૂજ્ય દાદા દેવતણખી અને આઈ શ્રી લિરલબાઈની ચેતન સમાધિના દર્શન કર્યા. આસ્થા, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાના સંગમ સમાન આ ધામે ભક્તિમય વાતાવરણમાં તેમણે દિવ્ય ક્ષણો વિતાવ્યા. જૂનાગઢના આ પાવન અવસર પર તેમની ઉપસ્થિતિએ મેળાની ભવ્યતામાં વધુ ઉમેરો કર્યો.

## સામત્રા (ભુજ)ના પંચ જ્યોર્તિલિંગ શિવાલયોમાં ગૂંજશે હર હર મહાદેવનો નાદ

મહેશ એલ. સોની નખત્રાણા

સામત્રા ભુજ ખાતે મહાશિવરાત્રિ પર્વ નિમિતે ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બપોરે ૧૨:૦૦ કલાકે શિવ પ્રાગટ્ય, મહાઆરતી તેમજ ભાંગ પ્રસાદી, સાંજે ૪:૦૦ કલાકે ભવ્ય રવાડી જે શ્રી નિલકંઠ મહાદેવ મંદિરથી નિકળી શ્રી ભીમનાથ મહાદેવ મંદિર ખાતે પૂર્ણ થશે. તદ્ ઉપરાંત સામત્રા મધ્યે આવેલા પંચ જ્યોર્તિલિંગ શિવાલયો શ્રી નિલકંઠ મહાદેવ, શ્રી કલ્યાણેશ્વર મહાદેવ,શ્રી ભીમનાથ મહાદેવ, શ્રીત્ર્યંબકેશ્વર મહાદેવ, શ્રી ભીડ ભંજન મહાદેવ ખાતે ચાર પહોર પૂજા તેમજ રાત્રે જાણીતા કલાકારો દ્વારા ભજન સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

## અસારવામાં વિકાસનો દમદાર પ્રારંભ

# રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાના હસ્તે અનેક પ્રકલ્પો પ્રજાને સમર્પિત

|વિજયવીર યાદવ | ગાંધીનગર સંવાદદાતા

અસારવા વિધાનસભા મતવિસ્તારમાં વિકાસને નવી ગતિ આપતા શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાએ વિવિધ જનહિતકારી પ્રકલ્પોનો ભવ્ય શુભારંભ કર્યો. AMCના મધ્ય ઝોન હેઠળ શાહીબાગ વોર્ડમાં અનેક સુવિધાઓનું લોકાર્પણ કરી વિસ્તારને નવી ઓળખ અપાઈ.મંત્રીશ્રીએ ઇદગાહ સર્કલ ખાતે નવનિર્મિત ચબૂતરો અને સર્કલ પ્રજાને અર્પણ કર્યા. સાથે જ શાહીબાગના નમસ્તે સર્કલ પાસે હાજીપુરા ગાર્ડનમાં આધુનિક સુવિધાસભર ગજેબોનું લોકાર્પણ તેમજ ડફનાળા જંક્શન પર આકર્ષક કમળ સ્કલ્પચરનું અનાવરણ કરી સૌંદર્યવર્ધનને પ્રોત્સાહન આપ્યું.આ પ્રસંગે શહેરના મેયર Pratibhaben Jain, શાસક પક્ષના નેતા ગૌરાંગભાઈ પ્રજાપતિ, સ્થાનિક કાઉન્સિલરો અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.વિકાસકાર્યોના આ શુભારંભથી અસારવા વિસ્તારમાં નાગરિક સુવિધાઓમાં વધારો થવાની સાથે શહેરના સૌંદર્ય અને સુવ્યવસ્થિત વિકાસને પણ નવી દિશા મળી છે.

## શુભેચ્છા

# ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સાથે મહાશિવરાત્રીના મેળામાં વિહિપ દ્વારા શુભેચ્છા મુલાકાત



| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.14.

વિહિપ સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રચાર પ્રસાર પ્રમુખશ્રી હિરેનભાઈ રૂપારેલિયા તેમજ વિહિપ જૂનાગઢ મહાનગર મંત્રીશ્રી વિપુલભાઈ રાવત તેમજ એમના પરિવાર સાથે ગુજરાત સરકાર દ્વારા મહાશિવરાત્રિ મેળાની ઉત્તમ વ્યવસ્થા માટે હિન્દુ સમાજ વતી આભાર વ્યક્ત કર્યો હતો તેમજ મીની કુંભ મેળાનો દરજ્જો આપી ને ભવનાથ ગેટથી જ તમામ અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ નાયાબ મુખ્યમંત્રી પોતે છ કિલોમીટર ચાલીને ડમરું યાત્રામા જોડાયા તે પણ એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું અને વી. આઈ.પી. કલ્ચર નાબૂદ કરીને મેળાની રોનક વધારી દીધી તેમજ રાજભા ગઢવીની પંક્તિને સાર્થક કરીને કહ્યું હતું કે સનાતન ધર્મના સારા કામ થાય ભારત મા જુઓ ત્યાં ભગવો લહેરાય ઉક્ત પંક્તિ ને સાર્થક કરવા બદલ પણ વિહિપની પૂરી ટીમ વતી આભાર વ્યક્ત કર્યો હતો.

## વિશ્વ હિન્દુ પરિષદ, જૂનાગઢના કાર્યકરો મળ્યા

ભવનાથ મીની કુંભ મેળા ૨૦૨૬ મા અલગ અલગ આશ્રમોમાંથી પધારેલ સંતો, મહંતો , આચાર્યો, મહામંડલેશ્વરો, સેવક ગણો તેમજ કલેકટરશ્રી , કમિશનરશ્રી તેમજ રાજકીય અગ્રણીઓ, મેયરશ્રી, ધારાસભ્યોશ્રી તેમજ અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ શાસક પક્ષના પ્રમુખશ્રી ,પ્રભારીશ્રીઓ સાથે ભવનાથ મીની કુંભ મેળામાં ભવનાથ મંદિર ની ધર્મ ધ્વજારોહણ તેમજ પૂજન અર્ચન તેમજ દર્શનમા વિશ્વ હિન્દુ પરિષદ, જૂનાગઢ મહાનગરના કાર્યકર્તાઓને સહભાગી થવાનો અવસર મળ્યો જેમાં અલગ અલગ આશ્રમો મા સ્થિત દેવાલયોમા દર્શનપૂજન માટે વિશેષ લાભ મળ્યો સંતો મહંતો સાથે પરિચય થયો તેમજ વિશ્વ હિન્દુ પરિષદના કાર્યોની પણ ચર્ચા થઇ જેમા મુખ્યત્વે સંઘ શતાબ્દિ વર્ષ નિમિતે હિન્દુ સંમ્મેલનોમા પંચ પરિવર્તનની તેમજ હિન્દુ સમાજની એકતા અખંડિતતા માટે સંતોની પણ સક્રિય ભૂમિકા રહેશે તેવો ભાવ સંતો દ્વારા પ્રગટ કરવામાં આવ્યો.

# પોલીસ પ્રજાનો મિત્ર : રવાપર ખાતે યોજાયેલ સન્માન સમારોહના પ્રત્યુતર માં સંબોધતા નખત્રાણાના નવનિયુકત પી આઈ શ્રી જે. બી. સરવૈયા

| મહેશ એલ.સોની | નખત્રાણા



રવાપર ખાતે મહાશિવરાત્રિ પર્વ નિમિતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે નખત્રાણાના નવનિયુકત પી આઈ શ્રી જે. બી. સરવૈયા તેમજ એલ. આઈ. બી ના શ્રી પિંકરાજ સહિત સ્ટાફે હાજરી આપી હતી. રવાપર ગામના યુવા સરપંચ શ્રી પરેશભાઈ રૂપારેલ ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ બેઠકમાં કચ્છ જિલ્લા કોંગ્રેસ મહામંત્રી શ્રી અશ્વિનભાઈ રૂપારેલ દ્વારા પી આઈ તેમજ એલ આઈ બી સ્ટાફને સ્નેહ ભર્યો આવકાર આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ રવાપર ગામના યુવા સરપંચ શ્રી પરેશભાઈ રૂપારેલ તેમજ ગ્રામ પંચાયતના હોદેદારો તેમજ ગ્રામ પંચાયત સભ્યો તેમજ ગામના વિવિધ સમાજના અગ્રણીઓ દ્વારા પી. આઈ. શ્રીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પી .આઈ. શ્રી જે બી સરવૈયા એ સન્માન ના પ્રત્યુતરમાં પોલીસ પ્રજાનો મિત્ર હોવાની સાથે પ્રજા માટે તેમની ચેમ્બર ના દ્વાર ચોવીસ કલાક ખુલ્લા હોવાનું જણાવ્યું હતું . તેમણે કાયદો વ્યવસ્થા અંગે પૂરતું માર્ગદર્શન આપ્યું હતું અને ભાઈચારો ગામડાની સંસ્કૃતિ હોવાનું જણાવ્યું હતું.આ પ્રસંગે ગામના અગ્રણીઓ મામદભાઈ કુંભાર, જેઠાલાલ યાદવ, વેલુભા ગોહિલ, ત્રિકમભાઈ જોશી, હાસમભાઈ ભજીર , શંભુભાઈ ચંદન, હરેશભાઈ રૂપારેલ, વિનોદ ભાઈ અનમ , હરેશભાઈ સોલંકી, કિર્તીભાઈ સોની, વિજયભાઈ મોઢ, હાસમભાઈ થુડીયા મહેશભાઈ વસાણી, મોહન રંગાણી, સૌરવ ભાઈ રૂપારેલ, કિશનભાઈ સચદે સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશ્વિન ભાઈ રૂપારેલે તેમજ આભાર વિધિ હિતેન્દ્રભાઈ દિવાકરે કરી હતી.

## પાલીતાણામાં 'માતૃભાષા મહોત્સવ-2026'નો રંગારંગ મહિમા: ગુજરાતી ભાષાને અર્પણ વિશેષ કાવ્યસંગીત સંધ્યા

|વિજયવીર યાદવ | ગાંધીનગર સંવાદદાતા

પાલીતાણા ખાતે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે 'માતૃભાષા મહોત્સવ-2026'નું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમી અને Swami Vivekanand College of Commerce and Artsના સંયુક્ત ઉપક્રમે આગામી 18 ફેબ્રુઆરીએ માતૃભાષા સપ્તાહ અંતર્ગત આ વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે. 'મળી માતૃભાષા મને ગુજરાતી' વિષય હેઠળ આયોજિત આ મહોત્સવમાં માતૃભાષા ગુજરાતીનું મહિમાગાન કરતું કાવ્યસંગીત કાર્યક્રમ વિશેષ આકર્ષણ બનશે. મુખ્ય અતિથિ તરીકે મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ધર્મિષ્ઠા ત્રિવેદી ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવ આપશે.કાર્યક્રમમાં જાણીતા ગાયક ધ્રુવ સોની તેમજ સંગીતકાર નીતિન ધીમેજાણી અને હરેકૃષ્ણ દેવમુરારી પોતાની કલાની રજૂઆત કરશે.

# ગાંધીનગરના દંપતીને આંતરરાષ્ટ્રીય ગૌરવ: World Book of Records London દ્વારા ભવ્ય સન્માન

વિજયવીર યાદવ | ગાંધીનગર સંવાદદાતા |



ગાંધીનગરના જાણીતા એડવોકેટ ડૉ. અશ્વિન ત્રિવેદી અને વર્ષા ત્રિવેદીને આંતરરાષ્ટ્રીય મંચ પર ગૌરવપૂર્ણ માન્યતા મળી છે. World Book of Records London દ્વારા સંસ્થાના દસમા સ્થાપના દિવસ નિમિત્તે ઈન્દોર સ્થિત The Park Hotel ખાતે યોજાયેલા ભવ્ય એવોર્ડ સમારોહમાં બંનેને સન્માનિત કરવામાં આવ્યા.આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વિલિયમ ચેઝલર અને પૂનમ ચેઝલર તેમજ બ્રિટનમાં લેબર પાર્ટીમાંથી પાંચ વખત સાંસદ રહી ચૂકેલા Virendra Sharmaના હસ્તે રેકોર્ડ હોલ્ડર્સ અને સમાજસેવકોને એવોર્ડ અર્પણ કરાયા. ડૉ. અશ્વિન ત્રિવેદીને સમાજસેવામાં નોંધપાત્ર યોગદાન બદલ વિશેષ સન્માન અપાયું, જ્યારે વર્ષા ત્રિવેદીને ગુજરાતનું સૌથી વિશાળ મીડિયા હાઉસ ગણાતું સ્થાપી પ્રજાના પ્રશ્નોને વાચા આપી અને સરકાર સાથે સંકલન દ્વારા ઉકેલ લાવવા માટેની કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા.કાર્યક્રમમાં સંસ્થાના સીઈઓ સંતોષ શુક્લા, સુચિતા શુક્લા તેમજ દેશભરના પ્રતિનિધિઓ, રાજકીય આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. ગાંધીનગર માટે આ સિદ્ધિ ગૌરવની ક્ષણ બની છે.

## રોજગારીનું માધ્યમ

# નડીયાદ જિલ્લામાંથી આવેલા ટેટુ આર્ટિસ્ટને મહાશિવરાત્રીનો મેળો ફળ્યો : રૂ.૨૦ થી ૨૦૦૦ સુધીના બનાવતા ટેટુઓ



| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.14

મહાશિવરાત્રીનો મેળો રોજગારીનું પણ માધ્યમ બન્યો છે, આ મેળામાં નડિયાદ જિલ્લા ઉપરાંત મહારાષ્ટ્ર થી પણ ટેટુ આર્ટિસ્ટ આવ્યા છે, જે ભાવિકો ને કલાત્મક ટેટુઓ કંડારી આપે છે. નડિયાદના મીનાવાળાના એક ટેટુ આર્ટિસ્ટ શ્રી વિજયએ જણાવ્યું હતું કે,મહાશિવરાત્રી ના મેળામાં પધારતા ભાવિકોને હર હર મહાદેવ, ૐ, જય માતાજી વગેરે હેન્ડ રાઈટિંગ ઉપરાંત જુદી જુદી કલાત્મક ડિઝાઈન વગેરે બનાવી આપીએ છીએ, મશીન દ્વારા બનાવવામાં આવતું આ ટેટુઓ ગણતરીની મિનિટોમાં તૈયાર થઈ જાય છે. મહાશિવરાત્રીના મેળામાં ડાકોરથી આવેલા અન્ય એક ટેટુ આર્ટિસ્ટે જણાવ્યું કે, રૂ.૨૦થી શરૂ કરીને રૂ.૨૦૦૦ સુધીનું ટેટુ બનાવી આપીએ છીએ. વધુમાં એમ પણ કહ્યું કે, મહાશિવરાત્રીના મેળામાં સારી એવી રોજગારી પણ મળી રહે છે. ઉલ્લેખનીય છે કે, મહાશિવરાત્રીના મેળામાં પધારતા ભાવિકોના હૈયે અનેરો ઉત્સાહ હોય છે, ત્યારે ખાસ જુદા જુદા આકર્ષણમાં ભાવિકો પોતાની શ્રદ્ધા અને પસંદગી મુજબના કલાત્મક ટેટુઓ હોંશે હોંશે બનાવડાવતા હોય છે.

## યુવાનોને સંગઠન સાથે જોડાઈ વિકાસયાત્રામાં ભાગીદાર બનવા આહ્વાન કર્યું

# નર્મદા જિલ્લા ભાજપ દ્વારા કેન્દ્રીય બજેટ 2026 અંગે યુવા સંમેલન યોજાયું

| ભરત શાહ | નર્મદા : તા. 14.

નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા કેન્દ્રીય બજેટ 2026ની સાચી અને વિસ્તૃત સમજ યુવાનો સુધી પહોંચાડવા પોઇચા ખાતે વિશેષ યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહી બજેટના વિવિધ મુદ્દાઓ અંગે માર્ગદર્શન મેળવ્યું. આ સંમેલનમાં જિલ્લા મહામંત્રી આશિષ પટેલ, જિલ્લા મંત્રી શ્રવણભાઈ તડવી, પ્રદેશ કારોબારી સભ્ય હર્ષદભાઈ વસાવા, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ મોન્ટુભાઈ તેમજ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ડૉ. ધવલ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓએ પોતાના સંબોધનમાં કેન્દ્રીય બજેટ 2026માં યુવાનો, વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ, સ્વરોજગાર, કૃષિ, આદિવાસી વિસ્તારોના વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગારી સંબંધિત વિવિધ જાહેરાતો વિશે વિસ્તૃત માહિતી આપી. તેઓએ જણાવ્યું કે આ






બજેટ આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂત બનાવતું અને યુવાનોને નવી તક-સંભાવનાઓ પૂરું પાડતું છે.આશિષ પટેલે કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ દરેક યુવાન સુધી પહોંચાડવો પાર્ટીનું મુખ્ય ધ્યેય છે. શ્રવણભાઈ તડવીએ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સ્વરોજગાર માટેની યોજનાઓ અંગે વિગતવાર સમજ આપી.હર્ષદભાઈ વસાવાએ યુવાનોને સ્ટાર્ટઅપ, ડિજિટલ ઇન્ડિયા અને નવી ઔદ્યોગિક નીતિથી ઉભી થતી તકનો લાભ લેવા પ્રેરિત કર્યા.જિલ્લા યુવા મોરચાના પ્રમુખ મોન્ટુભાઈએ યુવાનોને સંગઠન સાથે જોડાઈ વિકાસયાત્રામાં ભાગીદાર બનવા આહ્વાન કર્યું, જ્યારે ડૉ. ધવલ પટેલે બક્ષીપંચ સમાજ માટેની યોજનાઓ અને બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમ ના અંતે યુવાનો સાથે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું અને બજેટ અંગે ઉઠેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા.

## વાહન અકસ્માતો નિવારવા...

# જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા જરૂરી પ્રયાસો હાથ ધરાયા

| ભરત શાહ | નર્મદા : તા. 14.



નર્મદા જીલ્લા વિસ્તારમાં થતા વાહન અકસ્માતોને નિવારવા માટે તકેદારીના ભાગરૂપે વિશાખા ડબરાલ, પોલીસ અધિક્ષક, નર્મદા તથા એસ.કે.ગામીત પોલીસ ઈન્સ્પેકટર રાજપીપળા પોલીસ સ્ટેશન તેમજ એસ. એસ.મિશ્રા પોલીસ સબ ઈન્સપેક્ટર,જીલ્લા ટ્રાફિક શાખાનાઓએ નેશનલ હાઈવે(NHAI) ના સાઈટ એન્જિનિયર પરેશભાઇ સોલંકી તથા સ્ટેટ હાઈવે(SH) ના મદદનીશ ઈજનેર રાહુલભાઈ ભદાણે નાઓને સાથે રાખી વડીયા જકાતનાકા ચારરસ્તા,નાના લીમટવાડા, ખામર, બોરિન્દ્રા, મકાઈ ધોધ,પણગામ, કણબીપીઠા, દુધલીવેર, નીંઘટ રામેશ્વર હોટેલ પાસે અમીયાર ગામ જેવા બ્લેક સ્પોટ તેમજ સંભવિત અકસ્માતવાળી જગ્યાઓનું સ્થળ નિરીક્ષણ કરી અકસ્માત નિવારવા માટે જરૂરી એવા કેટ આઇ, સાઈન બોર્ડ, હાઈ માસ્ક લાઈટ, ક્રોસ બેરિયર, થર્મો પ્લાસ્ટર પટ્ટા, રબ્બલ સ્ટ્રીપ બંપ,યલ્લો બોક્ષ,બ્રિકલ લાઈટ લગાડવા તેમજ ફેટલ જેવા ગંભીર બનાવો ન બને તે સારૂ રોડ એંજીનિયરીંગ માટે લેવાના તમામ અસરકારક પગલા લઈ રોડ ઉપર થતા અસ્માતનું પ્રમાણ ઘટાડવા નર્મદા જીલ્લા ટ્રાફીક પોલીસ જાહેર જનતાની અમુલ્ય જીંદગી બચાવવા માટે હંમેશા પ્રયત્નશીલ છે.

### સોફ્ટવેર ઉદ્યોગ પર અસ્તિત્વનું સંકટ તોળાઈ રહ્યું છે | આઈટી ઈન્ડેક્સમાં મોટો કડાકો જોવા મળ્યો

# એન્થ્રોપિક એઆઈ ક્રાંતિ આઈટી શેર માટે કાળ સાબિત થઈ

(એજન્સી) મુંબઈ | તા 14

વૈશ્વિક ટેકનોલોજીના ફલક પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એ જે ગતિએ પગપેસારો કર્યો છે, તેની સૌથી માઠી અસર અત્યારે ભારતીય શેરબજારના 'બ્લુ ચિપ' ગણાતા આઈટી શેરો પર જોવા મળી રહી છે. એન્થ્રોપિક નામની એઆઈ કંપનીએ રજૂ કરેલા નવા ટુલ્સને કારણે પરંપરાગત સોફ્ટવેર સર્વિસ ઉદ્યોગના અસ્તિત્વ સામે સવાલો ઊભા થયા છે. છેલ્લા માત્ર ૧૦ જ દિવસમાં ભારતીય શેરબજારમાં આઈટી ક્ષેત્રના રોકાણકારોની અબજો રૂપિયાની મૂડી સાફ થઈ ગઈ છે, અને શેરોના ભાવ ૨૦ ટકા સુધી ગબડી ગયા છે.મુંબઈ શેરબજાર (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) બંનેમાં આઈટી સેક્ટરના આંકડા અત્યંત





ચિંતાજનક છે. પ્રાપ્ત માહિતી મુજબ, બીએસઈ આઈટી ઈન્ડેક્સ છેલ્લા ૧૦ દિવસમાં ૫૨૬૭ પોઈન્ટ એટલે કે અંદાજે ૧૪.૨૯ ટકા જેટલો તૂટીને ૩૧૫૯૧ની નીચી સપાટીએ પહોંચ્યો છે. બીજી તરફ, નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં પણ ૫૩૩૦ પોઈન્ટનો મસમોટો ગાબડો પડતા તે ૩૨૯૮૧ના ૧૧ મહિનાના તળિયે આવી ગયો છે. બજારના વિશ્લેષકો આ સ્થિતિને આઈટી સેક્ટર માટે 'બ્લેક આઉટ' સમાન ગણાવી રહ્યા છે. એન્થ્રોપિક કંપનીએ તાજેતરમાં ક્લાઉડ કમ્પ્યુટિંગ અને ચોક્કસ ઉદ્યોગોમાં જટિલ કાર્યોને આપમેળે સંભાળી શકે તેવા અત્યાધુનિક એઆઈ ટુલ્સ જાહેર કર્યા છે. આ ટેકનોલોજી આવવાથી એવી દહેશત ફેલાઈ છે કે જે કામ કરવા માટે અગાઉ સેંકડો સોફ્ટવેર એન્જિનિયરોની જરૂર પડતી હતી, તે હવે મિનિટોમાં એઆઈ દ્વારા થઈ શકશે. આ જ કારણ છે કે વિશ્વભરના આઈટી અને સોફ્ટવેર સર્વિસ ઉદ્યોગમાં હવે પરિવર્તન નહીં, પણ 'અસ્તિત્વ બચાવવાની' લડાઈ શરૂ થઈ ગઈ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની આ ક્રાંતિ માત્ર શેરબજાર પૂરતી મર્યાદિત નથી, તેની સીધી અસર રોજગારી પર પણ પડી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઘણી મોટી આઈટી કંપનીઓએ નવી ભરતી પ્રક્રિયા પર સદંતર પ્રતિબંધ લગાવી દીધો છે. એટલું જ નહીં, હજારોની સંખ્યામાં આઈટી ટેકનોક્રેટ્સ અને પ્રોફેશનલોની છટણી શરૂ કરી દેવામાં આવી છે. ટેક ઉદ્યોગમાં ફેલાયેલો આ ફફડાટ આગામી દિવસોમાં બેરોજગારીની સમસ્યાને વધુ ગંભીર બનાવી શકે છે.વૈશ્વિક ફંડો અને મોટા રોકાણકારોને ડર છે કે એઆઈના કારણે સોફ્ટવેર સર્વિસ કંપનીઓની કમાણીમાં ભવિષ્યમાં ધરખમ ઘટાડો થશે. મીડિયા અહેવાલ અનુસાર, મોટા ઈન્વેસ્ટરો હવે આઈટી કંપનીઓના શેરોને પોતાના પોર્ટફોલિયોમાંથી ઝડપથી ખાલી કરી રહ્યા છે. જે કંપનીઓ વર્ષોથી સ્થિર વળતર આપતી હતી.

## એવન્યુઝ AI ત્રિમાસિક પરિણામો આવકમાં ૧૨૨ ટકાનો ઉછાળો

(એજન્સી) મુંબઈ | તા 14

ભારતીય ફિનટેક જગતમાં એક મોટું નામ ગણાતી કંપની 'એવન્યુઝ એઆઈ' લિમિટેડ (જે અગાઉ ઈન્ફીબીમ એવન્યુઝ તરીકે ઓળખાતી હતી) એ ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં અસાધારણ દેખાવ કર્યો છે. કંપનીએ તેની આવકમાં વાર્ષિક ધોરણે ૧૨૨ ટકાનો જંગી ઉછાળો નોંધાવ્યો છે. આ પરિણામોને મેનેજમેન્ટે કંપનીના ઈતિહાસમાં 'નિર્ણાયક વળાંક' ગણાવ્યો છે, કારણ કે કંપની હવે માત્ર પેમેન્ટ ગેટવે મટીને સંપૂર્ણ એઆઈ-આધારિત ટ્રાન્ઝેક્શન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મમાં પરિવર્તિત થઈ ચુકી છે.ડિસેમ્બર ૩૧, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં કંપનીની કુલ આવક ૨૩,૮૧૨ મિલિયન રૂપિયા રહી છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં માત્ર ૧૦,૭૦૪ મિલિયન રૂપિયા હતી. આ સિવાય ટેક્સ પછીનો ચોખ્ખો નફો પણ ૫૯ ટકા વધીને ૮૬૧ મિલિયન રૂપિયાએ પહોંચ્યો છે. પ્લેટફોર્મ પરથી થતા કુલ ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં ૬૯ ટકાનો વધારો નોંધાયો છે, જે દર્શાવે છે કે એવન્યુઝ એઆઈની સેવાઓની માંગ બજારમાં ઝડપથી વધી રહી છે. મજબૂત ત્રિમાસિક દેખાવને પગલે મેનેજમેન્ટે આખા વર્ષ માટેની



આવકનું અનુમાન (ગાઈડન્સ) વધારીને ૭૫,૦૦૦-૮૦,૦૦૦ મિલિયન રૂપિયા કરી દીધું છે. અગાઉ આ લક્ષ્યાંક ૫૦,૦૦૦-૫૫,૦૦૦ મિલિયન રૂપિયાનો હતો. તેવી જ રીતે નફાના લક્ષ્યાંકને પણ ૨,૧૦૦ મિલિયનથી વધારીને ૨,૫૦૦-૨,૭૫૦ મિલિયન રૂપિયા કરવામાં આવ્યો છે. કંપનીના ચેરમેન વિશાલ મહેતાએ જણાવ્યું હતું કે, "અમે હવે પરંપરાગત પેમેન્ટ ગેટવે નથી, પરંતુ એક એવું એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવી રહ્યા છીએ જ્યાં દરેક ટ્રાન્ઝેક્શન અમારી સિસ્ટમને વધુ બુદ્ધિશાળી બનાવે છે."આ ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીએ તેની બ્રાન્ડિંગ પ્રક્રિયા પૂર્ણ કરી છે. કંપનીની એઆઈ ડિવિઝન 'Phronetic AI' એ ભારતનું પ્રથમ એજન્ટિક પેમેન્ટ પ્લેટફોર્મ 'PayCentral.ai' લોન્ચ કર્યું છે, જે ગૂગલના પ્રોટોકોલ પર આધારિત છે. આ પ્લેટફોર્મ ઓટોમેટેડ એજન્ટ-ટુ-એજન્ટ ટ્રાન્ઝેક્શનની સુવિધા આપે છે.

## News Brief

### ઉદય કોટક ગિફ્ટ સિટી ચેરમેન તરીકે નિમણૂક પામ્યા

(એજન્સી) ગાંધીનગર | તા 14

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા શુક્રવારે મોડી સાંજે એક મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરીને ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ અને ખ્યાતનામ બેંકર ઉદય સુરેશ કોટકને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી ના ચેરમેન તરીકે નિયુક્ત કર્યા છે. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા આ સરકારી ઠરાવ મુજબ ઉદય કોટક તાત્કાલિક અસરથી આ જવાબદારી સંભાળશે. તેઓ નિવૃત્ત આઈએએસ) હસમુખ અઢિયાનું સ્થાન લેશે, જેઓ જૂન ૨૦૨૩થી આ પદ પર કાર્યરત હતા.ઉદય કોટક એ કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક છે અને છેલ્લા ૩૮ વર્ષોમાં તેમણે આ ગ્રુપને ભારતની સૌથી સફળ નાણાકીય સેવા પ્રદાન કરતી સંસ્થા તરીકે પ્રસ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમની પાસે ફાઈનાન્સ અને ઈન્વેસ્ટમેન્ટ ક્ષેત્રનો દાયકાઓનો અનુભવ છે, જે હવે ગુજરાતના આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવામાં અત્યંત ઉપયોગી સાબિત થશે. "ડો. હસમુખ અઢિયાના સ્થાને શ્રી ઉદય સુરેશ કોટકને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી કંપની લિમિટેડના ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવે છે." અઢિયાએ ગિફ્ટ સિટીના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે, પરંતુ હવે કોટક જેવી ખાનગી ક્ષેત્રની મજબૂત પ્રતિભાને આ પદ સોંપીને સરકાર ગિફ્ટ સિટીને વિશ્વના ટોચના ફાઈનાન્શિયલ હબ (જેમ કે સિંગાપોર અને દુબઈ) ની હરોળમાં લાવવા માંગે છે.

## એમેઝોનએ એગ્રીકલ્ચરલ વેસ્ટમાંથી નવીન પેકેજિંગ ઉકેલો વિકસાવવા માટે IIT રુરકી સાથે ભાગીદારી કરી

(એજન્સી) અમદાવાદ | તા 14

એમેઝન ઈન્ડિયાએ આજે એગ્રીકલ્ચરલ વેસ્ટ (કૃષિ બગાડ)માંથી નવીન પેકેજિંગ મટીરિયલ વિકસાવવા માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (IIT) રુરકી સાથે ભાગીદારી કરી હોવાની ઘોષણા કરી છે. આ પ્રોજેક્ટનો હેતુ નોન-વુડ (લાકડાવિહીન) પેપર ટેકનોલોજીનું સર્જન કરવાનો છે જે એગ્રીકલ્ચર વેસ્ટને બાળવાને બદલે વર્જિન વુડ પલ્પ પરના દબાણમાં ઘટાડો કરે છે. આ વજનમાં હળવા છે પરંતુ મજબૂત પેકેજિંગ મટીરિયલ છે જે પરંપરાગત વુડ પલ્પ પેપર અથવા પ્લાસ્ટિક બેગ્સ સામે રિસાયક્લેબલ અને હોમ-કોમ્પોસ્ટેબલ વિકલ્પ પ્રદાન કરે છે. આ સંશોધન ઘઉંની દાંડી અને બેગાસ જેવા પાકના અવશેષોને કાગળના મેઈલર્સ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા પલ્પમાં રૂપાંતરિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે જે પરંપરાગત કાગળ પેકેજિંગની તુલનામાં કાર્યક્ષમ હશે. આ એગ્રીકલ્ચરલ વેસ્ટને મૂલ્યવાન પેકેજિંગ સામગ્રીમાં ફેરવીને ભારતમાં સ્ટ્રોબલ (લણણી પછી રહેલ શેષ પાક) બાળવાનું ઘટાડવામાં મદદ કરે છે. તે આયાતી વર્જિન લાકડાના પલ્પ પર નિર્ભરતા પણ ઘટાડે છે અને કૃષિ અવશેષો માટે બજાર પૂરું પાડીને ખેડૂતો માટે વધારાની આવક બનાવી શકે છે.IIT રુરકીના પેપર અને પેકેજિંગ ટેકનોલોજી વિભાગ સાથે સહયોગ 15 મહિનાના સમયગાળામાં લેબ-સ્કેલ વિકાસ અને પરીક્ષણ સાથે શરૂ થશે. સફળ પ્રદર્શન પરીક્ષણોને આધિન, એમેઝોન આગામી વર્ષના મધ્યથી અંત સુધીમાં

amazon

ઔદ્યોગિક પરીક્ષણો, પ્રક્રિયા માન્યતા અને વ્યાપારી ઉત્પાદનમાં પ્રગતિ માટે સમર્થન પૂરું પાડશે.એમેઝોન ઈન્ડિયાના ઓપરેશન્સના વાઈસ પ્રેસિડેન્ટ અભિનવ સિંઘએ જણાવ્યું હતું કે, 'એમેઝોન ખાતે, અમે ભારતના સૌથી ઝડપી, સલામત અને સૌથી વિશ્વસનીય ઓપરેશન નેટવર્કનું નિર્માણ અને સંચાલન કરી રહ્યા છીએ, અને અમે તેને વધુ ટકાઉ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. આ પ્રયાસના ભાગ રૂપે, અમે પાકના અવશેષોમાંથી નવીન પેકેજિંગ વિકસાવવા માટે IIT રૂરકી સાથે ભાગીદારી કરી રહ્યા છીએ. ભારત વાર્ષિક ધોરણે લગભગ 500 મિલિયન ટન આ કચરો ઉત્પન્ન કરે છે, અને તેનો પેકેજિંગમાં પુનઃઉપયોગ કરીને, અમે પરંપરાગત સામગ્રી પર નિર્ભરતા ઘટાડીને વધુ ગોળાકાર અર્થતંત્રને ટેકો આપી શકીએ છીએ.'IIT રુરકીના ડિરેક્ટર પ્રો. કમલ કિશોર પંતએ જણાવ્યું હતું કે, 'ટકાઉપણું હવે કોઈ પસંદગી નથી, તે તાત્કાલિક રાષ્ટ્રીય પ્રાથમિકતા છે. IIT રૂરકી અને એમેઝોન વચ્ચેનો આ સહયોગ સ્વચ્છ ભારત, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને રાષ્ટ્રીય સંસાધન કાર્યક્ષમતા નીતિ જેવા સરકારી મિશન સાથે સંકલિત, સર્ક્યુલર અર્થતંત્રના ભારતના વિઝનને સાકાર કરવા તરફ એક પગલું છે. કૃષિ અવશેષોને બાયોડિગ્રેડેબલ પેકેજિંગ સામગ્રીમાં રૂપાંતરિત કરીને, અમે ભારતમાં સ્ટબલ બાળવા અને વર્જિન સામગ્રી પર નિર્ભરતાના બે પડકારોનો સામનો કરી રહ્યા છીએ, જ્યારે ઉદ્યોગો, ખેડૂતો અને સમાજને મોટા પાયે લાભ આપી શકે તેવા સ્કેલેબલ ઉકેલો બનાવી રહ્યા છીએ. આ પહેલ દર્શાવે છે કે કેવી રીતે શૈક્ષણિક સંશોધન અને ઉદ્યોગ ભાગીદારી ભારતની વધુ ટકાઉ અને આત્મનિર્ભર ભવિષ્ય તરફની યાત્રાને વેગ આપી શકે છે.'

## નીતિ આયોગ એઆઈ રિપોર્ટ ભારત માટે નવો વળાંક

નવી દિલ્હી: નીતિ આયોગના ડિસ્ટિંગ્વિશ્ડ ફેલો અને નાસ્કોમના પૂર્વ પ્રમુખ દેબજાની ઘોષે ભારતના ટેકનોલોજી ક્ષેત્ર વિશે એક અત્યંત મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે ભારત આજે તેના સૌથી નિર્ણાયક વળાંક પર ઊભું છે. એઆઈ (AI) એ માત્ર કોઈ ચોક્કસ સમય પૂરતી અડચણ નથી, પરંતુ તે સમગ્ર વ્યવસાયિક માળખાનું નવેસરથી લખાણ છે. નીતિ ફ્રન્ટિયર ટેક હબના રોડમેપ લોન્ચ દરમિયાન તેમણે સ્પષ્ટ કર્યું હતું કે હવે આઈટી કંપનીઓએ પ્રયત્ન-આધારિત બિલિંગને બદલે પરિણામ-આધારિત મૂલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. દેબજાની ઘોષના મતે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આગમનથી ઉદ્યોગોએ બેક-ઓફિસ કામગીરીથી હટીને 'એઆઈ-નેટિવ' આર્કિટેક્ટ બનવું પડશે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા લખ્યું કે, દર થોડા વર્ષોમાં લોકો એવું વિચારે છે કે ભારતનો આઈટી ઉદ્યોગ ખતમ થઈ જશે, પરંતુ દરેક વખતે આ ઉદ્યોગની પુનઃશોધ કરવાની ક્ષમતા જ તેની સૌથી મોટી તાકાત સાબિત થઈ છે. છેલ્લા ત્રણ દાયકાથી ટેકનોલોજી સર્વિસ ઉદ્યોગે ભારતના વૈશ્વિક ઉદયને વેગ આપ્યો છે અને હવે એઆઈ યુગમાં પ્રવેશવાનો સમય પાકી ગયો છે. નીતિ આયોગના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, 'વિકસિત ભારત @૨૦૪૭' ના વિઝનને સાકાર કરવા માટે ટેકનોલોજી સર્વિસ સેક્ટરે ૨૦૩૫ સુધીમાં વાર્ષિક ૭૫૦ થી ૮૫૦ બિલિયન ડોલરની આવક મેળવવાનું લક્ષ્ય રાખવું પડશે. આ લક્ષ્યાંક જીડીપીમાં ૭ થી ૮ ટકા હિસ્સો જાળવી રાખવા અને વૈશ્વિક બજારમાં ભારતનો હિસ્સો ૨૫ ટકાથી વધુ વિસ્તારવા માટે અનિવાર્ય છે. જોકે, અહેવાલ મુજબ હાલમાં ૨૫૦ થી ૩૦૦ બિલિયન ડોલરની ખાધ દેખાઈ રહી છે, જેને પૂરવા માટે નિર્ણાયક પગલાં લેવા પડશે. આ પરિવર્તનને સફળ બનાવવા માટે આર એન્ડ ડી (R&D) અને બૌદ્ધિક સંપત્તિ (IP) નિર્માણમાં વ્યૂહાત્મક રોકાણ જરૂરી છે. ખાસ કરીને હેલ્થકેર, સેમિકન્ડક્ટર અને સાયબર સિક્યુરિટી જેવા ક્ષેત્રોમાં નવી તકો રહેલી છે. એઆઈ-કેન્દ્રિત મર્જર અને એક્વિઝિશન તેમજ મોટા પાયે કર્મચારીઓના કૌશલ્ય વિકાસ (Reskilling) પર ભાર મૂકવામાં આવ્યો છે.

## સ્ટાન્ડર્ડ એન્જિનિયરિંગ ટેક્નોલોજી લિમિટેડે પોતાની નવી કોર્પોરેટ ઓળખની જાહેરાત કરી



(એજન્સી) અમદાવાદ | તા 14

સ્ટાન્ડર્ડ એન્જિનિયરિંગ ટેક્નોલોજી લિમિટેડ (પૂર્વમાં સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનિંગ ટેક્નોલોજી લિમિટેડ) એ આજે તેની નવી કોર્પોરેટ ઓળખ લોન્ચ કરવાની જાહેરાત કરી, જે કંપનીના અગાઉના નામ બદલ્યા પછી તેના બ્રાન્ડ વિકાસમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન રૂપે સાબિત થઈ રહ્યો છે. કંપનીએ અગાઉ સ્ટોક એક્સચેન્જને Standard Glass Lining Technology Limitedમાંથી Standard Engineering Technology Limitedમાં નામ બદલવાની માહિતી આપી હતી. નવી કોર્પોરેટ ઓળખનું લોન્ચ આ પરિવર્તનનું દૃશ્યરૂપ પ્રતિબિંબ છે અને કંપનીની વધતી વ્યાપકતા, વિસ્તાર અને વ્યૂહાત્મક દિશા સાથે તેની બ્રાન્ડ ઓળખને સુસંગત બનાવે છે. સ્ટાન્ડર્ડ એન્જિનિયરિંગ ટેક્નોલોજી લિમિટેડના પ્રમોટર અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કંદુલા નાગેશ્વર રાવે જણાવ્યું કે "આ પરિવર્તનનો અર્થ કંપની ગ્લાસ લાઈનિંગ વ્યવસાયથી કોઈપણ રીતે વિમુખ થવાની નથી. ગ્લાસ લાઈનિંગ કંપનીના મૂળ સ્વભાવ (DNA) નો મુખ્ય ભાગ છે અને તે તેના સૌથી ઝડપી વૃદ્ધિ પામતા અને વધુ નફાકારક ક્ષેત્રોમાંનું એક છે. નવી બ્રાન્ડ ઓળખ કંપનીના ઉચ્ચ-સુક્ષ્મતા આધારિત, સંકલિત એન્જિનિયરિંગ પ્લેટફોર્મ તરફના પ્રવાસને પ્રતિબિંબિત કરે છે, જે કલ્પનાથી લઈને કમિશનિંગ સુધી એક જ જવાબદારી હેઠળ જટિલ, બહુ-વિભાગીય પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવે છે."નવી ઓળખ નીચેના મુદ્દાઓને રેખાંકિત કરે છે: - કંપનીની વિસ્તરેલી એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ, - તેની મજબૂત ટર્નકી અને એન્ડ-ટુ-એન્ડ અમલીકરણ ક્ષમતાઓ, - તેની વધતી વૈશ્વિક હાજરી અને મહત્ત્વાકાંક્ષા, - માત્ર સાધન સપ્લાયર તરીકે નહીં, પરંતુ ગ્રાહકો માટે લાંબા ગાળાના વ્યૂહાત્મક ભાગીદાર તરીકેની તેની સ્થિતિ, મેનેજમેન્ટ દ્વારા જણાવાયું કે આ પરિવર્તન વિચારીને, શિસ્તબદ્ધ અને ગ્રાહકને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું છે, જે કંપનીની લાંબા ગાળાની વ્યૂહરચના સાથે સુસંગત છે.

## વિદેશી હૂંડિયામણ ભંડારમાં ઘટાડો થતા આર્થિક ચિંતા વધી

(એજન્સી) અમદાવાદ | તા 14

ભારતીય અર્થતંત્રના રક્ષણ કવચ સમાન વિદેશી હૂંડિયામણના ભંડારમાં છેલ્લા એક સપ્તાહમાં મોટો ઘટાડો નોંધાયો છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા જારી કરાયેલા તાજેતરના અહેવાલ મુજબ, ગત સપ્તાહે જે ભંડાર ઐતિહાસિક ઉચ્ચ સપાટીએ પહોંચ્યો હતો, તેમાં હવે ઓટ જોવા મળી રહી છે. ૬ ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન દેશના કુલ વિદેશી હૂંડિયામણ ભંડારમાં ૬.૭૧૧ બિલિયન ડોલરનો ઘટાડો નોંધાયો છે, જેને પગલે હવે કુલ ભંડાર ૭૧૭.૦૬૪ બિલિયન ડોલર પર આવી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાછલા સપ્તાહે આ આંકડો ૭૨૩.૭૭૪ બિલિયન ડોલરની સર્વકાલીન ઊંચાઈએ હતો.

આ આંકડાકીય પીછેહઠ પાછળનું સૌથી મોટું અને મુખ્ય કારણ સોનાના ભંડારના મૂલ્યમાં આવેલો ઘટાડો છે. આરબીઆઈના ડેટા દર્શાવે છે કે ભારતના સોનાના ભંડારમાં ૧૪.૨૦૮ બિલિયન ડોલરનો મોટો ઘટાડો થયો છે, જેના કારણે સોનાના ભંડારનું મૂલ્ય હવે ૧૨૩.૪૭૬ બિલિયન ડોલર થઈ ગયું છે. આ ઘટાડો સોનાના જથ્થામાં ઘટાડાને કારણે નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં થયેલી વધઘટને કારણે સર્જાયો છે. જ્યારે વૈશ્વિક સ્તરે સોનાના ભાવો ગગડે છે, ત્યારે કેન્દ્રીય બેંક પાસે રહેલા સોનાના જથ્થાનું નાણાકીય મૂલ્ય પણ તેટલા પ્રમાણમાં ઘટે છે.જોકે, એક તરફ સોનાના ભંડારમાં ઘટાડો થયો છે, તો બીજી તરફ વિદેશી ચલણ સંપત્તિ (FCA) માં વધારો નોંધાયો છે, જેણે કુલ ઘટાડાની અસરને થોડા અંશે મર્યાદિત કરી છે. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન વિદેશી ચલણ સંપત્તિ ૭.૬૬૧ બિલિયન ડોલર વધીને ૫૭૦.૦૫૩ બિલિયન ડોલર સુધી પહોંચી છે. વિદેશી હૂંડિયામણના આ હિસ્સામાં અમેરિકન ડોલર ઉપરાંત યુરો, બ્રિટિશ પાઉન્ડ અને જાપાનીઝ યેન જેવા વિશ્વના મુખ્ય ચલણોનો સમાવેશ થાય છે. આ અસ્ક્યામતોમાં વધારો એ વિદેશી રોકાણના પ્રવાહ અને ચલણના વિનિમય દરની ગતિશીલતા દર્શાવે છે.

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) પાસે રહેલા સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDRs) અને અનામત સ્થિતિમાં પણ સામાન્ય ફેરફાર જોવા મળ્યો છે. એસડીઆર ૧૩૨ મિલિયન ડોલર ઘટીને ૧૮.૮૨૧ બિલિયન ડોલર રહ્યા છે. આર્થિક નિષ્ણાતો માને છે કે વિદેશી હૂંડિયામણના ભંડારમાં થતી આવી વધઘટ સામાન્ય છે અને તે વૈશ્વિક બજારની અસ્થિરતાનું પ્રતિબિંબ પાડે છે. જોકે, ભારત પાસે હજુ પણ ૧૧ મહિનાથી વધુની આયાતને પહોંચી વળવા જેટલું પર્યાપ્ત હૂંડિયામણ છે, જે દેશની આર્થિક મજબૂતીનો પુરાવો છે.

## વિકસિત ભારત ૨૦૪૭ લક્ષ્યાંક અહેવાલ ઉત્પાદકતા પર ભાર

નવી દિલ્હી: ભારત જ્યારે 'વિકસિત ભારત @૨૦૪૭' તરફ ડગ માંડી રહ્યું છે, ત્યારે અગ્રણી કન્સલ્ટિંગ ફર્મ કેપીએમજી (KPMG) એ એક અત્યંત મહત્વપૂર્ણ અહેવાલ રજૂ કર્યો છે. આ અહેવાલ મુજબ, ભારતે હવે માત્ર 'સ્કેલ' એટલે કે કદ વધારવાને બદલે 'પ્રોડક્ટિવિટી' એટલે કે ઉત્પાદકતા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. "ભારતના આગામી વિકાસ તબક્કા માટેની ટોચની ૧૦ પ્રાથમિકતાઓ" શીર્ષક હેઠળના આ અહેવાલમાં જણાવાયું છે કે, દેશે હવે એસેમ્બલી લાઈનથી આગળ વધીને ઉત્પાદનનું ઊંડાણ (Manufacturing Depth) વધારવું પડશે.કેપીએમજીના અહેવાલ મુજબ, ભારતે તેનો 'ફાઉન્ડેશન ફેઝ' એટલે કે પાયાનો તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે, જેમાં ડિજિટલ પબ્લિક પ્લેટફોર્મ અને માક્રોઈકોનોમિક સ્થિરતાનો સમાવેશ થાય છે. હવે બીજા તબક્કામાં માળખાગત સુવિધાઓના સર્જનથી આગળ વધીને લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા પર ભાર મૂકવાની જરૂર છે. અહેવાલમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે માત્ર શિક્ષણમાં નોંધણી વધારવાને બદલે રોજગાર ક્ષમતા (Employability) વધારવી એ વિકસિત ભારતનો સાચો અર્થ છે.ભારતની સરેરાશ ઉંમર ૨૮ વર્ષ છે અને ૨૦૫૦ સુધીમાં કામકાજ કરી શકે તેવી વસ્તી ૧.૧૩ અબજને વટાવી જવાની ધારણા છે. આ જનસંખ્યાનો લાભ લેવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ને જમીની સ્તરે અમલી બનાવવી પડશે.

## જેપી મોર્ગન આઈટી સેક્ટર રિપોર્ટ એઆઈ જોખમ નથી સાધન

નવી દિલ્હી: ભારતીય આઈટી (IT) ક્ષેત્રમાં અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના કારણે ફેલાયેલા ડર અને અનિશ્ચિતતા વચ્ચે વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ ફર્મ જેપી મોર્ગન (J.P. Morgan) નો એક અત્યંત મહત્વપૂર્ણ અહેવાલ સામે આવ્યો છે. જેપી મોર્ગનની એશિયા પેસિફિક ઈક્વિટી રિસર્ચ ટીમે તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું છે કે, એઆઈ એ આઈટી સેવાઓ માટે જોખમ નથી, પરંતુ તે એક એવું સાધન છે જે સમાન બજેટમાં વધુ કામ કરવાની ક્ષમતા પૂરી પાડશે. અહેવાલ મુજબ, જે રીતે ભૂતકાળમાં ક્લાઉડ કમ્પ્યુટિંગ અને સોફ્ટવેર ક્ષેત્રે પરિવર્તનો આવ્યા હતા, એઆઈ પણ તેવી જ એક ટેકનોલોજીકલ સાયકલ છે."ઈન્ડિયા આઈટી સર્વિસીસ: લુકિંગ થ્રુ ધ એઆઈ ફોગ" શીર્ષક હેઠળના આ અહેવાલમાં દલીલ કરવામાં આવી છે કે, એઆઈ આઈટી ક્ષેત્રની તકોને મર્યાદિત કરવાને બદલે કામના નવા ક્ષેત્રો ખોલશે. જેપી મોર્ગનના મતે, એઆઈ એ કામદારોને બદલવા માટે નથી, પરંતુ તે ઓફશોર લેબર અને એન્ટરપ્રાઈઝ સોફ્ટવેરની જેમ વધુ આઉટપુટ મેળવવાનું માધ્યમ છે. કંપનીઓ હવે લેગસી કોડને આધુનિક બનાવવા, કસ્ટમાઈઝ્ડ સાસ (SaaS) એપ્લિકેશન ફરીથી લખવા અને ઓપરેશન માટે એઆઈ એજન્ટ બનાવવા જેવા નવા કાર્યો માટે આઈટી સર્વિસ પ્રોવાઈડર્સ પર વધુ નિર્ભર રહેશે. જેપી મોર્ગને ભારતીય આઈટી કંપનીઓને ટેકનોલોજી જગતના "પ્લમ્બર" તરીકે ઓળખાવી છે.

### વૈશ્વિક વ્યાપારના પડકારો પર ચર્ચા

## વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ બેઠક વૈશ્વિક વ્યાપારમાં ભારત સક્રિય

નવી દિલ્હી: આગામી સમયમાં કેમરૂનના યાઉન્ડે ખાતે યોજાનારી વિશ્વ વ્યાપાર સંગઠન (WTO) ની ૧૪મી મંત્રી સ્તરની પરિષદ (MC14) પૂર્વે ભારત પોતાની રાજદ્વારી રણનીતિને ધારદાર બનાવી રહ્યું છે. ભારતના વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જીનીવામાં ડબલ્યુટીઓ ખાતે વિશ્વના શક્તિશાળી દેશોના પ્રતિનિધિઓ સાથે ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. આ બેઠકોનો મુખ્ય ઉદ્દેશ્ય બહુપક્ષીયવાદને મજબૂત બનાવવો, ડબલ્યુટીઓ માળખામાં સુધારા કરવા અને વૈશ્વિક વ્યાપારમાં ભારત તથા વિકાસશીલ દેશોના હિતોનું રક્ષણ કરવાનો રહ્યો છે.વાણિજ્ય સચિવે યુરોપિયન યુનિયન (EU) ના કાયમી પ્રતિનિધિ જોઆઓ અગિયાર માચાડો સાથે બેઠક યોજી હતી, જેમાં બહુપક્ષીય વ્યાપાર પ્રણાલીને વધુ પારદર્શક અને સુધારાલક્ષી બનાવવા અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, ચીનના રાજદૂત લી યોંગજી સાથેની બેઠકમાં વ્યાપારિક પડકારો અને ૧૪મી મંત્રી સ્તરની પરિષદની પ્રાથમિકતાઓ વિશે વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. અમેરિકાના ડેપ્યુટી રિપ્રેઝન્ટેટિવ ડેવિડ બિસ્બી સાથેની મુલાકાતમાં પરસ્પર સહયોગ અને વ્યાપારિક ચિંતાઓના નિરાકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.


સૌથી મહત્વપૂર્ણ ચર્ચાઓ પૈકીની એક ગુયાનાના કાયમી પ્રતિનિધિ લેસ્લી રામસામી સાથે થઈ હતી, જેઓ માછીમારી વાટાઘાટોના અધ્યક્ષ પણ છે. આ બેઠકમાં ભારતે માછીમારોની આજીવિકા અને ટકાઉક્ષમતાના મુદ્દાઓને પ્રાધાન્ય આપ્યું હતું. વધુ પડતી માછીમારી (Overfishing) અને સબસિડીના મુદ્દે ભારતનો પક્ષ મજબૂતીથી રજૂ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે, બ્રાઝિલના પ્રતિનિધિ ગુઈલહેર્મે ડી અગિયાર પેટ્રિઓટા સાથે કૃષિ વાટાઘાટો અને વિકાસશીલ દેશોની વ્યાપારિક ચિંતાઓ પર નિખાલસ ચર્ચા કરવામાં આવી હતી.રાજેશ અગ્રવાલે સાઉદી અરેબિયાના પ્રતિનિધિ અને ડબલ્યુટીઓ જનરલ કાઉન્સિલના અધ્યક્ષ સાકર અબ્દુલ્લા અલ્મોકબેલ સાથે પણ મુલાકાત કરી હતી. આ બેઠકનું કેન્દ્રબિંદુ એમસી૧૪ (MC14) ના એજન્ડામાં વિકાસશીલ દેશોના પ્રસ્તાવોને સ્થાન અપાવવાનું હતું.

### નિકાસકારો | કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય હવે લેવાયો | ખેડૂતો અને નિકાસકારોને મોટો ફાયદો મળશે

# ભારત ઘઉં અને ખાંડ નિકાસ માટે સરકારે આપી મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી | તા 14

દેશના અન્નભંડારો છલકાઈ રહ્યા છે ત્યારે ભારત સરકારના ખાદ્ય મંત્રાલયે આજે એક ઐતિહાસિક અને કૃષિ ક્ષેત્ર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાય તેવો નિર્ણય લીધો છે. ભારતમાં ઘઉંના બમ્પર ઉત્પાદન અને ખાંડના મજબૂત બફર સ્ટોકને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ૨૫ લાખ ટન ઘઉં અને ૫ લાખ ટન ખાંડની વિદેશમાં નિકાસ કરવાની સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી રવિ સિઝનનો નવો પાક બજારમાં આવે તે પહેલાં સ્થાનિક ભાવોમાં સ્થિરતા જાળવવાનો અને જગતના તાત એવા ખેડૂતોને તેમના પરસેવાનું યોગ્ય વળતર અપાવવાનો છે. તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, દેશના સરકારી અને ખાનગી ગોડાઉનોમાં હાલમાં અનાજનો એટલો



મોટો જથ્થો ઉપલબ્ધ છે કે જે ખાદ્ય સુરક્ષાના તમામ માપદંડો કરતાં ઘણો વધારે છે. આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, ચાલુ નાણાકીય વર્ષમાં ખાનગી કંપનીઓ અને મોટા વેપારીઓ પાસે અંદાજે ૭૫ લાખ ટન ઘઉંનો જથ્થો પડ્યો છે. આ આંકડો ગયા વર્ષની સરખામણીએ ૩૨ લાખ ટન જેટલો વધુ છે. આ વધારાના સ્ટોકને કારણે બજારમાં ભાવ ઘટવાની ભીતિ હતી, પરંતુ નિકાસની છૂટ મળતા હવે બજારમાં સંતુલન જળવાઈ રહેશે.

ભારતીય ખાદ્ય નિગમ (FCI) દ્વારા અપાયેલા અંદાજ મુજબ, આગામી ૧ એપ્રિલ ૨૦૨૬ સુધીમાં કેન્દ્રીય પૂલમાં આશરે ૧૮૨ લાખ ટન ઘઉં ઉપલબ્ધ રહેવાની ધારણા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, દેશની આંતરિક જરૂરિયાતોને પૂર્ણ કર્યા બાદ પણ આટલો મોટો જથ્થો બચતો હોવાથી નિકાસને લીલીઝંડી આપવામાં આવી છે. આ નિર્ણયથી દેશની આંતરિક ખાદ્ય સુરક્ષા પર કોઈ પણ પ્રકારનું જોખમ ઊભું નહીં થાય તેવું નિષ્ણાતોનું માનવું છે.કૃષિ મંત્રાલયના ડેટા અનુસાર, રવિ સિઝન ૨૦૨૬માં ખેડૂતોએ ઘઉંની વાવણીમાં વિશેષ ઉત્સાહ દાખવ્યો છે. ગત વર્ષે જે વાવણી ૩૨૮ લાખ હેક્ટરમાં થઈ હતી, તે આ વર્ષે વધીને ૩૩૪.૧૭ લાખ હેક્ટર સુધી પહોંચી ગઈ છે. વાવણીના આ વધેલા વ્યાપને કારણે આગામી સમયમાં ઘઉંનું વિક્રમી ઉત્પાદન થવાની પૂરેપૂરી સંભાવના છે. નવા પાકની આવક શરૂ થાય તે પહેલાં જૂનો સ્ટોક ખાલી કરવો અનિવાર્ય હતો, જે માટે નિકાસ જ શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થશે.માત્ર અનાજ જ નહીં, પણ ખાંડ ઉદ્યોગ માટે પણ આ સમાચાર મીઠાશ લઈને આવ્યા છે. કેન્દ્ર સરકારે અગાઉ નવેમ્બર ૨૦૨૫માં ૧૫ લાખ ટન ખાંડની નિકાસ મંજૂર કરી હતી, જેમાં હવે વધારાના ૫ લાખ ટનનો ઉમેરો કરવામાં આવ્યો છે. જોકે, અગાઉના ક્વોટામાંથી હજુ મોટો જથ્થો નિકાસ થવાનો બાકી છે, પરંતુ આ નવા નિર્ણયથી ખાંડ મિલોની આર્થિક તરલતામાં વધારો થશે અને તેઓ ખેડૂતોને શેરડીના બાકી નાણાંની ચૂકવણી ઝડપથી કરી શકશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, મહા વદ-13

# સાઉથ બ્લોકમાં છેલ્લી કેબિનેટ મીટીંગ થઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'સેવાતીર્થ' કોમ્પ્લેક્સનું ઉદઘાટન કર્યું છે. હવે આ કાર્યાલયમાં પીએમઓ, નેશનલ સીક્યુરીટી કાઉન્સીલ સચીવાલય (એનએસસીએસ) અને કેબિનેટ સચીવાલય કામ કરશે. પીએમઓ રાઈસેના હીલ્સ ખાતે આવેલા સાઉથ બ્લોકમાંથી સેવાતીર્થમાં શીફ્ટ થઈ ગયું છે. વડાપ્રધાને નવા કોમ્પેલસમાં લગાડવામાં આવેલી સેવાતીર્થની ટકતીનું અનાવરણ કર્યું હતું. કોમ્પલેક્સની દીવાલ પર દેવનાગરી લીપીમાં 'સેવાતીર્થ' લખ્યું છે. એની નીચે 'નાગરીક દેવો ભવ' (નાગરીક ભગવાન સમાન છે) મંત્ર લખવામાં આવ્યો છે. જૂની પીએમ ઓફિસમાં છેલ્લી કેબિનેટ મીટીંગ મળી ગઈ. વડાપ્રધાનની ઓફિસ ૧૯૪૭થી સાઉથ બ્લોકમાં રહી છે. આ ઓફિસ છેલ્લા ૭૮ વર્ષોથી સત્તાનું કેન્દ્ર રહી છે. મોદી સરકાર ૨૦૧૪થી બ્રીટીસ સમયના સંસ્થાનો દુર કરી રહી છે.બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં બાંગ્લાદેશ નેશનલીસ્ટ પાર્ટી (બીએનપી)એ ૨/૩ બહુમતી મેળવી લીધી છે. સંસદની ૨૯૯ બેઠકોમાંથી બીએનપીના ગઠબંધને ૨૦૭ બેઠકો જીતી છે જ્યારે જમાતના ગઠબંધનને ફક્ત ૭૯ બેઠકો મળી છે. હવે બાંગ્લાદેશમાં નવી શરૂઆત થઈ રહી છે. બીએનપીની ઐતિહાસીક જીત અને સફળતા માટે અમેરિકાએ તારીક રહેમાનને અભિનંદન આપ્યા છે. બાંગ્લાદેશની સ્થાનીક ટીવી ચેનલોમાં બીએનપીની જીતની આગાહી કરવામાં આવી હતી. બાંગ્લાદેશના અંગ્રેજી અખબાર ન્યુસ એજએ પણ બીએનપીની જીતની આગાહી કરી હતી. એજ રીતે ઢાકા ટ્રીબ્યુને પણ બીએનપીની તરફેણ કરી હતી. ધ ડેઈલી સ્ટારએ લખ્યું છે કે, બીએનપીની જીત દેશના ભવિષ્ય માટે યોગ્ય છે. લંડનમાં લગભગ ૧૭ વર્ષ સુધી રાજકીય શરણાગતી લીધા પછી તારીક રહેમાન ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં જ ઢાકા પરત ફર્યા હતા. બાંગ્લાદેશના અખબાર પ્રથમ આલોકના કહેવા પ્રમાણે તારીક રહેમાનના પ્રચારમાં કેટલીક આંચકાજનક વાતો હતી જેનો સ્વિકાર લોકોએ કર્યો છે.માતા વૈષ્ણોદેવી ભવનની સુરક્ષામાં મોટી ખામી બહાર આવી છે. 'શીખા નામના એક કન્ટેન્ટ ક્રિએટરે અતી સુરક્ષીત ગણાતા માતા વૈષ્ણોદેવીના ગર્ભગૃહ, પ્રવિત્ર ગુફા, પ્રાચીન ગુફા, અટકા આરતી સ્થળ તેમજ ચરણામૂત્ર સ્થળ જેવા સ્થળોના વીડિયો તેમજ ફોટોગ્રાફસ સોશ્યલ મીડિયા પર મૂક્યા છે. આ વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યા છે. સુરક્ષાના કારણોસર ભવનની અંદર ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરવા પર પ્રતિબંધ છે. વીડિયો પ્રસારીત થયા પછી વૈષ્ણોદેવી શ્રાયન બોર્ડએ પોલીસ ફરિયાદ દાખલ કરી છે. ભવનની સુરક્ષા કરનાર કર્મચારીઓની ભૂલ પણ સામે આવી છે. સોશ્યલ મીડિયામાં ફરી રહેલા વીડિયોમાં ભવનની અંદરના ગર્ભગૃહમાં કેટલાક એવા હિસ્સા પણ દેખાઈ રહ્યા છે કે જે ખૂબ જ સુરક્ષીત અને સંવેદનશીલ ગણાય છે.સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે, ચાર્જશીટ ફાઈલ થવા સુધી આગોતરા જામીન અટકાવી શકાય નહીં. આ જામીન ત્યાં સુધી લંબાવી શકાય છે કે જ્યાં સુધી બીજું કોઈ કારણ ઉભુ નહી થાય. જસ્ટીસ જે બી પારડીવાલા અને જસ્ટીસ કે વી વિશ્વનાથનની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટનો હુકમ રદ કર્યો હતો. અલ્હાબાદ હાઈકોર્ટે પહેલા પોલીસ રીપોર્ટ ફાઈલ થતા સુધી આગોતરા જામીન આપ્યા હતા, પરંતુ સમય સીમા નક્કી કરીને બીજી વખત કરેલી આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું હતું કે, 'કાયદો સારી રીતે સુનિશ્ચિત છે. એકવાર આગોતરા જામીન મળી જાય તો કેટલાક ખાસ અપવાદો સિવાય એની કોઈ સમય મર્યાદા હોતી નથી. ચાર્જશીટ ફાઈલ કરવાથી, કોગ્નીજન્સ લેવાથી કે સમન્સ મોકલવાથી આ સલામતી ખતમ થતી નથી.'હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સ્ટાર રણવીર સિંહને થોડા દિવસો પહેલા બિશ્નોઇ ગેંગ તરફથી ધમકી મળી હતી. રણવીર સિંહ પાસે એક કરોડ રૂપિયાની ખંડણી માંગવામાં આવી હતી. હવે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ખબર પડી છે કે બિશ્નોઇ ગેંગના ખાસ ગેંગસ્ટર ગણાતા હેરી બોક્સરએ વોઈસ નોટ દ્વારા રણવીર સિંહને ધમકી આપી હતી. આ બાબતને મુંબઈ પોલીસે ખૂબ ગંભીરતાથી લીધી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે કરેલી તપાસમાં વોઈસ મેલમાં હેરી બોક્સરનો જ અવાજ હોવાના પુરાવા મળ્યા છે. આ વોઈસ નોટને ફોરેન્સીક રીપોર્ટ માટે મોકલવામાં આવી છે. રોહીત શેટ્ટીના ઘર પર ફાયરીંગ કર્યા પછી હેરી બોક્સરે રણવીર સિંહને ધમકી મોકલી હતી. જોકે આ વખતે મુંબઈ પોલીસ અને સરકાર કોઈપણ હિસાબે હેરી બોક્સરને પ્રત્યાર્પણ સંધી મારફતે પરત ભારત લાવવા માંગે છે.

# ડીસાના રમુણ ખાતે સ્પોર્ટ્સ મેદાન અને લાયબ્રેરીનું લોકાર્પણ કરતા મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી








પાલનપુર | રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે ડીસા તાલુકાના રમુણ ગામ ખાતે ગામના સર્વાંગી વિકાસને ગતિ આપતા નવ નિર્મિત સ્પોર્ટ્સ મેદાન તેમજ અદ્યતન સુવિધાઓથી સજ્જ લાયબ્રેરીનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીનું પુસ્તકોથી રજત તુલા કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ગામના નાગરિકો, યુવાનો અને વિદ્યાર્થીઓમાં આ નવા વિકાસ કાર્યોને લઈને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, જ્યારે વિકાસના કાર્યોમાં બાળકો, યુવાનો અને વડીલો સહિત સૌના હિતને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવે છે, ત્યારે સાચી સમરસતા અને એકજૂટતા સર્જાય છે. રમુણ ગામે લાયબ્રેરીના નિર્માણ, તેની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા સ્થાપિત કરવાની વ્યવસ્થા તેમજ સ્પોર્ટ્સ મેદાન જેવી સુવિધાઓ ઊભી કરીને એકતા અને વિકાસનું પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું છે, જે સમગ્ર વિસ્તાર માટે માર્ગદર્શક સાબિત થશે.મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારના સતત પ્રયત્નોથી ગામના ત્રણેય તળાવો નર્મદાના પાણીથી ભરવાની મંજૂરી પ્રાપ્ત થઈ છે, જે રમુણના ભવિષ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ પગલું છે. પાણીની ઉપલબ્ધિ વધતાં ખેડૂતો વધુ ઉત્સાહ સાથે ખેતી કરશે, આધુનિક ટેકનોલોજી અપનાવશે અને પોતાની ખેતીની ઉપજની ઉત્પાદનક્ષમતા વધારશે. પરિણામે ગામની આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને દેશના વિકાસમાં તેમનું યોગદાન વધુ સશક્ત બનશે.

# લીમટવાડા ગામના બસ સ્ટેશન પાસે થયેલા અકસ્માત માં બાઈક ચાલક યુવાનનું મોત



ભરત શાહ, નર્મદા: તા. ૧૪ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના લીમટવાડા ગામના બસ સ્ટેશન પાસે થયેલા અકસ્માત માં બાઈક ચાલક યુવાનનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. રાજુભાઈ સુમલાભાઈ રાઠવા ઉ.વ.૪૭ ધંધો.પ્રા નોકરી હાલરહે. ઈન્દ્રપ્રસ્થ સોસાયટી મકાન નં.૪૫૫ અંદાડા, અંકલેશ્વર જી.ભરૂચ મુળ રહે. વગુદણ(જા), ઉચલા ફળીયા. પો.નવાલજા તા.કવાંટ જી.છોટાઉદેપુર નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તેમનો દીકરો નિરવભાઈ રાજુભાઈ રાઠવા ઉ.વ.૨૫ પોતાના કબ્જાની હોન્ડા કંપનીની SP સાઈન મો.સા નં.GJ-16-DR-9404ની લઈને વગુદણ ગામેથી ભોરઆંમલી ગામે પોતાના મામાના ઘરે જતા હતા તે દરમ્યાન નાના લીમટવાડા ગામના બસ સ્ટેન્ડ પાસે ખામર તરફથી એક આઈસર ટ્રક નં. GJ-18-BT-4079ના ચાલક પુરઝડપે હંકારી લાવી સામેથી એક્સીડ્રન્ટ કરી નીચે રોડ ઉપર પાડી માથામાં તથા મોઢાના ભાગે તથા જમણા પગની એડી પાસે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નીપજાવી ગુનો કરતા રાજપીપળા પોલીસે આઈશર ટ્રકના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# રાજપીપલાના જીન કમ્પાઉન્ડ ખાતે માછી યુવક મંડળ રાજપીપલાનો 35 મો સમૂહ લગ્નોત્સવ યોજાયો



ભરત શાહ, નર્મદા : તા. ૧૪ માછી યુવક મંડળ રાજપીપલા આયોજિત 35 મો સમૂહ લગ્ન ઉત્સવ કાર્યક્રમ જીન કમ્પાઉન્ડ રાજપીપલા ખાતે યોજાઈ ગયો. બાદમાં મંડળના પ્રમુખ /મંત્રી તેમજ સદસ્યો દ્વારા મહાનોભાવોને પુષ્પહાર/ પુષ્પગુચ્છ દ્વારા સત્કારવામાં આવ્યા હતા. સમૂહ લગ્નોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત પૂ. શિવરામદાસજી મહારાજ પૂ. રજનીકાંત પંડ્યા પૂ. સ્વામી સિદ્ધેશ્વરદાસજી ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ ધારી સુગર ફેક્ટરીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ માજી ધારાસભ્ય પી.ડી. વસાવા અર્જુનભાઈ માછી વગેરે એ સમૂહ લગ્નોત્સવ પ્રસંગને અનુરૂપ પોતાના વક્તવ્યોમા માછી યુવક મંડળ રાજપીપલા દ્વારા વર્ષોથી થતી સમૂહ લગ્નની આ નિ:સ્વાર્થ પ્રવૃત્તિને પ્રવર્તમાન સમયની સરાહનીય સમાજ ઉપયોગી કામગીરી જણાવીને તેને બિરદાવી પ્રભુતામાં પગલા પાડનાર ૧૪ જેટલા યુગલોને પોતાની વાણીમાં આશીર્વાદ આપી આશીર્વચન પાઠવી સમૂહ લગ્નોત્સવના આ યજ્ઞમાં જોડાવા બદલ સહદય શુભેચ્છાઓ પાઠવી હતી.

# નાના કણકોટમાં નિલ ગાયને હડકવા ઉપડતાં બે ગ્રામજનો પર હુમલો

### અમરેલી જિલ્લામાં શ્વાનો બાદ રાની પશુઓનો આતંક

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં માનવી પર શ્વાનના હુમલાઓ બાદ હવે રાની પશુનાં હુમલાથી લોકો ભયભીત બન્યા છે. લીલીયાનાં નાના કણકોટ ગામે હડકવા ઉપડતા એક નિલગાય (રોઝ)એ મહિલા - પુરૂષ પર હુમલો કરતાં બન્નેને સારવાર માટે ખસેડાયા હતા.

બન્ને ઈજાગ્રસ્તોને સારવાર માટે અમરેલી ખસેડાયા, વન વિભાગે નિલગાયને પકડી પણ સારવાર પહેલાં મોત નાના કણકોટ ગામમાં ભાનુબેન બટુકપરી ગોસ્વામી સાંજે ઘરની બહાર તાપણાં રીંગણા શેકી રહ્યા હતા ત્યારે અચાનક ધસી આવેલા મહાકાય રોઝે તેમના પર હુમલો કર્યો હતો. રોઝે મહિલાને ફંગોળીને ચારથી પાંચ વખત જમીન પર પછાડતા તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

મહિલા પર હુમલો કર્યા બાદ આ રોઝ ગામના દલિત વાસમાં ઘૂસી ગયો હતો. ત્યાં તેણે રમેશભાઈ બાબરીયા નામના શખ્સને અડફેટે લીધા હતા. રોઝે રમેશભાઈને પણ ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. દામનગર સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ બંનેને વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતા. જેના પગલે વન વિભાગે ઘટના સ્થળે પહોંચી નિલ ગાયને પકડી હતી, પણ હડકવા થયો હોવાથી સારવાર મળે એ પહેલા મોત નીપજ્યું હતું.

### કન્સર્ન ઈન્ડીયા ફાઉન્ડેશનના હેડ અનિલભાઈ શાહે લીધી મુલાકાત

# બાવળના ઝાડ નીચે શરૂ થયેલી શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળાની ગૌરવશાળી સફર

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

જૂન ૨૦૧૮માં બાવળના ઝાડ નીચે અત્યંત પ્રાથમિક અવસ્થામાં શરૂ થયેલી શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળા આજે પ્રગતિના નવા શિખરો સર કરી રહી છે. અનિલભાઈ શાહે વિદ્યાર્થીઓને પ્લાસ્ટિકમાંથી પેટ્રોલિયમ બનાવવાના પ્રોજેક્ટને મોટા પાયે વિકસાવવા માટે પ્લાન્ટ શરૂ કરવા અને તેમને પ્રોત્સાહન પૂરું પાડવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે ૨૦૧૮થી શાળાને આધુનિક દિશા આપનાર KFFFDT સંસ્થાના શ્રી જયેશભાઈ લાલકા અને સેતુ અભિયાનના શ્રી ગોપાલભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના વિકાસમાં પાયાનું માર્ગદર્શન આપનાર વડીલ લીલાધર દાદાનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.સાથે જ, શાળામાં ઉત્કૃષ્ટ સેવાઓ આપી ભાવનગર બદલી પામેલ શિક્ષક શ્રી જયકિશનભાઈ મકવાણાના કાર્યોને પણ યાદ કરવામાં આવ્યા હતા.

યુવાધન ખોટા આંદોલનો તરફ ન વળતા શિક્ષણ અને રોજગાર તરફ વળે તેવા ઉદ્દેશ્ય સાથે, વિદ્યાર્થીઓ સરકારી નોકરી મેળવી લક્ષ્ય પ્રાપ્ત કરી શકે તે માટે શાળામાં લાઈબ્રેરી બનાવી આપવાની જાહેરાત કરવામાં આવી હતી. વધુમાં, બિપરજોય વાવાઝોડામાં પડી ગયેલા બાવળની જગ્યાએ વડ વાવીને શાળામાં એક 'સર્જનાત્મક કુંજ' બનાવવાની ઈચ્છા શ્રી જયેશભાઈ લાલકા દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

# ખારી ધારીયાલ ગામે ઠાકોર સમાજના બંધારણ ની મર્યાદામાં ઠાકોર પરીવારે લગ્નપ્રસંગ કર્યો



નિતીન ઠાકર | ચાણસ્મા | સદારામ બાપા ના આશિર્વાદથી ઠાકોર સમાજ દ્વારા લગ્નપ્રસંગ મામેરૂ. મરણ પ્રસંગ બોલામણા પ્રથા જેવા સામાજિક બિનજરૂરી ખર્ચા પર અંકુશ લવાય તેવા શુભ હેતું સર આંગડનાથ (થળી)ની જગ્યામાં મળેલા ઠાકોર સમાજના વિશાળ સંમેલનમાં સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા બનાવવામાં આવેલ બંધારણ સંદર્ભે ગામે ગામે ઠાકોર સમાજ દ્વારા લગ્નપ્રસંગ હોય કે મામેરા પ્રસંગમાં સમાજના નિયત કરાયેલ બંધારણની . મર્યાદામાં રહીને સામાજિક પ્રસંગો કરી રહ્યા છે ત્યારે ચાણસ્મા તાલુકા ના ખારી ધારીયાલ ગામે દશાજી કાનાજી ઠાકોરના ઘરે બે દિકરીઓના. લગ્નપ્રસંગે મામેરામાં બંધારણના નિયમ કરાયું હતુ આમ ઠાકોર પરીવાર બંધારણની મર્યાદા નું ચુસ્ત પાલન કરી આખો લગ્નપ્રસંગ પાર પાડી ગામના ઠાકોર સમાજના અન્ય પરિવારોને પ્રેરણા પુરી પાડી હતી જેમાં યુવા અગ્રણી શંભુજી ઠાકોર બળદેવજી ચંદન જી નટાજી કાનાજી. દ્વારા ઠાકોર સમાજના બંધારણનો અમલ ઠાકોર પરીવારો દ્વારા કરવામાં આવે તે માટે સમાજ પરીવાર આગેવાનો સાથે બેઠક લોકસંપર્ક કરી સમાજ ઉપીયોગી સામાજિક કાર્ય કરી સામા સમાજસેવક બન્યા હોવાનો અને એક પરીવાર દ્વારા બંધારણ મુજબ લગ્નપ્રસંગ કરતાં. સામાજિક કાર્ય કર્યાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

# શિવજી કી સવારી આઈ.... ભવનાથ નગરીયા મે.... મહાશિવરાત્રીના મેળામાં જાણીતા પાશ્વ ગાયક પાર્થ ઓઝા



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૩ મહાશિવરાત્રીના મેળાના ત્રીજા દિવસે ભક્તિ સંગીત માટે જાણીતા પાશ્વ ગાયક શ્રી પાર્થ ઓઝાએ ભગવાન શિવજીની ભક્તિમય પ્રસ્તુતિ આપીને શ્રોતાઓને ડોલાવ્યાં હતા.ઉપરાંત લોકગાયક રાજદાન ગઢવીએ શિવભક્તિ અને ગુજરાતના આગવા લોકગીતો રજૂ કરીને જમાવટ કરી હતી, આ પ્રસ્તુતિઓ સાંભળી હજારો શ્રોતાઓ ભાવવિભોર બન્યા હતા.

## શ્રી અર્પણ ફટાણીયા ગિરનારી ભૂમિ પર ભજન ગાઈ વાણી પવિત્ર કરે છે



જૂનાગઢ તા.૧૪. . સિદ્ધો-તપસ્વીઓની ગિરનારી ભૂમિ પર અનેક ભાવિકો ભજન, ભક્તિનું ભાથુ બાંધવા શ્રદ્ધા ભાવ સાથે આવે છે, મહાશિવરાત્રીના મેળામાં પણ દૂરસુદૂરથી આવીને શ્રદ્ધાળુઓ અનેરા ભક્તિભાવ સાથે પધારે છે- ભવનાથ મહાદેવ અને ગિરનારી મહારાજના સાનિધ્યમાં ભજન કરીને પોતાને ભાગ્યવાન માને છે.

## મેળામાં અનોખી પરંપરા, નાગા સાધુઓ 'જંગમ સાધુ ને દક્ષિણા આપે છે

જૂનાગઢ તા.૧૪. જૂનાગઢમાં ગિરનારની ગોદમાં દર વર્ષે ભરાતો મેળો એટલે સાધુ-સંતો અને અઘોરી બાવાઓનો મહાકુંભ, આ મેળામાં અનેક સંપ્રદાયના સાધુ, સંતો આવે છે, જે પૈકી ''જંગમ સાધુઓ' પોતાનું એક વિશિષ્ટ અને આગવું મહત્ત્વ ધરાવે છે. સામાન્ય રીતે ભાવિકો, ભક્તો મહાશિવરાત્રીના મેળામાં પધારતા નાગા સાધુ, સંતોને ભેટ ધરતા હોય છે, જ્યારે આ નાગા સાધુઓ એ જંગમ સાધુઓને દક્ષિણા આપવાનો અનેરો ઈતિહાસ છે. જંગમ શબ્દનો અર્થ ગતિશીલ અથવા જે સ્થિર નથી તે.

## વિશ્વકર્મા ની જુનાગઢ ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવના પાવન પવિત્ર મેળામાં ઉપસ્થિતિ

જૂનાગઢ તા.૧૪. જૂનાગઢની પવિત્ર ધરા, ગિરનારની ગૌરવમય તળેટી અને ભવનાથ મહાદેવના અલૌકિક ધામમાં મહાશિવરાત્રી ના પાવન અવસરે ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઊર્જાનો અદભૂત સંગમ સર્જાયો હતો. આ પાવન ક્ષણોમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ તબક્કાવાર જિલ્લા પ્રવાસે નીકળેલા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા જૂનાગઢ પધાર્યા અને તેમણે પોતાની યાત્રાને ધાર્મિકતા અને સનાતન સંસ્કૃતિના પ્રણામ સાથે આરંભી.

## 'બાલસ્વરૂપ નાગા સાધુ' અને 'કબૂતરવાળા બાપુ' આકર્ષણનું કેન્દ્ર

જૂનાગઢ તા.૧૪. જૂનાગઢ ગિરનારની ગોદમાં આવેલી ભવનાથ તળેટી અત્યારે હર હર મહાદેવના નાદ અને સાધુ-સંતોના ધૂણાની ધુમ્રશેરોથી મંગલમય બની ગયું છે, મહાશિવરાત્રીના મેળાના ચોથા દિવસે માનવ મહેરામણ ઉમટી પડ્યું છે, જેમાં સાધુઓની અનોખી દુનિયાના દ્રશ્યો શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કરી રહ્યા છે. જેમાં ખાસ કરીને બાલસ્વરૂપ નાગા સાધુ : આ મેળામાં સૌથી વધુ આકર્ષણ બાલસ્વરૂપ નાગા સાધુઓ જમાવી રહ્યા છે. તેમને નિહાળીને ભક્તોના મુખેથી સહજ રીતે જ 'આજ તો હમારે દ્વાર બાલ જોગી આયો'ના ભજનની પંક્તિઓ સરી પડે છે.

## મેળામાં અનોખી પરંપરા, નાગા સાધુઓ 'જંગમ સાધુ ને દક્ષિણા આપે છે

જૂનાગઢ તા.૧૪. જૂનાગઢમાં ગિરનારની ગોદમાં દર વર્ષે ભરાતો મેળો એટલે સાધુ-સંતો અને અઘોરી બાવાઓનો મહાકુંભ, આ મેળામાં અનેક સંપ્રદાયના સાધુ, સંતો આવે છે, જે પૈકી ''જંગમ સાધુઓ' પોતાનું એક વિશિષ્ટ અને આગવું મહત્ત્વ ધરાવે છે. સામાન્ય રીતે ભાવિકો, ભક્તો મહાશિવરાત્રીના મેળામાં પધારતા નાગા સાધુ, સંતોને ભેટ ધરતા હોય છે, જ્યારે આ નાગા સાધુઓ એ જંગમ સાધુઓને દક્ષિણા આપવાનો અનેરો ઈતિહાસ છે. જંગમ શબ્દનો અર્થ ગતિશીલ અથવા જે સ્થિર નથી તે.

## કમલેશભાઈ પટેલે મહાશિવરાત્રીના મેળામાં પગપાળા ચાલીને ભગવાન મહાદેવના ભાવપૂર્વક દર્શન કર્યા

જૂનાગઢ તા.૧૪ રાજ્યના નાણાં અને પોલીસ હાઉસિંગ વિભાગના રાજ્યમંત્રીશ્રી કમલેશભાઈ પટેલ આજે મહાશિવરાત્રીના મેળામાં સહભાગી થયા હતા, રાજ્યમંત્રીશ્રી ગિરનાર દરવાજાથી મહાશિવરાત્રીના મેળામાં મહાલતા ભાવિકોની વચ્ચે પગપાળા ચાલીને ભવનાથ મહાદેવ મંદિર ખાતે દર્શનાર્થે પહોંચ્યા હતા. રાજ્યમંત્રીશ્રીની સાથે ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા પણ પદયાત્રા કરીને ભવનાથ મહાદેવના ભાવપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ એસ. ટી. નિગમ દ્વારા કુલ ૧,000 બસોનું સંચાલન

રાજ્યના ખૂણે-ખૂણેથી આવતા યાત્રિકોને પરિવહનમાં કોઈ અગવડ ન પડે તે માટે આ વર્ષે કુલ ૧,૦૦૦ બસોનું સંચાલન કરવામાં આવશે. મેળા દરમિયાન જૂનાગઢ, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લા જેવા જેમાં નજીકના જિલ્લાઓમાંથી આવતા શ્રદ્ધાળુઓ માટે ૩૩૦ બસોનું સંચાલન કરવામાં આવ્યું છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર, કચ્છ, અમરેલી, ભાવનગર, મોરબી અને બોટાદ જેવા અન્ય જિલ્લાઓમાંથી આવતા યાત્રિકો માટે નિગમ દ્વારા વધારાની ૫૦૦ બસોનું આયોજન કરવામાં આવ્યું છે.

# પ્રેમની નવી ભાષા: વેલેન્ટાઇનનો ગિફ્ટ જે કાળજી અને સાચી ભાવનાને દર્શાવે છે

વેલેન્ટાઈન ડે હવે માત્ર મોટા દેખાવ અથવા એક દિવસના જશ્ન સુધી મર્યાદિત નથી. આજે ગિફ્ટ આપવું વધુ વ્યક્તિગત, વિચારી-સમજીને અને રોજિંદી કાળજી સાથે જોડાયેલું છે. લોકો હવે માત્ર પોતાના જીવનસાથીને નહીં, પરંતુ મિત્રોને, કુટુંબને અને પોતાના માટે પણ આ દિવસે ખાસ અનુભવ કરાવવા ઈચ્છે છે. આ સ્થિતિમાં, લોકો એવા ગિફ્ટ પસંદ કરી રહ્યા છે જે હૃદય સાથે જોડાયેલા હોય અને રોજિંદા જીવનમાં ઉપયોગી પણ હોય. આ બદલાવ સાથે, હવે લોકો ચૉકલેટ અને ફૂલોથી આગળ વધી નવા અને વધુ સારાં વિકલ્પો પસંદ કરી રહ્યા છે. કેલિફોર્નિયા બદામ એક સમજદારીપૂર્ણ ગિફ્ટ વિકલ્પ તરીકે ઊભર્યા છે – જે શ્રેષ્ઠ સ્વાદ સાથે રોજિંદા આરોગ્યનું પણ ધ્યાન રાખે છે. આ સરળતાથી દૈનિક જીવનનો ભાગ બની જાય છે, જેના કારણે આ એવું ગિફ્ટ બની જાય છે જે વેલેન્ટાઈન ડે પછી પણ લાંબા સમય સુધી ખાસ રહે છે. પ્રાકૃતિક રીતે પોષક તત્વોથી ભરપૂર અને વિવિધ રીતે ઉપયોગી, કેલિફોર્નિયા બદામ સરળતાથી રોજિંદી રુટીનમાં સામેલ થઈ જાય છે, ખાસ કરીને સવારે શરૂઆતમાં. ભીગેલા બદામ, સ્મૂધી અથવા નાસ્તાના બાઉલમાં એડ કરી શકાય છે. તે સંતુલિત અને વધુ સારી જીવનશૈલી અપનાવવામાં મદદ કરે છે. ગિફ્ટ તરીકે બદામ આપવું એ સરળ રીત છે કે તમારી કાળજી ફક્ત એક દિવસ માટે નહીં, પરંતુ દરરોજ માટે છે.દરરોજ સવારે કાળજીનો અનુભવ કરાવતો ગિફ્ટ : નાની અને નિયમિત આદતો ઘણીવાર મોટો બદલાવ લાવે છે, અને સવારે દિવસની દિશા નક્કી કરે છે. સવારેની રુટીનમાં કેલિફોર્નિયા બદામનો સમાવેશ કરવો પોષણ અને ઊર્જા મેળવવાનો સરળ શરૂઆત છે. પ્રોટીન, ફાઈબર અને હેલ્ધી ફેટ સહિત 15 જરૂરી પોષક તત્વોથી ભરપૂર બદામ રોજિંદા આરોગ્ય માટે સરળ અને અસરકારક



વિકલ્પ છે. ઋતિકા સમદ્દાર, રીજનલ હેડ - ડાયટેટિક્સ, મેક્સ હેલ્થકેર, નવી દિલ્હી, કહે છે, "હું ઘણીવાર દિવસની શરૂઆત કેલિફોર્નિયા બદામથી કરવા સલાહ આપું છું, કારણ કે તેમાં પ્રોટીન અને ડાયેટરી ફાઈબર સારી માત્રામાં હોય છે. સવારે નિયમિત રીતે બદામ ખાવાથી બ્લડ શુગરને વધુ સારી રીતે નિયંત્રિત કરવામાં મદદ મળી શકે છે, ફાસ્ટિંગ ઈન્સ્યુલિન સ્તર સંતુલિત રહેવામાં સહાય થઈ શકે છે અને લાંબા સમય સુધી પેટ ભરેલું અનુભવ થાય એટલે વજન નિયંત્રણમાં પણ મદદ મળે છે. આ સરળ આદત લાંબા સમય સુધી સ્વસ્થ જીવનશૈલીને ટેકો આપે છે." શીલા કૃષ્ણસ્વામી, ન્યુટ્રીશન અને વેલનેસ કન્સલ્ટન્ટ કહે છે, "આજનો સમજદારીભર્યો ગિફ્ટ એવો છે જે આરોગ્ય અને સુખાકારીને ટેકો આપે, અને બદામ તેવા જ ગિફ્ટ હોઈ શકે છે. તે પ્રાકૃતિક રીતે પોષક તત્વોથી ભરપૂર, અનુકૂળ અને રોજિંદી રુટીનમાં સામેલ કરવો સરળ છે, ખાસ કરીને સવારેની આદત તરીકે. પ્રોટીન, ફાઈબર, હેલ્ધી ફેટ્સ અને કેટલીક વિટામિન્સ અને મિનરલ્સ સાથે, નિયમિત સેવન હૃદયની તંદુરસ્તી, વજન નિયંત્રણ અને ત્વચાની આરોગ્ય માટે પણ લાભદાયક થઈ શકે છે. આ એવો ગિફ્ટ છે જે કાળજીને સૌથી વ્યવહારિક રીતે દર્શાવે છે."પ્રેમની આધુનિક ભાષા - સ્વાદ, ચમક અને સુખાકારી : પોષણ સાથે સાથે, યુવા ગ્રાહકો ગિફ્ટિંગને આત્મ-કાળજી અને દેખાવ સાથે વધુ જોડતા જાય છે, જેના કારણે "તમારા માટે સારું" એવા વિકલ્પો ઉત્સવના પળોમાં વધુ મહત્વના બની રહ્યાં છે. બોલીવુડ અભિનેત્રી સોહા અલી ખાનએ શેર કર્યું, "કેલિફોર્નિયા બદામનો મિક્સડ બોક્સ વેલેન્ટાઈન ડે માટે શાનદાર ગિફ્ટ બની શકે છે. તે પ્રાકૃતિક, પોષક તત્વોથી ભરપૂર નટ્સ અનેક આરોગ્ય લાભ આપે છે, જેમાં ત્વચાના આરોગ્યનું સમર્થન કરવું પણ શામેલ છે. બદામમાં હેલ્ધી ફેટ અને વિટામિન E (અલ્ફા-ટોકોફેરોલ) પૂરતી માત્રામાં હોય છે, જે પોતાની એન્ટિ-એજિંગ ગુણ માટે જાણીતા છે. ખરેખર, નિયમિત રીતે બદામને આહારમાં સામેલ કરવાથી ત્વચાની બન્નેટમાં સુધારો કરી શકાય છે અને ત્વચાની UVB કિરણો સામે પ્રતિકાર શક્તિ વધારી શકાય છે."ગિફ્ટિંગથી લઈને રોજિંદી રૂટીન સુધી : તમામ બહુમુખી ઉપયોગ અને વિવિધ પ્રસંગોમાં આનંદ માણવાની ક્ષમતા સાથે, કેલિફોર્નિયા બદામ દર્શાવે છે કે ગિફ્ટિંગની વ્યાખ્યા કેવી રીતે બદલાઈ રહી છે – હવે આ માત્ર એક દિવસની ખુશી નહીં, પરંતુ રોજિંદી સુખાકારીનો ભાગ બની રહી છે. તેને પ્રીમિયમ બોક્સમાં ગિફ્ટ તરીકે આપો, નાસ્તામાં મિક્સ કરો અથવા ઘરેજ સવારેની સરળ રૂટીન તરીકે વહેંચો, બદામ આધુનિક અને અર્થપૂર્ણ રીતે પ્રેમ વ્યક્ત કરવાનો પ્રતીક બની જાય છે."

## રાષ્ટ્રીય સંસ્થામાં વાઈસ પ્રેસીડેન્ટ તરીકે બિન હરીફ વરણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૪. રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા એનિમલ ન્યુટ્રીશન એસોસિએશન ઓફ ઈન્ડિયાની તાજેતરમાં યોજાયેલ ચુંટણીમાં વાઈસ પ્રેસીડેન્ટ (વેસ્ટ ઝોન) તરીકે ૨૦૨૬-૨૦૨૮ વર્ષ માટે પશુ ચિકત્સા અને પશુપાલન મહાવિદ્યાલય,કામધેનુ યુનિવર્સિટી જૂનાગઢના સહ પ્રાધ્યાપક અને બુલ મધર ફાર્મ, કામધેનુ યુનિવર્સિટી, અમરેલીના યુનિટ હેડ તરીકે ફરજ બજાવતા ડૉ.હરીશ એચ. સવસાણી બિનહરીફ ચૂંટાય આવ્યા છે અને હવે તેવો ગુજરાતનું રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કરી આ સંસ્થાના વિકાસ માટે પોતાની સેવાઓ આપશે. આ ઉપરાંત તેવો અન્ય રાષ્ટ્રીય સંસ્થામાં પણ જોઈન્ટ સેક્રેટરી (ANSI) કે એક્ઝીક્યુટીવ બોડીમાં મેમ્બર્સ (ANA) તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

## ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ

રણુંજ | તા.14/02/26 ના રોજ આપણી ખ્યાતનામ શાળા રણુંજ હાઈસ્કૂલ, રણુંજમાં ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારોહના મુખ્ય મહેમાન તરીકે શાળાના જ ભૂતપૂર્વ અને આદર્શ વિદ્યાર્થીઓ શ્રી વિક્રમજી ભીખાજી ચૌહાણ (પાટણ જિલ્લા પંચાયત સદસ્ય) અને શ્રી કિરણભાઈ ભાનુપ્રસાદ જાની (અધ્યક્ષ ભારતીય જનતા પાર્ટી ચાણસ્મા તાલુકો) હાજર રહ્યા હતા. તેઓએ પોતાના વક્તવ્યમાં શાળાના યાદગાર પ્રસંગો ને યાદ કરી વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાનો ખોટો ભય દૂર કરી ચિંતામુક્ત રહી પરીક્ષા આપવા અનુરોધ કર્યો હતો તેમજ વિદ્યાર્થીઓને ધાર્યું પરિણામ પ્રાપ્ત કરી જ્વલંત સફળતા પ્રાપ્ત કરવા અપીલ કરી હતી.

# રેલવે 'રિફોર્મ એક્સપ્રેસ': ઓન-બોર્ડ સેવાઓ અને લોજિસ્ટિક્સમાં નવો અધ્યાય

**સામાન્ય કોચ પર ધ્યાન કેન્દ્રિત કરીને એક ઐતિહાસિક પગલામાં, રેલવે ટ્રેનોની સતત સફાઈનું લક્ષ્ય રાખે છે.**

**સેવા પ્રદાતાની ઓળખ કરવામાં આવશે; શ્રેષ્ઠ સફાઈ સુનિશ્ચિત કરવા માટે AI-સક્ષમ દેખરેખની જોગવાઈ**

**ક્ષેત્ર શિક્ષણ અને સુધારેલ કાર્યકારી કાર્યક્ષમતાના આધારે સમગ્ર ભારતીય રેલ્વેમાં અમલીકરણનું આયોજન**

**હાલમાં 124 મલ્ટી-મોડલ ટર્મિનલ્સ એક મહત્વપૂર્ણ સુધારામાં કાર્ગો-પ્લસ-પ્રોસેસિંગ હબ બનશે**

**લોજિસ્ટિક્સ ક્ષેત્રને વેગ આપવા માટે 500 થી વધુ ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સનું આયોજન**

કેન્દ્રીય રેલ્વે, માહિતી અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી, શ્રી અશ્વિની વૈષ્ણવે આજે જાહેરાત કરી કે 2026 દરમિયાન '52 અઠવાડિયામાં 52 સુધારા' હાથ ધરવાના ભારતીય રેલ્વેના સંકલ્પને અનુરૂપ, ભારતીય રેલ્વે દ્વારા બે નવા સુધારાઓને મંજૂરી આપવામાં આવી છે અને તેમનો અમલ તાત્કાલિક શરૂ થશે. તેમણે કહ્યું કે સુધારા એક વખતની ઘટનાઓ નથી પરંતુ સતત પ્રક્રિયા છે.શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારતીય રેલ્વે વિશ્વની બીજી સૌથી મોટી કાર્ગો કેરિયર બની ગઈ છે, જેમાં નવી પેઢીની ટ્રેનો અને સિસ્ટમમાં કામ કરવાની નવી રીતો ઉભરી રહી છે. પહેલા સુધારાને સમજાવતા, કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે 2026 થી, ભારતીય રેલ્વે ટ્રેનોની, ખાસ કરીને લાંબા અંતરની ટ્રેનોની, સંપૂર્ણ સફાઈ સુનિશ્ચિત કરશે. તેમણે જણાવ્યું હતું કે હાલની પદ્ધતિ હેઠળ, સફાઈ મોટાભાગે આરક્ષિત કોચ સુધી મર્યાદિત હતી, અને રેલ્વે ઈતિહાસમાં પહેલીવાર, સામાન્ય કોચની સફાઈને સિસ્ટમમાં સંપૂર્ણપણે સંકલિત કરવામાં આવી છે.તેમણે સમજાવ્યું કે અગાઉના 'ક્લીન ટ્રેન સ્ટેશન' ખ્યાલ, જે મર્યાદિત સ્ટેશનો પર સંપૂર્ણ સફાઈ પૂરી પાડતો હતો, તેને હવે ટ્રેનના મૂળ સ્થાનથી તેના ગંતવ્ય



સ્થાન સુધી સતત સફાઈ મોડેલ દ્વારા બદલવામાં આવી રહ્યો છે. શૌચાલય, કચરાના ડબ્બા, કેબિન આંતરિક ભાગો, પાણીની ઉપલબ્ધતા અને લાઈટ બંધ થવા જેવી નાની વિદ્યુત અથવા યાંત્રિક ખામીઓને મુસાફરી દરમિયાન સતત સંબોધવામાં આવશે જેથી મુસાફરોને મુસાફરીના વાતાવરણમાં નોંધપાત્ર સુધારો થાય તે માટે વિચાર પ્રક્રિયા સાથે આ સુધારો કરવામાં આવ્યો છે. ઝોનલ રેલ્વે સાથે પરામર્શ કરીને, આગામી છ મહિનામાં રોલઆઉટ માટે દરેક ઝોનમાં આશરે ચારથી પાંચ ટ્રેનો, મુખ્યત્વે લાંબા અંતરની અને વધુ ફૂટફોલ ટ્રેનો, ઓળખવામાં આવી છે. પ્રથમ તબક્કામાં ઝોનમાં કુલ 80 ટ્રેનો ઓળખી કાઢવામાં આવી છે, અને ત્રણ વર્ષના સમયગાળામાં ભારતીય રેલ્વેની બધી ટ્રેનોમાં આ સુધારાનો અમલ કરવામાં આવશે. ટ્રેનોની પસંદગી ફિલ્ડ ઈનપુટ્સ અને ઓપરેશનલ માપદંડોના આધારે મેનેજમેન્ટ સ્તરે કરવામાં આવી છે.મંત્રીએ વિગતવાર જણાવ્યું હતું કે સફાઈ આવર્તન સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત સેવા સ્તર કરારો હેઠળ સંપૂર્ણ ટેકનોલોજી-સક્ષમ વ્યાવસાયિક ટીમને રાખવામાં આવશે, જેમાં પીક અવર્સ દરમિયાન વધુ વારંવાર સફાઈ અને નોન-પીક અવર્સ દરમિયાન પ્રમાણમાં ઓછી આવર્તન સુનિશ્ચિત કરવામાં આવશે. સતત શૌચાલય સફાઈ, કચરો દૂર કરવા, કેબિનેટરી સફાઈ, લિનન હેન્ડલિંગ અને સંબંધિત સેવાઓ સુનિશ્ચિત કરવામાં આવશે.

## આસામ અને ઉત્તર બંગાળમાં લોકો આનંદ અને કૃતજ્ઞતા સાથે વધારાના ટ્રેન સ્ટોપેજનું સ્વાગત કરે છે





માલીગાંવ | ભારતીય રેલ્વે દ્વારા નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ના અધિકારક્ષેત્ર હેઠળ આસામ, પશ્ચિમ બંગાળ અને બિહારમાં ૮૨ સ્ટેશનો પર ઘણા વધારાના ટ્રેન સ્ટોપેજ શરૂ કરવાના નિર્ણયને મુસાફરો અને સ્થાનિક રહેવાસીઓમાં વ્યાપક પ્રશંસા અને હૃદયપૂર્વક ઉજવણીનો સામનો કરવો પડ્યો છે. શહેરો અને ગ્રામીણ પટ્ટાઓ જ્યાં રેલ કનેક્ટિવિટી રોજિંદા જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ત્યાં નાગરિકોએ મેલ/એક્સપ્રેસ અને પ્રીમિયમ ટ્રેનોની સુલભતામાં વધારો થવા પર ભારે ખુશી વ્યક્ત કરી છે. ઘણા પરિવારો, વિદ્યાર્થીઓ, વેપારીઓ, દર્દીઓ વગેરે માટે નવા સ્ટોપેજ ફક્ત કાર્યરત ફેરફારો જ નહીં પરંતુ સરળ, ઝડપી અને વધુ ગૌરવપૂર્ણ મુસાફરી માટે લાંબા સમયથી રાહ જોવાતી તકોનું પ્રતિનિધિત્વ કરે છે.ધેમાજી રેલ્વે સ્ટેશન પર, ટ્રેન નંબર ૨૦૫૦૫/૨૦૫૦૬ ડિબ્રુગઢ-નવી દિલ્હી-ડિબ્રુગઢ રાજધાની એક્સપ્રેસ માટે સ્ટોપેજની રજૂઆતને રહેવાસીઓ દ્વારા એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ ગણાવવામાં આવ્યું છે. તેવી જ રીતે, 20503/20504 ડિબ્રુગઢ-નવી દિલ્હી-ડિબ્રુગઢ રાજધાની એક્સપ્રેસને શિવસાગર ટાઉન રેલ્વે સ્ટેશન પર એક નવું સ્ટોપેજ આપવામાં આવ્યું છે, જેનાથી રહેવાસીઓમાં ભારે ગર્વ અને ઉત્સાહ ફેલાયો છે. પ્રતિષ્ઠિત રાજધાની એક્સપ્રેસના પ્રથમ સ્ટોપેજને જોવા માટે લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા, મીઠાઈઓ વહેંચીને અને ફૂલો અને તાળીઓથી ટ્રેનનું સ્વાગત કરીને આ ક્ષણની ઉજવણી કરી હતી. સ્ટેશન પર આનંદના દ્રશ્યો જોવા મળ્યા હતા, જ્યાં નાગરિકોએ રાષ્ટ્રીય રાજધાની સાથે સીધી કનેક્ટિવિટી મેળવવા પર ગર્વ વ્યક્ત કર્યો હતો. સમગ્ર પ્રદેશમાં એવી લાગણી ગુંજતી હતી કે પ્રીમિયમ કનેક્ટિવિટી, જે એક સમયે ફક્ત મુખ્ય જંકશન પર જ ઉપલબ્ધ હતી, તે હવે તેમના ઘરઆંગણે પહોંચી ગઈ છે.15603/15604 ગુવાહાટી-લેડો-ગુવાહાટી ઈન્ટરસિટી એક્સપ્રેસ માટે કમરબંધા અલી રેલ્વે સ્ટેશન પર અને 15467/15468 સિલિગુડી-બામનહાટ-સિલિગુડી એક્સપ્રેસ માટે કાલચીની રેલ્વે સ્ટેશન પર સ્ટોપેજ શરૂ થવાથી દૈનિક મુસાફરો અને ચાના બગીચાના સમુદાયોમાં સ્પષ્ટ ઉત્સાહ જોવા મળ્યો હતો.

## અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા 'જય અંબે તિથિ ભોજન' યોજના હેઠળ ભોજનના દાતા બનવાની તક

પાલનપુર | ભારતભરના ૫૧ શક્તિપીઠોમાં હૃદયસ્થાન ગણાતું શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી ખાતે લાખો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે. યાત્રિકોની સુવિધામાં વધારો કરતા, દાતાશ્રીઓના સહયોગથી અંબાજી ખાતે નિ:શુલ્ક ભોજન પ્રસાદની વ્યવસ્થા 'અંબિકા અન્નક્ષેત્ર' દ્વારા શરૂ કરવામાં આવી છે.હાલમાં 'અંબિકા અન્નક્ષેત્ર' ખાતે યાત્રાળુઓને દરરોજ સવારે ૧૦:૩૦ થી બપોરે ૩:૦૦ કલાક સુધી અને સાંજે ૬:૦૦ થી રાત્રે ૯:૩૦ કલાક સુધી ભોજન પ્રસાદ પીરસવામાં આવે છે.

## બનાસકાંઠામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે પેરા લીગલ વોલન્ટીયર્સની નિમણૂંક માટે અરજીઓ આમંત્રિત કરાઈ

પાલનપુર | રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રીમ કોર્ટ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ,અમદાવાદના આદેશાનુસાર દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અંગે લોકોમાં જાગૃતિ ફેલાય અને તેમને મળતા લાભો વિશે માહિતગાર કરી શકાય તે હેતુથી વિવિધ શિબિરોનું આયોજન કરાય છે. દિવ્યાંગ વ્યક્તિઓને અસરકારક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે પ્રચાર-પ્રસારના ભાગરૂપે દિવ્યાંગ વ્યક્તિઓને પેરા લીગલ વોલન્ટીયર તરીકે નિયુક્ત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## બનાસકાંઠા જિલ્લામાં આગામી ૧૪ માર્ચે નેશનલ લોક અદાલતનું આયોજન કરાશે

પાલનપુર | આગામી તારીખ ૧૪ માર્ચ ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર અને તાલુકા કાનૂની સેવા સમિતિ, પાલનપુરના ઉપક્રમે પાલનપુરની કોર્ટો તથા બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકા કોર્ટોમાં સન ૨૦૨૬ની પ્રથમ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવશે.ફોજદારી કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ સંબંધિત કેસો, બેંકના દાવા, વાહન અકસ્માત વળતર સંબંધિત દાવા, વૈવાહિક જીવનની તકરારના કેસો, મજૂર તકરારના કેસો, જમીન સંપાદન સંબંધિત કેસો, પાણી અને વીજળી સંબંધિત કેસો, મહેસુલી દાવા તથા દીવાની તકરારના દાવાઓ સમાધાન માટે મૂકી શકાશે.

## આજે મહા શિવરાત્રી દરેક શિવાલયોમાં ગુંજશે હર હર મહાદેવ ૐ નમ: શિવાયનો નાદ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) | આજે મહા શિવરાત્રિ એટલે શિવ આરાધનાનો ઉત્તર દિવસ મહા શિવરાત્રિ દરેક શિવાલયો માં ભકતોની ભીડ સાથે હર હર મહાદેવ ૐ નમ: શિવાયના નાદ ગુંજયા કરે છે ત્યારે નખત્રાણા તાલુકાના દેશલપર(ગું) ગામના સેવાભાવી યુવાન કુલદીપસિંહ જાડેજા જેવો શ્રાવણ માસ સહીત મારેમાસ દર સોમવારે ગામથી ૨(બે) કિલોમીટર ના અંતરે આવેલ ઐતિહાસિક પ્રાચીન જંગલેશ્વર મહાદેવ મંદિર, ભાવેશ્વર મહાદેવ મંદિર સહીત શ્રી ગુંતલી માતાજી મંદિરે પ્રથમ દર્શન કરી ને પછી પોતાના ધંધા રોજગાર પર જાય છે જેવો શિવ સ્તુતિ, મંત્રો ઉચ્ચાર ,શ્લોક સાથે એક કલાક શિવ અભિષેક કરે છે જેવો પ્રથમ ગામના સીમાડે આવેલ શ્રી જંગલેશ્વર મહાદેવ મંદિર જાય છે જ્યાં ક્યારેક પાણી ની વ્યવસ્થા ન હોય તો પોતે શિવ અભિષેક માટે પાણી લેવા એક કિલોમીટર દૂર વાડીયે જઈ પાચેક લીટર ના પાણીના પાત્ર માં પાણી લઈ શિવ અભિષેક કરે છે ત્યાર બાદ નજદીક આવેલ ભાવેશ્વર મહાદેવ મંદિરે પુજા અર્ચના કરે છે

## મોરારિબાપુ: વ્હાલું અને વ્હાલનું વટવૃક્ષ

તખુભાઈ સાંડસુર

પૂજ્ય મોરારિબાપુ આજે મહાવદ ચૌદસ એટલે કે શિવરાત્રીના દિવસે 81 માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે.'શતમ્ જીવમ્ નહીં સવા શતમ્' તેમના કાર્યોથી સૌએ કહેવુ પડે! જીવનના સાત દાયકા સુધી રામનામના ગુંજારવને નસનસમાં ભરી દેનાર આ મહાચેતના અને પરમ વિભૂતિને કદાચ ભવિષ્યે લોકો એક ચમત્કારી મહાપુરુષ તરીકે ઓળખશે!!પૂજ્ય મોરારિબાપુ જન્મ વિશે પોતે જ અનેક વખત કેફિયત આપીને જણાવે છે કે 25 સપ્ટેમ્બર 1946 એ મારી પાસપોર્ટમાં લખાયેલી જન્મ તારીખ છે.પરંતુ વાસ્તવમાં જન્મદિવસ એ શિવરાત્રી એટલે કે 2 માર્ચ 1946 છે. શિવરાત્રીનો તે દિવસ હતો અને તેથી બાપુએ પોતાનો જન્મદિવસ ક્યારેય અંગ્રેજી કેલેન્ડર મુજબ પ્રસ્તુત કર્યો નથી. તેથી આપણે શિવરાત્રીને જ આગળ કરીને ચાલીએ, માનીએ. તે મહાવદ ચૌદસ સવંત 2002નો દિવસ હતો શનિવાર.તો આ રીતે બાપુનો જન્મ દિવસ મહાશિવરાત્રીથી ગણતા બાપુ હવે 81 માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે.આ મહાચેતનાને તેમના જન્મદિવસે વારંવાર વંદન, પ્રણામ. માત્ર 14 વર્ષની ઉંમરે રામચરિત માનસની ચોપાઈઓના ગાન સાથે બાપુએ પોતાના દાદા અને ગુરુ પૂજ્ય ત્રિભુવનદાસબાપુ પાસેથી માનસ દીક્ષા ગ્રહણ કરી તે વાત સાર્વજનિક છે. રામ ચરિત માનસના દોહા, સોરઠા અને ચોપાઈ ધીમે ધીમે પુ.મોરારિબાપુના સમગ્ર ચેતનતત્વમાં ઉતારતા ચાલ્યા અને પોતાના પૈત્રિક વતન અને જન્મસ્થાન ભાવનગરના મહુવા તાલુકાના તલગાજરડા મુકામે પ્રથમ રામકથા એક વડલાની છાયામાં માત્ર બે શ્રોતાઓની સામે રજૂ કરી અને પછી આજે હવેએ પરોક્ષ રીતે કરોડો શ્રોતાઓ સુધી આ ગંગા પહોંચી ગઈ છે. પુ.મોરારિબાપુ માટે કંઈ લખવું અથવા તેમને કોઈ વિશેષણ આપવું એ ધૃષ્ટતા કહેવાય, કારણકે તેથી સંભાવના છે કે તેમના સમગ્ર વ્યક્તિત્વને ઓછાં શબ્દોમાં મુલવીને, આલેખીને કે પછી પ્રસ્તુત કરીને કોઈ અપરાધ થઈ ગયાની અનુભૂતિ જરૂર થાય,કારણ કે જીવનના 68 વર્ષો જે ચેતનસમૃદ્ધિએ રામને સમર્પિત કર્યા હોય અને આપણે તેને શબ્દ પુષ્પમાં બાંધવાનો પ્રયાસ કરીએ તો તે શક્ય છે ખરું?

## ભયજનક ઇસમ ને પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી : પાસા હેઠળ જેલમાં ધકેલતી અમરેલી એલ.સી.બી. ટીમ

કિશોરઆર.સોલંકી|જાફરાબાદ

ભાવનગર રેન્જ આઇ.જી.પી.શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓએ રેન્જના જિલ્લાઓમાં જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો અને ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત સાહેબ નાઓઓ અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃતિ કરનાર ઇસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરીકોને દાદાગીરી, ધાકધમકીઆપી.

## આણંદ : વામનબંધુ ફાઉન્ડેશન દ્વારા તેરમો સમૂહ લગ્નોત્સવ સંપન્ન : ૧૪ નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા

આણંદ | વામનબંધુ ફાઉન્ડેશન - આણંદ દ્વારા હનુમાનજી મંદિર , લાંભવેલ ખાતે સંસ્થાના પ્રમુખ દલસુખભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને તેરમો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ ભારે હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. જેમાં ૧૪ નવયુગલો એ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.આ પ્રસંગે શ્રી સંતરામ મંદિર , કરમસદના મહંત પ.પૂ મોરારીદાસજી મહારાજે આર્શિવચન આપતાં સંસ્થાની પ્રવૃતિની સરાહના કરતાં જણાવ્યું કે વામનબંધુ ફાઉન્ડેશન એટલે દલસુખભાઈ પ્રજાપતિ .

## ખાંભેલ આશ્રમના સંત પ. પુજ્ય બ્રહ્માનંદ મહારાજના સાનિધ્યમાં

નિતિન ઠાકર | ચાણસ્મા | ચાણસ્મા નગરના લાલેશ્વર મહાદેવ ખાતે વિરાટ હિંદુ સંમેલન યોજાયું હતું જેમાં હિંદુ ચાણસ્મા નગરની સંઘની શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા રાણી લક્ષ્મીબાઈ અહલ્યાબાઈ જેવા ઐતહાસિક વિરાંગનાઓની વિરતાની ઝાંખી રજૂ કરી કરીહતી હાલના સાંમ્પ્રત સમયમાં હિન્દુની મજબૂત એકતા સાથે હિંદુ સમરસ્તા મહત્વનું હોવાનું ઉપસ્થિત સંત બ્રહ્માનંદજી મહારાજે તેમના ઉદબોધનમાં જણાવ્યું હતુ આ પ્રસંગે રામજી મંદિરના મહંત રામશરણદાસજી મહારાજ નિવૃત આચાર્યા શોભનાબેન પટેલ શૈલેષભાઈ લિંબાચિયા સહિત ચાણસ્મા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## માત્ર શ્વાન નહીં, બિલાડી, ભૂંડ, વાંદરા જેવા પ્રાણીઓની લાળ થી પણ હડકવા નું જોખમ

બનાસકાંઠા | તાજેતરમાં બનાસકાંઠાનાં નરાસળ ગામમાં ભાગીયા તરીકે કામ કરતા યુવકમાં હડકવાના લક્ષણ જોવા મળ્યા હતા. એ યુવાનને ત્રણ મહિના પહેલા શ્વાન કરડયું હતું, જે બાદ આ યુવાન શ્વાન જેવો અવાજ કાઢે છે અને રસ્તાઓ પર ચાર પગથી ચાલવા સહિત શ્વાન જેવો વ્યવહાર કરે છે. એ પહેલા જાન્યુઆરીમાં ગાંધીનગરમાં નિવૃત આઈએએસ અધિકારીની પરણિત પુત્રીને કૂતરૂં કરડયા બાદ હડકવા ઉપડવાથી મોત થયું હતું તો હવે સૌનાં આશ્ચર્ય વચ્ચે માળિયા મિંયાણાના મોટાભેલા ગામમાં નોળિયો કરડતાં હડકવા ઉપાડવાથી 70વર્ષીય વૃદ્ધાએ જીવ ગુમાવ્યાનો લાલબત્તીરૂપ કિસ્સો સામે આવ્યો છે.

## મંદિર ચોરીના મુદ્દામાલ સાથે સુરેન્દ્રનગર જિલ્લાના જૈન દેરાસર ની ચોરીનો ભેદ ઉકેલતી ચાણસ્મા પોલિસ

ચાણસ્મા | સરહદી રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પાટણ જિલ્લા પો અધિક્ષક વિ કે નાયી તેમજ ના પો અધિક્ષક દ્વારા ચોરીના પડતર ગુનાઓ સંદર્ભે કાર્યવાહી કરવા સુચન કરાતાં ચાણસ્મા પોલિસ સદર વણ ઉકેલાયેલ ચોરી સહીતના ગુનાઓની તપાસના કામે ચાણસ્મા પોલિસ ચાણસ્મા હાઈવે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી દરમિયાન ચોરીનો આરોપી ક્રેટા ગાડી લઈ ચાણસ્મા હાઈવે પર પસાર થવાનો હોવાની હકીકત મળતાં હકીકત મુજબની સફેદ ક્રેટા ગાડી નં. RJ - I7- CA - 8659 આવતાં તેને રોકી તપાસ કરતાં ગાડીના ડ્રાયવરનું વર્તન શકમંદ.

## દુધેશ્વર મહાદેવ મંદિર નો ત્રિદિવસીય પુન:સ્થાપિત પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ની ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે

બનાસકાંઠા | બનાસકાંઠા જીલ્લા વડગામ તાલુકાના મણિભદ્ર વીર મહારાજ નાં પવિત્ર તિર્થ ધામ મગરવાડા ગામ માં દુધેશ્વર મહાદેવ મંદિર નો ત્રિદિવસીય પુન:સ્થાપિત પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ રહ્યો છે ત્યારે ગામમાં કોઈ પણ નાત જાત નો ભેદ ભાવ રાખ્યાં વગર સૌ સાથે મળીને એક મંડપમાં વિશ્વ વિખ્યાત મણિભદ્ર વીર મહારાજ નાં પવિત્ર તિર્થ ધામ નાં પ્રાંગણમાં સૌ સાથે મળીને દુધેશ્વર મહાદેવ નો પ્રસાદ લઈને સમરસતા નું મોટું ઉદાહરણ પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

## સમસ્ત તડવી પરિવાર, નર્મદા જિલ્લા દ્વારા આયોજિત... કેવડીયા કોલોની ખાતે આદિવાસી પરંપરા મુજબ ચોથા સમુહ લગ્નોત્સવમાં ધારાસભ્ય ચૈતર વસાવા હાજર રહ્યાં હતા



ભરત શાહ, નર્મદા: તા. ૧૪. આજ રોજ સમસ્ત તડવી પરિવાર, નર્મદા જિલ્લા દ્વારા આયોજિત કેવડીયા કોલોની ખાતે આદિવાસી પરંપરા મુજબ ચોથા સમુહલગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું, આ પ્રસંગે આદિવાસી સમાજના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવા ઉપસ્થિત રહ્યા અને તમામ નવદંપતિઓને સુખી લગ્ન જીવન ના આશીર્વાદ આપ્યા.

## આજથી દેવમોગરા ખાતે પાંચ દિવસ ભાતીગળ મેળાનો પ્રારંભ

ભરત શાહ, નર્મદા : તા. ૧૪. નર્મદા જિલ્લામાં સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે આવેલા આદિવાસી સમાજના આસ્થાના કેન્દ્ર અને કુળદેવી યાહા મોગી પાંડોરી માતાના પવિત્ર ધામ ખાતે પ્રતિવર્ષ મહા શિવરાત્રિના પાવન પર્વે પરંપરાગત ભાતીગળ મેળાનો આજથી પ્રારંભ થઇ ચુક્યો છે. આ મેળો 19 ફેબ્રુઆરીના રોજ સમાપન થશે. આખા ભારત ભરમાં આજે શિવરાત્રી નો ત્યોહાર હોય શિવ ભગવાનની પૂજા આરાધના થશે.

## બાબરા પો.સ્ટે. કેબલ વાયર ચોરીના ગુન્હામાં છેલ્લા દસેક માસથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલી પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | શ્રી ગૌતમ પરમાર સાહેબ પોલીસ મહાનિરીક્ષક, ભાવનગર વિભાગ ભાવનગરનાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીઓ પકડવા ખાસ સુચના આપેલ હોય જે અન્વયે શ્રી સંજય ખરાત સાહેબ પોલીસ અધિક્ષક, જિ.અમરેલીનાઓ દ્વારા નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ પકડવા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હોય તેમજ એ.ડી.ચાવડા પો.ઈન્સ.સા. એલ.સી.બી. અમરેલી નાઓના માર્ગદર્શન હેઠળ એન.જી.સાપરા પો.સબ ઈન્સ. પેરોલ ફર્લો સ્ક્વોર્ડ જિ.અમરેલી નાઓના સીધા સુપરવીઝન હેઠળ પેરોલ ફર્લો ટીમ દ્વારા બાબરા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૮૨૩૦૫૦૧૮૮/૨૦૨૫ બી.એન.એસ. કલમ ૩૦૩(૨) વિ. મુજબના કામે છેલ્લા દસેક માસથી નાસતા ફરતા આરોપી બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેક્નીકલ સોર્સ મારફતે હકીકત મળતા કુંઢડા તા.તળાજા ખાતે તપાસ તજવીજ કરી નાસતા ફરતા આરોપીને તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ કુંઢડા ગામની માળવાળી સીમ તા.તળાજા જી.ભાવનગર ખાતેથી હસ્તગત કરી.

## ડાંગ પોલીસની માનવીય સંવેદના : બે વર્ષના બાળકને તેની માતા સાથે કરાવ્યુ મિલન..

ડાંગ | ડાંગ જીલ્લાનાં સ્પેશીયલ ઓપરેશન ગૃપ (SOG) દ્વારા એક પ્રશંસનીય કામગીરી કરતા, મહારાષ્ટ્રથી આહવા લવાયેલા એક ૨ વર્ષના માસૂમ બાળકને શોધી કાઢી, ચાઈલ્ડ વેલ્ફર કમીટીના સહયોગથી તેની માતાને સોંપવામાં આવ્યું છે.આ ઘટનાની વિગત મુજબ, ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમ કાર્યરત હતી. તે દરમિયાન એક જાગૃત નાગરિક દ્વારા માહિતી મળી હતી કે, આહવા ખાતે રહેતી.

## દરિયો ખેડતા સાગરખેડૂ ની બાર જ્યોતિર્લિંગ યાત્રા કરી પરત ફરતા ભાવભર્યું સ્વાગત

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | જાફરાબાદ બંદર માં હાલમાં મચ્છીમારી સિઝન બે મહિના સુધી વેકેશન હોય અંદાજે પાંચ મહિના સુધી દરિયો ખેડી માહા મહીના સુધી એટલે કે બે મહિના સુધી ની મચ્છીમારી સિઝન બંધ હોય તે સમયે ખારવા સમાજના લોકો દ્વારા પોતાના પરિવાર માં વિવિધ સામાજીક કાર્યકર તેમજ દેવદર્શન માટે વિવિધ આયોજનો કરવામાં આવતા હોય છે. આજરોજ જાફરાબાદ બંદર ની જેટી બાજુમાં આવેલ હનુમાનજી મંદિરે બસ આવતા ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

# વસંત ઋતુના આગમન થતા જ આંબા ડાળે કોયલનો ટહુકો...

'વર્ષમાં ચાર મહિના ઋતુ ઠંડી બની જાય છે ચાર મહિના ગુસ્સે થઈ ને ગરમ જાય છે,ને ચાર મહિના પ્રેમથી વરસી પડે છે' નાની હતી ત્યારે પપ્પા મજાક ઉડાવતા બોલતા હતા.મારા નારાજ મુખ ના દર્શન થતા જ પપ્પા વાત બદલી ને બોલતા હતા અરે!!બેટા,મારી વાત નો મતલબ એ છે કે મારી ઋતુ તો ત્રણેય મોસમ માં ખુશમિજાજ આનંદિત જ રહે છે મોટી થઈને સાસરે જશે ને ત્યારે એના પતિ ને પણ ઋતુ ને અનુકૂળ થઈને રહેવું પડશે'

વસંત ઋતુ ના આગમન થતા જ આંબા ડાળે કોયલ નો ટહુકો થતા જ સગાઈ બાદ પ્રથમ વેલેન્ટાઈન ડે ના દિવસે ઋતુ ના પ્રિયાંશ એ 'આઈ લવ યુ' બોલ્યું ત્યારે એ એના પ્રેમમાં પાગલ થઇ ગઈ હતી. પ્રિયાંશના પ્રેમ ભર્યા શબ્દો માં ઋતુ નું જીવન ફૂલોની સુગંધમાં મહેકી ઊઠ્યું હતું. પ્રિયાંસે ગિફ્ટ આપેલ ડ્રેસ..ઋતુ ના મન ની મૂંઝવણ હતી.

આ પ્રકારનું પાર્ટીવેર ગાવુંન ડ્રેસ ક્યારેય પહેર્યો નથી,શું પહેરું? પાર્ટી વેર ગાવુંન ડ્રેસ કે પછી નોર્મલ પંજાબી ડ્રેસ. પ્રિયાંશ નારાજ થઈ જશે તો વિચારીને ઋતુ એ ફટાફટ બેગ માંથી ડ્રેસ કાઢીને બેડ પર મૂકી ને એ પહેરવાનું નક્કી કર્યું. ડ્રેસને અનુરૂપ જ્વેલરી કબાટ માંથી બહાર કાઢી ને ડ્રેસિંગ ટેબલ પર મૂકી દીધી. બાથરૂમ માંથી બહાર આવ્યા બાદ ફટાફટ ડ્રેસ પહેરીને ડ્રેસિંગ ટેબલ ના મોટી સાઈઝ ના અરીસા આગળ ઊભી રહી. ખુદ નું દર્શન અરીસા માં કરતા જ એને ફિલ થયું કે શું એ આટલી બધી સુંદર? કેમ આટલા વર્ષો માં આટલી સુંદર નહતી દેખાતી? અરીસા એ ઋતુ ના મન ના ભાવ વાંચતા ધીમે થી કહ્યું કે તમે પ્રેમ થઈ ગયો છે એટલે પ્રથમ પ્રેમ ની લાલિમા તારા ચહેરા ની સુંદરતા વધારે છે.

મનોમન ઋતુ બોલી કે વાત તો સાચી છે પ્રિયતમ આગળ પ્રેમ ના એકરાર બાદ ઋતુ નો રંગ ગુલાબી થઈ ગયો છે.

લાંબા કાળા ભીના વાળ ને સૂકવી ને ડ્રેસિંગ ટેબલ ના અરીસામાં પોતાને જોઈને ખુશ થતા ઋતુ મનોમન બોલી કે,' વાહ!!રે, ઋતુ તૈયાર તો તું દરરોજ થતી હતી પણ આજ તારો ચહેરો વધારે ચમકે છે,તને નથી લાગતું કે તારી ખુદની તારા પર નજર પડી જશે' ડ્રેસ ને અનુરૂપ મેકઅપ અને જ્વેલરી પરિધાન કરીને લાંબા કાળા વાળ ની વચ્ચે ક્લીપ લગાવી છૂટા રાખ્યા. બેડરૂમ નો દરવાજો બંધ કરીને ઋતુ નીચે તરફ જવા સીડી ના પગથિયા ઉતરવા લાગી.

ધીમે ધીમે પગથિયાં ઉતરી ને નીચે આવતી ઋતુ તરફ નજર જતાં જ પ્રિયાંશ એને જોઈને સ્તબ્ધ થઇ ગયો.રેડ કલર ના પાર્ટીવેર ગાવુન માં ઋતુ ની સુંદરતા ને ચાર ચાંદ લાગતા એની સુંદરતા વધારે નીખરી ઉઠી હતી.



લવ એટ ફર્સ્ટ સાઇટ

- રુપાલી દવે

બેઠક ખંડની સીડીના છેલ્લે પગથીયે એ ઋતુ એ પગ મૂકતા જ પ્રિયાંશ એ દોડીને ઋતુનો હાથ પકડી લીધો.

ડાઈનિંગ ખસેડીની ચેર પર ઋતુ ને બેસાડતા પ્રિયાંશ બોલ્યો કે સાચું કહું આજ તારા નવા લુક ને જોતા મન થાય કે છે તને કલાકો સુધી જોયા જ કરું.

વર્ષોથી મનમાં થતું હતું કે તું પાર્ટીવેર ગાવુંન માં કેટલી બધી સુંદર લાગે છે એકદમ "મારી ડ્રીમ ગર્લ".

સહેજ નારાજ થતા ઋતુ બોલી કે અચ્છા,તો સગાઈ ના દિવસે કેમ ગાઉન પહેરવાની ના પાડી હતી. તમને ખબર છે આખો દિવસ ભારે સાડી અને ઘરેણા માં ખૂબ થાકી ગઈ હતી.

પ્રિયાંશ એ કાન પકડી ને સોરી બોલતા કહ્યું કે મારી બા જુનવાણી છે ને એટલે..પણ તું ચિંતા ન કરતી લગ્ન બાદ તારે સાડી પહેરવી નહી પડે. બા ને મેં ડ્રેસ માટે મનાવી લીધા છે.

પ્રિયાંશ નો હાથ પોતાના હાથમાં લેતા ઋતુ બોલી કે તમે મને જોવા આવવાના હતા ને ત્યારે શંભુકાકા એ પપ્પા ને કીધુ હતું કે દેખાવમાં છોકરો હિરો ને શરમાવે એવો ને ઉપર થી સરકારી ઓફિસર છે. એકનો એક દીકરો છે એટલે આપણી ઋતુ ઘરમાં રાજરાણી ની જેમ રહેશે.

શંભુકાકા એ વાત ને અંતે "પણ" બોલ્યાં એટલે પપ્પા એ કીધું કે કશુંય છુપાવતા નહી જે હોય તે કહી દયો. ત્યારે કાકા એ કહ્યુ કે છોકરો થોડો માવડિયો છે ને એની બા જુનવાણી છે

પ્રિયાંશ હસતા હસતાં ઋતુ ને પૂછ્યું કે હું માવડીયો અને બા ની જુનવાણી વિચારધારા ની ખબર હતી તો છતાંય કેમ હા પાડી?બોલ.. બોલ..બોલ...

પ્રિયાંશ એ કેટલુંય પૂછ્યું પણ ઋતુ શરમાતા શરમાતા મંદ મંદ સ્મિત સાથે જવાબ આપ્યા વગર ચૂપચાપ ચા પીવા લાગી.

ચા પીધા બાદ ઋતુ ધીમેથી બોલી કે શું કરું ટેસ્ટી ચા બનાવનાર પર પ્રથમ દૃષ્ટિ એ જ ઇશ્ક થઈ ગયો હતો.

પૂછી શકું કે લગ્ન બાદ સવારની પહેલી ચા તમારા હાથ ની મળશે?

અચ્છાજી સમજી ગયો "લવ એટ ફર્સ્ટ સાઈટ"..બોલીને

પ્રિયાંશ એ ઋતુને નજીક ખેંચતા કહ્યું કે darling,ચા તો શું તારા બધા હુકમો પાળવા તૈયાર છું પણ આપણા પરિવારમાં જુનવાણી વિચારધારા વાળી "મારી બા" વસે છે એ કદાચ મારાથી રસોડું પવિત્ર કરવા થશે તો એની નારાજગી નો શિકાર તારે થવું પડશે..તો.

શું તારા માટે ધડકતું મારું દિલ લગ્ન બાદ ઋતુના હાથે બનેલી સવાર ની ચા પામી શકશે?

માર્મિક હાસ્ય રેલાવતા ઋતુ ધીમેથી બોલી કે અંતે 'ઘોડો જ્યાં બાંધ્યો હતો ત્યાજ ઘાસ ચારે છે'

પ્રિયાંશ અને ઋતુ એકબીજા સાથે હસી મજાક કરતા કરતા એકબીજા માં ઓતપ્રોત થઈ જતા સમય નું ભાન રહ્યું નહી..

બપોર ની રાત ક્યારે પડી ગઈ એ ધ્યાન બહાર નીકળી ગયું.

પ્રિયાંશ એ ઋતુ ના ગાલ પર હળવી કિસ કરતા કહ્યું કે ઋતુ,ફ્રેશ થઈને ફટાફટ નીચે આવ ઘર ને લોક કરીને

લોંગ ડ્રાઈવ પર જલદી જલદી નીકળવું પડશે.બા એના સત્સંગ ના કાર્યક્રમો પૂર્ણ કરીને ઘર ભણી આવતી જ હશે.બા ઘરે પહોંચે એ પહેલાં રફુચક્કર થઈ જઈએ.

ફર્સ્ટ ડેટ ની રોમેન્ટિક પળને દિલ માં કેદ કરીને ઋતુ અને પ્રિયાંશ લોંગ ડ્રાઈવ પર જવા નીકળી ગયા..

સત્સંગ પરથી ઘરમાં બા કલાક પહેલા આવી ગયા હતા પરંતુ પ્રેમી હૈયા ને ખલેલ પહોંચાડવા માંગતા નહતા એટલે એણે એની "જુનવાણી વિચારધારા" ને દીકરા વહુ ના સુખ માટે વિસારી ને લોક કરવાનું નક્કી કર્યુ હતું.

... કારના સ્પીકર માંથી વાગતા રોમેન્ટિક સોંગ ની ધૂન માં મસ્ત પ્રેમી હૈયા લગ્ન બાદ હનીમૂન ના પ્લાનિંગ માં વ્યસ્ત હતા.

# રોહિત શેટ્ટી અને રણવીરના મેનેજરોના નિવેદન નોંધાયા

## ફાયરિંગ કેસમાં ઝડપાયેલા 4 આરોપીઓ સાથે મુંબઈ પોલીસે ક્રાઇમ સીનનું રિક્રિએશન કર્યું

(એજન્સી) મુંબઇ | તા.14

ડિરેક્ટર રોહિત શેટ્ટીના ઘર બહાર ફાયરિંગ અને રણવીર સિંહને ધમકી આપવાના મામલે મુંબઈ પોલીસે બંનેના મેનેજરોના નિવેદનો નોંધ્યા છે. આ ઉપરાંત, ક્રાઈમ બ્રાન્ચે રોહિત શેટ્ટીના ઘરે થયેલા ફાયરિંગ સાથે સંકળાયેલી ઘટનાને રિક્રિએટ કરી છે, જેમાં પુણેથી મુંબઈ એક સ્કૂટર લાવવાનો પણ સમાવેશ થાય છે.

આ રિક્રિએશન પોલીસ કસ્ટડીમાં રહેલા ચાર આરોપીઓ- સ્વપ્નિલ સકટ, આદિત્ય ગાયકી, સિદ્ધાર્થ યેનપુરે અને સમર્થ પોમાજી સાથે કરવામાં આવ્યું હતું. તપાસ ટીમે તેમના જણાવેલા રસ્તાના સ્ટોપ્સને ફરીથી જોયા, જેથી મહત્વપૂર્ણ માહિતી અને પુરાવા એકત્રિત કરી શકાય. રિક્રિએશન દરમિયાન પોલીસ અધિકારીઓ આરોપીઓ સાથે પુણેમાં સ્કૂટર ખરીદવાની જગ્યાથી લઈને રસ્તાના સ્ટોપ્સ અને મુંબઈના વિલે પાર્લે સ્ટેશનની બહાર સુધી ગયા. આખી પ્રક્રિયાની વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવી હતી.

તપાસમાં નવી નાણાકીય વિગતો સામે આવી. ક્રાઈમ બ્રાન્ચ અનુસાર, સ્કૂટર મુંબઈ પહોંચાડ્યા પછી મુખ્ય આરોપી શુભમ લોનકરે આરોપીઓને વધારાના 11,000 રૂપિયા આપ્યા. પહેલા પોલીસે 40,000 રૂપિયા મળ્યા હોવાનું જણાવ્યું હતું. પછીની તપાસમાં જાણવા મળ્યું કે, કુલ 51,000 રૂપિયા આપવામાં આવ્યા હતા. તેમાંથી 30,000 રૂપિયા સ્કૂટર ખરીદવામાં ખર્ચ થયા, જ્યારે 21,000 રૂપિયા આરોપીઓએ ખર્ચ કર્યા. સૂત્રો અનુસાર, આ કેસના છઠ્ઠા આરોપી પ્રવીણ લોનકરને આગામી બે-ત્રણ દિવસમાં જેલમાંથી કસ્ટડીમાં લઈ શકાય છે. ઘટનાના બે અઠવાડિયા પછી પણ શૂટર અને તેનો એક સાથી ફરાર છે. પોલીસ તેમની શોધખોળ કરી રહી છે.

મુંબઈમાં 31 જાન્યુઆરીની મોડી રાત્રે ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટીના ઘરની બહાર પાંચ રાઉન્ડ ફાયરિંગ થયું હતું. આ મામલે પુણે પોલીસે રવિવારે ચાર લોકોને કસ્ટડીમાં લીધા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોરોએ મુંબઈના જુહુ વિસ્તારમાં આવેલી નવ માળની ઈમારતના પહેલા માળે રાત્રે લગભગ 12:45 વાગ્યે ફાયરિંગ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા પાંચ રાઉન્ડ ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેમાંથી એક ગોળી ઈમારતમાં બનેલા જીમના કાચ સાથે અથડાઈ હતી.



### રોહિત-રણવીરને ફરી ધમકી મળી હતી

આ ઉપરાંત, રણવીર સિંહ અને ફિલ્મમેકર રોહિત શેટ્ટીને શુક્રવારે એક ઓડિયો ક્લિપ દ્વારા ધમકી મળી હતી. પોલીસે જણાવ્યું કે મોકલનારે પોતાને લોરેન્સ ગેંગનો સભ્ય 'હેરી બોક્સર' ગણાવ્યો હતો. રણવીર સિંહને એક જ અઠવાડિયામાં બીજી વખત ધમકી મળી હતી. નોંધનીય છે કે, ધમકીભરી આ ઓડિયો ક્લિપ ઘણા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ ગઈ હતી, ત્યારબાદ મુંબઈ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી. સમાચાર એજન્સી PTI અનુસાર, એક અધિકારીએ જણાવ્યું કે શંકા છે કે દેશભરમાં ઘણા અન્ય લોકોને પણ આવી જ ધમકીઓ આપવામાં આવી હશે.

પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે ક્લિપમાં સાંભળવામાં આવેલો અવાજ અસલી છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટૂલ્સથી બનાવવામાં આવ્યો છે.

ક્લિપમાં બોલનાર વ્યક્તિએ પોતાને 'હેરી બોક્સર' તરીકે ઓળખાવ્યો અને શુક્રવારે પોર્ટુગલના 'મરીના ગ્રાન્ડે'માં એક દુકાન પર થયેલી ફાયરિંગની જવાબદારી પણ પોતાના સહયોગી 'સુનીલ મીણા' સાથે લેવાનો દાવો કર્યો.

સૌથી પહેલા રણવીર સિંહના મેનેજરને વોટ્સએપ પર ધમકી મળી હતી. મંગળવારે આ ધમકી વોટ્સએપ પર મોકલવામાં આવેલા એક વોઈસ નોટ દ્વારા આપવામાં આવી હતી, જેમાં આરોપીએ એક્ટરને જાનથી મારી નાખવાની ધમકી આપતા કરોડો રૂપિયાની ખંડણીની માંગણી કરી હતી.

જ્યારે બીજી ધમકીમાં 'હેરી બોક્સર'એ કહ્યું, 'હવે તમને બતાવીશું કે અમારી તાકાત સામે તમારી સાત પેઢીઓ પણ કંઈ બગાડી નહીં શકે. તમારા બધા મેનેજર ક્યાં રહે છે, ક્યારે આવે-જાય છે અને પરિવાર ક્યાં રહે છે તે બધું જ ખબર છે. સંભળી જાઓ, નહીં તો એક-એક મેનેજરને નિશાન બનાવવાનું શરૂ કરીશું.'

# 'ધુરંધર' માટે સનીની દરિયાદિલી!

(એજન્સી) મુંબઇ | તા.14

ફિલ્મ 'ધુરંધર'ના ડાયલોગને લઈને એક્ટર સની દેઓલે રોયલ્ટી માંગવાનો ઈનકાર કર્યો છે. વાસ્તવમાં, 'ધુરંધર'માં એક્ટર રણવીર સિંહનો એક ડાયલોગ- 'ઘાયલ હું, ઈસલીયે ઘાતક હું', સની દેઓલની જૂની ફિલ્મો 'ઘાયલ' અને 'ઘાતક' તરફ ઈશારો કરે છે.

આ સંદર્ભમાં, તાજેતરમાં ANI ને આપેલા એક ઈન્ટરવ્યુમાં, જ્યારે સની દેઓલને પૂછવામાં આવ્યું કે, શું તે આ ડાયલોગ માટે રોયલ્ટી માંગશે? તો તેણે હસતા હસતા કહ્યું કે, 'આવું કરવાનો મારો કોઈ ઈરાદો નથી.' સની દેઓલે કહ્યું કે, 'ફિલ્મના ડિરેક્ટર આદિત્ય ધર મારા મોટા ફેન છે. તેમણે ફક્ત સન્માન માટે જ આ ડાયલોગનો ઉપયોગ કર્યો છે.' તેણે એમ પણ કહ્યું, 'મતલબ, તેમણે ટાઈટલનો ઉપયોગ કર્યો, જે ખૂબ જ સ્વીટ છે.'

નોંધનીય છે કે, આદિત્ય ધરના ડિરેક્શનમાં બનેલી આ સ્પાય થ્રિલર ફિલ્મ 5 ડિસેમ્બર 2025ના રોજ રિલીઝ થઈ હતી. ફિલ્મે બોક્સ ઓફિસ પર 1300 કરોડથી વધુનું ગ્લોબલ કલેક્શન કર્યું છે. જ્યારે, સની દેઓલ હાલમાં નવી રિલીઝ 'બોર્ડર 2'ની સફળતાની ઉજવણી કરી રહ્યો છે. વિશ્વભરમાં ફિલ્મનું કુલ ગ્રોસ કલેક્શન 460 કરોડને પાર પહોંચી ગયું છે.

ફિલ્મ 'બોર્ડર 2', 1997ની બ્લોકબસ્ટર ફિલ્મ 'બોર્ડર'ની સિક્વલ છે. ફિલ્મમાં સની દેઓલ, વરુણ ધવન, દિલજીત દોસાંઝ અને અહાન શેટ્ટી મુખ્ય ભૂમિકાઓમાં છે. ફિલ્મનું ડિરેક્શન અનુરાગ સિંહે કર્યું છે. આ ફિલ્મને ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જેપી દત્તા અને નિધિ દત્તાએ પ્રોડ્યુસ કરી છે.

# પ્રાઈવસી માટે ₹60 કરોડની ઓફર ઠુકરાવી!

## વિજય-રશ્મિકાએ લગ્નના વીડિયોના એક્સક્લુઝિવ OTT રાઈટ્સ વેચવાની ના પાડી દીધી

(એજન્સી) મુંબઈ | તા.14

નેશનલ ક્રશ રશ્મિકા મંદાના અને સાઉથ સ્ટાર વિજય દેવરકોંડાએ તેમના કથિત લગ્નના વીડિયોના ઓટીટી સ્ટ્રીમિંગ રાઈટ્સ માટે 60 કરોડ રૂપિયાની ઓફર ઠુકરાવી દીધી છે.


OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સે કથિત રીતે લગ્નના એક્સક્લુઝિવ સ્ટ્રીમિંગ રાઈટ્સ માટે 60 કરોડ રૂપિયાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને બંનેએ નકારી કાઢ્યો છે.

જ્યારે, 'ટુપાકી' (ટોલીવુડ ન્યૂઝ પોર્ટલ)ના એક રિપોર્ટ અનુસાર, વિજય અને રશ્મિકા જલ્દી લગ્ન કરી શકે છે. આ જ કારણે ઘણા ઓટીટી પ્લેટફોર્મ તેમની પાસે લગ્નનો વીડિયો ખરીદવા માટે સંપર્ક કરી રહ્યા છે. એક મોટા ઓટીટી પ્લેટફોર્મે પણ તેમને મોટી રકમની ઓફર કરી છે.

પરંતુ માહિતી અનુસાર, વિજય અને રશ્મિકા કોઈપણ કિંમતે તેમના કથિત લગ્નનો વીડિયો વેચવા માંગતા નથી. સંભાવના છે કે, તેઓ તેને સીધા યુટ્યુબ પર જ રિલીઝ કરશે.

નોંધનીય છે કે વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના લગ્નને લઈને સોશિયલ મીડિયા અને મીડિયામાં અનેક પ્રકારના દાવા કરવામાં આવી રહ્યા છે. જો કે, બંને સ્ટાર્સે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. વાસ્તવમાં, ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં M9 ન્યૂઝના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, બંનેએ પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં સગાઈ કરી લીધી છે.

હવે અહેવાલ છે કે, બંને 26 ફેબ્રુઆરી 2026ના રોજ લગ્ન કરી શકે છે. આ પહેલા 2 ફેબ્રુઆરીએ પણ લગ્નની અફવાઓ ઉડી હતી. દાવો કરવામાં આવી રહ્યો છે કે લગ્ન રાજસ્થાનના ઉદયપુરના એક હેરિટેજ પેલેસમાં ખાનગી સમારોહમાં થશે.



# પલાશ મુચ્છલને બોમ્બે હાઈકોર્ટમાંથી મોટી રાહત

## કમ્પોઝરની છબી ખરડાય તેવી ટિપ્પણી પર તાત્કાલિક પ્રતિબંધ; સ્મૃતિના મિત્રએ ગંભીર આરોપ લગાવ્યા હતા...

(એજન્સી) મુંબઇ | તા.14

ભારતીય ક્રિકેટર સ્મૃતિ મંધાનાનો પૂર્વ બોયફ્રેન્ડ અને મ્યુઝિક કમ્પોઝર પલાશ મુચ્છલને બોમ્બે હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. પલાશ વિરુદ્ધ સ્મૃતિના મિત્ર વિજ્ઞાન માનેએ 40 લાખની છેતરપિંડી અને સ્મૃતિને દગો આપવાના આરોપ લગાવ્યા હતા. હવે હાઈકોર્ટે વચગાળાનો આદેશ પસાર કરીને વિજ્ઞાન માનેને નિર્દેશ આપ્યો છે કે, તે પલાશ મુચ્છલ વિરુદ્ધ કોઈપણ પ્રકારની આગળની ટિપ્પણી, નિવેદન અથવા પ્રકાશન તાત્કાલિક અસરથી ન કરે.

આ આદેશ કથિત બદનક્ષીભરી ટિપ્પણીઓને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યો છે, જેનાથી પલાશની પ્રતિષ્ઠાને નુકસાન થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે, નક્કર આધાર વિના કરવામાં આવેલી જાહેર ટિપ્પણીઓ કોઈપણ વ્યક્તિની છબી અને ગરિમાને ગંભીર રીતે અસર કરી શકે છે.

કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું કે, પ્રથમ દૃષ્ટિએ આ મામલો એવો પ્રતીત થાય છે, જેમાં સંબંધિત વ્યક્તિની પ્રતિષ્ઠાનું રક્ષણ આવશ્યક છે. આના કારણે કોર્ટે ભવિષ્યમાં આ પ્રકારની કોઈપણ ટિપ્પણી (કોમેન્ટ) કે સામગ્રી (કન્ટેન્ટ)ના પ્રસાર પર રોક લગાવવાનો નિર્દેશ આપ્યો.

પલાશના વકીલ શ્રીયાંશ મિથારેએ આ નિર્ણયને પોતાના અસીલ માટે રાહતની ક્ષણ ગણાવી. તેમણે કહ્યું, 'કોર્ટે પલાશ વિરુદ્ધ ખોટી અને બદનક્ષીભરી ટિપ્પણીઓ પર તાત્કાલિક રોક લગાવી છે. આ આદેશ ફક્ત અમારા અસીલ માટે જ મોટી રાહત નથી, પરંતુ ન્યાય વ્યવસ્થામાં વિશ્વાસને પણ મજબૂત કરે છે.' કાનૂની જાણકારો અનુસાર, આવા કિસ્સાઓમાં અદાલતો ઘણીવાર સંતુલન જાળવીને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને વ્યક્તિગત પ્રતિષ્ઠાના અધિકાર, બંનેને ધ્યાનમાં રાખે છે. આ આદેશથી એવો સંદેશ ગયો છે કે, જો કોઈ વ્યક્તિ વિરુદ્ધ પાયાવિહોણા આરોપો લગાવવામાં આવે છે, તો ન્યાયાલય હસ્તક્ષેપ કરી શકે છે.


હાલમાં આ આદેશ પછી પલાશ મુચ્છાલ સાથે જોડાયેલી વિવાદાસ્પદ અટકળો પર વિરામ લાગી ગયો છે.

કેસની આગામી સુનાવણીમાં અદાલત આગળની પરિસ્થિતિઓ પર વિચાર કરશે. ત્યાં સુધી, ન્યાયાલયનો આ નિર્દેશ પ્રભાવી રહેશે.



### કોણ છે વિજ્ઞાન માને?

વિજ્ઞાન માને એક મરાઠી એક્ટર અને ફિલ્મ મેકર છે, જે પલાશ મુચ્છલ અને સ્મૃતિ મંધાના વિવાદમાં સામે આવ્યો હતો. તેણે પલાશ પર 'નજરિયા' ફિલ્મમાં રોકાણના નામે 40 લાખની છેતરપિંડી અને સ્મૃતિ સાથે બેવફાઈનો આરોપ લગાવ્યો છે. આ પછી પલાશે 10 કરોડનો માનહાનિનો કેસ દાખલ કર્યો. વિવાદ કોર્ટમાં ચાલી રહ્યો છે.



# 'એ ગાળો બોલતો હતો...', અક્ષય કુમારે જ્યારે પાર્ટીમાં લાફો ઝીંકી દેતા યુવક બેભાન થઈ ગયો

(એજન્સી) મુંબઇ | તા.14


બોલિવૂડ સુપરસ્ટાર અક્ષય કુમાર હાલમાં તેના નવા રિયાલિટી શૉ 'વ્હીલ ઓફ ફોર્ચ્યુન'ને લઈને સતત ચર્ચામાં છે. આ શૉના આગામી સ્પેશિયલ એપિસોડમાં 'શાર્ક ટેન્ક ઈન્ડિયા'ના જાણીતા જજ અમન ગુપ્તા, નમિતા થાપર અને અનુપમ મિત્તલ મહેમાન બનશે. શૉ દરમિયાન જ્યારે અમન ગુપ્તાએ અક્ષયને તેની જિંદગીની સૌથી વધુ શરમજનક ક્ષણ(Embarrassing Moment) વિશે પૂછ્યું, ત્યારે અભિનેતાએ એક જૂનો અને ચોંકાવનારો કિસ્સો શેર કર્યો હતો. અક્ષયે જણાવ્યું કે કેવી રીતે એક પાર્ટીમાં ગુસ્સામાં આવીને તેમણે એક વ્યક્તિને થપ્પડ મારી દીધી હતી અને ત્યારબાદ જે થયું તેનાથી તેઓ અત્યંત ગભરાઈ ગયા હતા.


અક્ષયે આ કિસ્સો યાદ કરતા જણાવ્યું કે, એક પાર્ટીમાં એક વ્યક્તિ તેના મિત્રને સતત ગાળો આપી રહ્યો હતો. અક્ષયે તેને વારંવાર રોકવાનો પ્રયત્ન કર્યો અને ચેતવણી પણ આપી, પરંતુ પેલો વ્યક્તિ માનવા તૈયાર નહોતો. અંતે ગુસ્સો કાબૂમાં ન રહેતા અક્ષયે તેને જોરદાર થપ્પડ મારી દીધી. થપ્પડ વાગતા જ તે વ્યક્તિ બેભાન થઈને જમીન પર પડી ગયો, જેના કારણે આખી પાર્ટીમાં અફરાતફરી મચી ગઈ હતી. અક્ષયે કબૂલ્યું કે તે ક્ષણે તે એટલો ગભરાઈ ગયો હતો કે તેને લાગ્યું કે હવે તેની કારકિર્દી ખતમ થઈ જશે. તે ભગવાન પાસે પ્રાર્થના કરવા લાગ્યો કે તે વ્યક્તિ ભાનમાં આવી જાય.

આ ઘટના બાદ જ્યારે તે વ્યક્તિ ભાનમાં આવ્યો ત્યારે અક્ષયે રાહતનો શ્વાસ લીધો હતો. અક્ષયના જણાવ્યા અનુસાર, તે વ્યક્તિને મારવો એ તેની જિંદગીની મોટી ભૂલ હતી અને તે સમયે તેને ભારે શરમ અનુભવાઈ હતી.

અભિનેતાએ વધુમાં કહ્યું કે હવે સમયની સાથે તે બદલાઈ ગયો છે અને જો આજે આવું કંઈ થાય, તો તે કોઈ પ્રતિક્રિયા આપવાને બદલે ત્યાંથી શાંતિથી નીકળી જવાનું પસંદ કરશે. અક્ષય કુમાર અને શાર્ક ટેન્કના જજ વચ્ચેની આ મજેદાર અને લાગણીસભર વાતચીત ધરાવતો આ એપિસોડ 16 ફેબ્રુઆરીએ પ્રસારિત થશે.

# ફરહાનની હોલિવુડમાં એન્ટ્રી, પંડિત રવિશંકરનો રોલ ભજવશે






મુંબઈ : ફરહાન અખ્તરને હોલિવુડની ફિલ્મમાં પણ તક મળી છે. તે સેમ મેન્ડિઝની ફિલ્મ 'ધી બીટલ્સ'માં ભારતના લિજન્ડરી સંગીતકાર પંડિત રવિશંકરની ભૂમિકા ભજવવાનો છે

આ ફિલ્મ કુલ ચાર ભાગમાં બનવાની છે અને તેના ચારેય ભાગ એપ્રિલ ૨૦૨૮માં રીલિઝ કરવાનું આયોજન હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં બ્રિટિશ રોક મ્યુઝિક અને ભારતીય શાસ્ત્રીય સંગીતના સંગમને દર્શાવાશે. ૧૯૬૦ના દાયકામાં પંડિત રવિ શંકર જ્યોર્ડ હેરિસનને મળ્યા હતા અને તેને ભારતીય શાસ્ત્રીય સંગીતનો પરિચય કરાવ્યો હતો. તેમણે બંનેએ કોલબરેશન કરી ભારતીય સિતાર અને પશ્ચિમી વાજિંત્રોનું ફ્યુઝન ધરાવતું સંગીત રચ્યું હતું. આ ફિલ્મમાં ફરહાનની ભૂમિકા એ સમગ્ર ઘટનાક્રમને આવરી લેશે.

# આલ્ફાના સેટ પર બોબી દેઓલ અને આલિયા ભટ્ટ ઝઘડી પડયાં

મુંબઈ : આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની લેડીઝ સ્પાય પરની ફિલ્મ 'આલ્ફા'ના સેટ પર આલિયા ભટ્ટ અને બોબી દેઓલ ઝઘડી પડયાં હોવાનું કહેવાય છે. ચર્ચા મુજબ શૂટિંગ દરમિયાન એક સીનમાં આલિયાએ જાતભાતનાં સલાહસૂચન આપ્યાં હતાં. તેના કારણે બોબી દેઓલ બહુ ઉશ્કેરાઈ ગયો હતો. બંને એટલી હદે ઝઘડયાં હતાં કે છેવટે નિર્માતા આદિત્ય ચોપરાએ બંને વચ્ચે સુલેહ માટે મધ્યસ્થી કરવી પડી હોવાનું કહેવાય છે.

આ ફિલ્મ આમ પણ તેનાં નિર્ધારિત શિડયૂલ કરતાં મોડી પડી છે. મૂળ આયોજન પ્રમાણે ફિલ્મ ગત નાતાલ વખતે જ રીલિઝ થવાની હતી. પરંતુ, 'વોર ટુ' ફલોપ ગયા બાદ ચેતી ગયેલા આદિત્ય ચોપરાએ આ ફિલ્મમાં અનેક ફેરફારો કરાવ્યા હતા. અધૂરામાં પૂરું રણવીર સિંહની સ્પેશ્યલ એજન્ટ પરની ફિલ્મ 'ધુરંધર' સુપરહિટ થયા પછી યશરાજના સ્પાય યુનિવર્સ ભારે ટીકાઓ થઈ હતી. યશરાજની બહુ ગ્લેમરસ અને વાસ્તવિકતાથી જોજનો દૂર સ્પાય ફિલ્મો હવે ચાલશે કે કેમ તેવી શંકાકુશંકા સર્જાતાં આદિત્ય ચોપરાએ ઘણું બધું રિશૂટ કરાવ્યું છે.



એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ચેન્નાઈયિન એફસીની નવી ટીમ જાહેર ૨૯ સભ્યોની સ્ક્વોડ તૈયાર

### ● મરીના મચાન્સનો શંખનાદ મુંબઈ સામે પ્રથમ મુકાબલાથી થશે પ્રારંભ



(એજન્સી) ચેન્નાઈ । તા.14

ઈન્ડિયન સુપર લીગ ૨૦૨૫-૨૬ની આગામી સીઝન માટે ચેન્નાઈયિન એફસીએ પોતાની ૨૯ સભ્યોની મજબૂત ટીમની જાહેરાત કરી દીધી છે. 'મરીના મચાન્સ' તરીકે ઓળખાતી આ ટીમ પોતાના અભિયાનની શરૂઆત સતત ચાર અવે મેચોથી કરશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ટીમનો પ્રથમ હાઈ-વોલ્ટેજ મુકાબલો ૧૯ ફેબ્રુઆરીએ મુંબઈ સિટી એફસી સામે રમાશે. આ વર્ષે ટીમે અનુભવી અને યુવા ખેલાડીઓનું સચોટ મિશ્રણ તૈયાર કર્યું છે. નવા ખેલાડીઓ અને જર્સી નંબરની જાહેરાત નવી સીઝન માટે ટીમમાં જોડાયેલા ઈમરાન ખાનને ૭ નંબર અને આલ્બર્ટો નોગુએરાને ૧૪ નંબરની જર્સી ફાળવવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, મિડફિલ્ડર મોહમ્મદ અલી બેમામર ૬૬ નંબર અને ડિફેન્ડર એડ્યુઆર્ડો કાઉ ૩૩ નંબરની જર્સીમાં જોવા મળશે. સ્પેનના સ્ટાર ખેલાડી ઈનિગો માર્ટિનને પ્રતિષ્ઠિત ૧૦ નંબરની જર્સી સોંપવામાં આવી છે, જે આક્રમણની આગેવાની કરશે. આ ઉપરાંત ઈરફાન યાદવાડ અને લાલરિનલિયાના હનામતે જેવા ખેલાડીઓના જર્સી નંબરમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. અનુભવી વિદેશી ખેલાડીઓનું જોર ટીમમાં સામેલ છ વિદેશી ખેલાડીઓ રક્ષણ અને આક્રમણ બંને મોરચે મજબૂતી આપશે. ડેનિયલ ચીમા ચુકવુની વાપસીથી આક્રમણ વધુ ધારદાર બન્યું છે.

## રાહુલ દ્રવિડના સીઆઈએસએફને અભિનંદન સાયક્લોથોનને બિરદાવી



હૈદરાબાદ | ભારતીય ક્રિકેટ જગતના દિગ્ગજ અને 'મિસ્ટર ડિપેન્ડેબલ' તરીકે જાણીતા રાહુલ દ્રવિડે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) દ્વારા આયોજિત 'વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન ૨૦૨૬' ની મુક્તકંઠે પ્રશંસા કરી છે. હૈદરાબાદ એરપોર્ટ પર પ્રવાસ દરમિયાન દ્રવિડે આ સાયકલ યાત્રાને દરિયાઈ સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવા અને રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવા માટેનું એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પગલું ગણાવ્યું હતું. દ્રવિડે સહભાગીઓનો ઉત્સાહ વધાર્યો સૂત્રો દ્વારા પ્રાપ્ત વિડિયો સંદેશમાં રાહુલ દ્રવિડે તમામ સહભાગીઓને પૂર્વનિર્ધારિત લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## હાર્દિક પંડ્યાનું નવું ટેટૂ પ્રેમિકા માહિકા માટે ખાસ ભેટ



કોલંબો | ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અત્યારે ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના હાઈ-વોલ્ટેજ ડ્રામામાં વ્યસ્ત છે, પરંતુ આ વ્યસ્તતા વચ્ચે પણ તેમણે વેલેન્ટાઈન્સ ડેના પર્વને યાદગાર બનાવી દીધું છે. નતાશા સ્ટેનકોવિક સાથેના છૂટાછેડા બાદ હાર્દિકે પ્રથમ વખત પોતાના નવા પ્રેમનો સત્તાવાર એકરાર કર્યો હોય તેમ જણાય છે. અભિનેત્રી માહિકા શર્મા સાથે તેમની વધતી નિકટતાની ચર્ચાઓ લાંબા સમયથી ચાલી રહી હતી, પરંતુ હવે હાર્દિકે પોતાની ગરદન પર એક કાયમી ટેટૂ કરાવીને ચાહકોને મોટું સરપ્રાઈઝ આપ્યું છે. ટેટૂમાં છુપાયેલો છે પ્રેમાળ સંદેશ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, હાર્દિકની ગરદન પરનું આ ખાસ ટેટૂ 'એલિયન્સ ટેટૂ'ની પ્રખ્યાત ટીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ આર્ટવર્કમાં બે દીપડા (Leopards) ની શાનદાર ડિઝાઈન છે, જેની મધ્યમાં માહિકાના નામનો પ્રથમ અક્ષર 'M' કોતરવામાં આવ્યો છે. આ ડિઝાઈનમાં એક દીપડો શક્તિ અને જુસ્સાનું પ્રતીક છે. -



## સૂર્યકુમાર અને બુમરાહથી સાવધાન રહે પાકિસ્તાન મોઈન અલીનું નિવેદન

(એજન્સી) દુબઈ । તા.14

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં રવિવારે યોજાનારા ભારત અને પાકિસ્તાન વચ્ચેના જંગ પહેલા ક્રિકેટ જગતમાં નિવેદનોનો ગરમાવો વધી રહ્યો છે. ઈંગ્લેન્ડના પૂર્વ દિગ્ગજ ખેલાડી મોઈન અલીએ પાકિસ્તાનને સાવધ રહેવાની સૂચના આપી છે. મોઈન અલીના મતે ભારત સામેના આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં પાકિસ્તાને મુખ્યત્વે ત્રણ ખેલાડીઓ - સૂર્યકુમાર યાદવ, જસપ્રીત બુમરાહ અને કુલદીપ યાદવથી સૌથી વધુ સાવધ રહેવાની જરૂર છે.

બાબર આઝમને પડતો મૂકવાનો મોટો દાવો એક મીડિયા અહેવાલ મુજબ, મોઈન અલીએ પાકિસ્તાની ટીમ મેનેજમેન્ટને ચોંકાવનારી સલાહ આપી છે. તેમણે સૂચવ્યું છે કે ભારત સામેની આ મહત્વની મેચમાં બાબર આઝમના સ્થાને ફખર ઝમાનને પ્લેઈંગ-૧૧માં સ્થાન આપવું જોઈએ. મોઈન અલીનું માનવું છે કે ફખર ઝમાન આક્રમક રમત રમીને મેચનું પાસું પલટી શકે છે. આ ઉપરાંત તેમણે વિકેટકીપિંગમાં પણ ફેરફાર કરી ખ્વાજા નાફેયને તક આપવાની વકીલાત કરી છે, જેથી ટીમનું સંતુલન જળવાઈ રહે. સૂર્યકુમાર અને કુલદીપ સાબિત થશે ગેમ ચેન્જર મોઈન અલીએ સૂર્યકુમાર યાદવને પાકિસ્તાન માટે સૌથી મોટો ખતરો ગણાવ્યો છે. તેમણે જણાવ્યું કે સૂર્યકુમાર કોઈ પણ ક્ષણે રમતની ગતિ બદલવાની ક્ષમતા ધરાવે છે. બોલિંગ વિભાગમાં જસપ્રીત બુમરાહની સચોટતા અને કુલદીપ યાદવની સ્પિન જાળ પાકિસ્તાની બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકી શકે છે. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમની પિચ સ્પિનરોને મદદરૂપ થવાની શક્યતા હોવાથી કુલદીપની ભૂમિકા અત્યંત મહત્વની બની રહેશે.


પાકિસ્તાન પ્રથમ વખત ભારતને હરાવશે? ભલે ઈતિહાસમાં ભારતનો હાથ ઉપર રહ્યો હોય, પરંતુ મોઈન અલીએ આ વખતે પાકિસ્તાનની જીતની ભવિષ્યવાણી કરી છે.

## દિલ્હી ખેલ મહાકુંભનો પ્રારંભ CM રેખા ગુપ્તાએ દીપ પ્રાગટ્ય કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા.14

દેશની રાજધાની દિલ્હીમાં રમતગમતના સૌથી મોટા આયોજન 'દિલ્હી ખેલ મહાકુંભ'નો શુક્રવારે ભવ્ય પ્રારંભ થયો હતો. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, રમતગમત મંત્રી આશિષ સૂદ અને ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ઓપનર શિખર ધવનની પ્રેરક ઉપસ્થિતિમાં આ મહોત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. દિલ્હી સરકારના શિક્ષણ અને રમતગમત વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પાયાના સ્તરેથી રમત પ્રતિભાઓને શોધીને તેમને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

૨૦,૦૦૦ થી વધુ ખેલાડીઓનો મહાસંગમ મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આ પ્રસંગે દિલ્હીવાસીઓ અને ખેલાડીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, દિલ્હીના ઈતિહાસમાં પ્રથમ વખત આટલા મોટા પાયે રમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ મહાકુંભમાં અંદાજે ૨૦,૫૦૦ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. દિલ્હીના તમામ ૧૨ જિલ્લાઓનું પ્રતિનિધિત્વ કરતા આ ખેલાડીઓ બાસ્કેટબોલ, ફૂટબોલ, એથ્લેટિક્સ, કબડ્ડી, કુસ્તી અને વોલીબોલ જેવી વિવિધ રમતોમાં પોતાનું કૌશલ્ય બતાવશે.




શિખર ધવને વધાર્યો ખેલાડીઓનો ઉત્સાહ ટીમ ઈન્ડિયાના પૂર્વ સ્ટાર ખેલાડી શિખર ધવને આ પહેલને આવકારી હતી. મીડિયા અહેવાલ મુજબ, ધવને જણાવ્યું હતું કે, "ખેલ મહાકુંભ એ યુવાનોને પ્રોત્સાહિત કરવા માટેનું શ્રેષ્ઠ પગલું છે. અહીં ખેલાડીઓને સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને યોગ્ય માર્ગદર્શન મળશે, જે ભવિષ્યમાં અનેક ચેમ્પિયન્સ તૈયાર કરશે." તેમણે ખેલાડીઓને ખેલદિલી સાથે રમવા અને રાષ્ટ્રીય સ્તરે દિલ્હીનું નામ રોશન કરવા અપીલ કરી હતી.

ઓલિમ્પિક્સમાં દિલ્હીનું યોગદાન વધશે રમતગમત મંત્રી આશિષ સૂદે આશા વ્યક્ત કરી હતી કે દિલ્હીની આ પ્રતિભાઓ આગામી સમયમાં ઓલિમ્પિક્સ અને નેશનલ ગેમ્સમાં ભારત માટે સૌથી વધુ મેડલ જીતશે. દિલ્હીના ૧૬ અલગ-અલગ સ્થળોએ આ સ્પર્ધાઓ યોજાશે, જે રાજધાનીમાં રમતગમતનું નવું વાતાવરણ ઊભું કરશે. આ આયોજનથી દિલ્હીના દરેક ખૂણેથી છુપાયેલી પ્રતિભાઓને ખીલવાની તક મળશે, જે લાંબા ગાળે ભારતીય રમતગમત ક્ષેત્રે મોટું યોગદાન આપશે.

## ઉસ્માન તારિકની એક્શન પર ગાવસ્કરનું મોટું નિવેદન

(એજન્સી) કોલંબો । તા.14





અને પાકિસ્તાન વચ્ચે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાનારા હાઈવોલ્ટેજ મુકાબલા પહેલા મેદાનની બહાર પણ ગરમાવો જોવા મળી રહ્યો છે. પાકિસ્તાની ઓફ-સ્પિનર ઉસ્માન તારિક તેની વિલક્ષણ અને અજીબોગરીબ બોલિંગ એક્શનને કારણે વૈશ્વિક ક્રિકેટમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. જોકે, આ વિવાદ વચ્ચે ભારતના પૂર્વ સુકાની અને 'લિટલ માસ્ટર' સુનીલ ગાવસ્કરે તારિકની તરફેણ કરીને તેને મોટી રાહત આપી છે.

### અનોખી શૈલી અને નિયમોનું પાલન

૨૮ વર્ષીય ઉસ્માન તારિકની બોલિંગ કરવાની રીત અન્ય બોલરો કરતા ઘણી અલગ છે. તે બોલ ફેંકતા પહેલા સહેજ અટકે છે અને તેની કોણીમાં પણ અનોખી લવચીકતા જોવા મળે છે, જેના કારણે સોશિયલ મીડિયા પર તેની તુલના શ્રીલંકાના મહાન સ્પિનર મુથૈયા મુરલીધરન સાથે કરવામાં આવી રહી છે. ગાવસ્કરે આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, આઈસીસીના નિયમો મુજબ બોલરના અટકીને બોલ ફેંકવા પર કોઈ પાબંધી નથી. જેમ બેટ્સમેન બોલરના રન-અપ દરમિયાન મૂવમેન્ટ કરી શકે છે, તેમ બોલર પણ પોતાની રિધમ સાથે પ્રયોગ કરી શકે છે. તેમણે ઉમેર્યું કે ઘણા લોકો નિયમો સમજ્યા વગર ખોટા નિવેદનો આપી રહ્યા છે.

### દિગ્ગજ ખેલાડીઓ અને અમ્પાયરોનું સમર્થન

માત્ર ગાવસ્કર જ નહીં, પરંતુ ભારતના વર્તમાન દિગ્ગજ સ્પિનર આર. અશ્વિન અને અનુભવી આંતરરાષ્ટ્રીય અમ્પાયર અનિલ ચૌધરીએ પણ ઉસ્માન તારિકના એક્શનને ક્લીન ચીટ આપી છે. મીડિયા અહેવાલ મુજબ, આ નિષ્ણાતોએ તારિકની શૈલીને સંપૂર્ણપણે કાયદેસર અને આઈસીસીના દિશા-નિર્દેશો મુજબની ગણાવી છે. ગાવસ્કરે ભારપૂર્વક કહ્યું કે રમતની મર્યાદામાં રહીને કરવામાં આવતી કોઈ પણ નવીનતાને સ્વીકારવી જોઈએ.

### આંકડાકીય રીતે પ્રભાવશાળી દેખાવ

ઉસ્માન તારિકનો ટ્રેક રેકોર્ડ જોતા તે પાકિસ્તાન માટે ચોક્કસપણે 'ટ્રમ્પ કાર્ડ' સાબિત થઈ શકે છે. તેણે અત્યાર સુધી રમાયેલી ૪ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૧ વિકેટ ઝડપીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. સૌથી પ્રભાવશાળી બાબત તેનો ૫.૯૩ નો ઈકોનોમી રેટ છે. ટી૨૦ના જમાનામાં આટલી કરકસરયુક્ત બોલિંગ કોઈપણ ટીમના બેટિંગ ક્રમને ખોરવી નાખવા માટે પૂરતી છે. હવે જોવું એ રહ્યું કે રવિવારના મહા મુકાબલામાં ભારતીય બેટ્સમેનો તેનો સામનો કેવી રીતે કરે છે.

## આર્સેનલ અને બ્રેન્ટફોર્ડ ડ્રો ટાઇટલ રેસ વધુ રોમાંચક બની

(એજન્સી) બ્રેન્ટફોર્ડ । તા.14

ઇંગ્લિશ પ્રીમિયર લીગમાં ટાઇટલ જીતવા માટેના જંગમાં આર્સેનલને મોટો ફટકો પડ્યો છે. શનિવારે જીટેક કોમ્યુનિટી સ્ટેડિયમ ખાતે રમાયેલા મહત્વના મુકાબલામાં બ્રેન્ટફોર્ડે આર્સેનલને ૧-૧ ની બરાબરી પર રોકી દીધું હતું. આ ડ્રોને કારણે પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહેલી મિકેલ આર્ટેટાની ટીમની સરસાઈ હવે ઘટીને માત્ર ચાર પોઈન્ટ રહી ગઈ છે. માન્ચેસ્ટર સિટીએ અગાઉ ફુલહામને હરાવીને દબાણ વધાર્યું હતું, જેની સામે આર્સેનલ પૂરા પોઈન્ટ મેળવવામાં નિષ્ફળ રહી છે.





પ્રથમ હાફમાં સંઘર્ષ અને મધુએકેનો ગોલ મેચની શરૂઆતમાં જ મુલાકાતી ટીમ આર્સેનલે દબદબો જાળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બ્રેન્ટફોર્ડના મજબૂત રક્ષણને તોડવામાં તેમને મુશ્કેલી પડી હતી. ગેબ્રિયલ મેગાલેસના હેડર સિવાય આર્સેનલ પ્રથમ હાફમાં કોઈ ખાસ તક ઊભી કરી શકી ન હતી. જોકે, બીજા હાફમાં સુધારેલી રમત બતાવીને ૬૧મી મિનિટે નોની મધુએકેએ આકર્ષક ગોલ કરીને આર્સેનલને ૧-૦ થી લીડ અપાવી હતી. આ ગોલથી ગનર્સના ચાહકોમાં જીતની આશા જાગી હતી.

બ્રેન્ટફોર્ડનો વળતો પ્રહાર આર્સેનલની લીડ લાંબો સમય ટકી શકી ન હતી. ગોલ ખાધાના માત્ર ૧૦ મિનિટ બાદ બ્રેન્ટફોર્ડે વળતો હુમલો કર્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, માઈકલ કાયોડની લોન્ગ થ્રો પર સેપ વેન ડેન બર્ગે બોલને ફ્લિક કર્યો હતો અને કીન લેવિસ-પોટરે હેડર દ્વારા બોલને આર્સેનલના ગોલકીપર ડેવિડ રાયાની પાછળ ધકેલી દીધો હતો. આ ગોલ સાથે જ સ્ટેડિયમમાં સ્થાનિક ચાહકોનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો.

યુરોપિયન ક્વોલિફિકેશન તરફ બ્રેન્ટફોર્ડની કૂચ મેચના અંતિમ તબક્કામાં બંને ટીમોએ વિજયી ગોલ કરવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. ગેબ્રિયલ માર્ટિનેલીએ અંતિમ ક્ષણોમાં ગોલ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બ્રેન્ટફોર્ડના ગોલકીપર ક્વિમિન કેલેહરે શાનદાર બચાવ કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આર્સેનલ સમગ્ર મેચમાં માત્ર બે જ શૉટ ઓન ટાર્ગેટ લગાવી શકી હતી, જે તેમની નબળી આક્રમક રમત દર્શાવે છે. આ ડ્રો સાથે બ્રેન્ટફોર્ડ સાતમા સ્થાને યથાવત છે અને યુરોપિયન ફૂટબોલ માટેની તેમની ક્વોલિફિકેશનની આશા વધુ મજબૂત બની છે.

## ભારત પાકિસ્તાન મહામુકાબલો શ્રીલંકાના અર્થતંત્ર માટે આશીર્વાદ

### શ્રીલંકાનું પ્રવાસન માર્કેટ ખીલી ઉઠ્યું હોટલો હાઉસફુલ થઈ

(એજન્સી) કોલંબો । તા.14

આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં રવિવારે (૧૫ ફેબ્રુઆરી) યોજાનારા ભારત અને પાકિસ્તાન વચ્ચેના હાઈ-વોલ્ટેજ જંગે સમગ્ર દક્ષિણ એશિયામાં ભારે ઉત્તેજના જગાવી છે. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાનારી આ મેચને કારણે શ્રીલંકાના આર્થિક ક્ષેત્રમાં મોટી તેજી જોવા મળી રહી છે. હજારોની સંખ્યામાં ભારતીય ચાહકો ઉમટી પડતા સ્થાનિક બજાર અને પ્રવાસન ઉદ્યોગમાં જાણે 'સુનામી' આવી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

મેચ જોવા માટે આવતા પ્રવાસીઓના ધસારાને કારણે દિલ્હી અને ચેન્નાઈથી કોલંબોની ફ્લાઈટ ટિકિટોના ભાવમાં ૫૦% થી ૩૦૦% સુધીનો વધારો ઝીંકાયો છે. સામાન્ય રીતે જે ટિકિટો સસ્તા દરે ઉપલબ્ધ હતી, તે અત્યારે ૫૫,૦૦૦ થી ૧,૧૦,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. કોલંબોની લક્ઝરી હોટલોમાં પણ એક રાત્રિના ભાડા ૫૫,૦૦૦ થી શરૂ થઈને ૧.૫૦ લાખને પાર કરી ગયા છે. પ્રીમિયમ કેટેગરીની મોટાભાગની હોટલો અત્યારથી જ 'હાઉસફુલ' હોવાનું મીડિયા અહેવાલ જણાવી રહ્યા છે. એડવર્ટાઈઝિંગ જગતમાં છવાયો જાદુ આ મહામુકાબલાનો લાભ લેવા માટે કોર્પોરેટ જગત પણ પાણીની જેમ પૈસા વહાવી રહ્યું છે. ટીવી પર ૧૦ સેકન્ડના એડ સ્લોટનો ભાવ ૩૦ થી ૪૦ લાખ સુધી બોલાઈ રહ્યો છે, જ્યારે ડિજિટલ પ્લેટફોર્મ



પર પણ જાહેરાતના દરો આસમાને છે. બ્રોડકાસ્ટર્સ આ ટૂર્નામેન્ટમાંથી અંદાજે ૨૦૦૦ કરોડ રૂપિયાની જંગી કમાણી કરે તેવી સંભાવના છે. ખાસ કરીને ઓટોમોબાઈલ અને ફાયનાન્સ ક્ષેત્રની કંપનીઓ જાહેરાત આપવામાં મોખરે છે.

શ્રીલંકા માટે સંજીવની સમાન અવસર આર્થિક કટોકટીમાંથી ધીરે ધીરે બહાર આવી રહેલા શ્રીલંકા માટે આ ટુર્નામેન્ટ 'બુસ્ટર ડોઝ' સાબિત થઈ રહી છે. ફેબ્રુઆરીના પ્રથમ ૧૦ દિવસમાં આવેલા ૧ લાખ પ્રવાસીઓમાંથી ૨૦% લોકો માત્ર આ મેચના કારણે આવ્યા છે. શ્રીલંકા હવે સુરક્ષિત અને તટસ્થ વેન્યુ તરીકે પોતાની છાપ મજબૂત કરી રહ્યું છે, જે લાંબા ગાળે તેના પ્રવાસન વિકાસમાં મહત્વનો ભાગ ભજવશે.

તૈયારીઓ પૂર્ણ // હોટલનું બિલ ન ભરાતા રસ્તા પર આવ્યા, ખેલાડીઓ કલાકો સુધી ભટક્યા

## ઓસ્ટ્રેલિયામાં પાકિસ્તાની હોકી ટીમની ભારે ફજેતી

(એજન્સી) કેનબેરા/અમદાવાદ । તા.14

ઓસ્ટ્રેલિયાના કેનબેરામાં પાકિસ્તાની રાષ્ટ્રીય હોકી ટીમને અત્યંત અપમાનજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. 'એફઆઈએચ પ્રો લીગ' (FIH Pro League) રમવા ગયેલી આ ટીમને હોટલનું બાકી બિલ ન ચૂકવાવાને કારણે મેનેજમેન્ટે બહાર કાઢી મૂકી હતી. સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, ખેલાડીઓ કલાકો સુધી રસ્તા પર સામાન સાથે ભટકવા મજબૂર બન્યા હતા. આ ઘટનાએ પાકિસ્તાની રમત જગતની કંગાળ આર્થિક સ્થિતિ અને વહીવટી અરાજકતાને વિશ્વ સમક્ષ ખુલ્લી પાડી દીધી છે.

### હોટલનો કડક વલણ અને મેનેજમેન્ટની લાપરવાહી

પાકિસ્તાની ટીમને ખાતરી આપવામાં આવી હતી કે પાકિસ્તાન હોકી ફેડરેશન અને સ્પોર્ટ્સ બોર્ડ દ્વારા ચાર-તારા (ફોર-સ્ટાર) હોટલનું પેમેન્ટ એડવાન્સમાં કરી દેવામાં આવ્યું છે. જોકે, જ્યારે ખેલાડીઓ હોટલ





પહોંચ્યા ત્યારે મેનેજમેન્ટે સ્પષ્ટ કહી દીધું કે તેમને કોઈ પેમેન્ટ મળ્યું નથી અને કોઈ બુકિંગ પણ અસ્તિત્વમાં નથી. મીડિયા અહેવાલ અનુસાર, હેડ કોચ તાહિર ઝમાને પાકિસ્તાનમાં ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કરવાની આજીજી કરી હતી, પરંતુ ફંડની અછતને કારણે કલાકો સુધી કોઈ ઉકેલ આવ્યો નહોતો. અંતે, ખેલાડીઓએ એક જ રૂમમાં બે-ત્રણ જણાએ રોકાઈને રાત પસાર કરવી પડી હતી.

### વહીવટી તંત્ર રામભરોસે: મેનેજર પણ ગાયબ

આશ્ચર્યની વાત એ છે કે, પાકિસ્તાની ટીમ આટલા મોટા પ્રવાસ પર કોઈ કાયમી મેનેજર વગર ગઈ છે. અગાઉના મેનેજર અંજુમ સઈદને શિસ્તભંગના કારણોસર હટાવી દેવામાં આવ્યા હતા. આ આંતરિક કલહ અને આર્થિક તંગીની સીધી અસર મેદાન પર પણ જોવા મળી રહી છે. પાકિસ્તાની ટીમ અત્યાર સુધીની તમામ છ મેચ હારી ચૂકી છે અને ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં પણ ૨-૩ થી પરાજયનો સામનો કરવો પડ્યો છે. સ્થાનિક પાકિસ્તાની સમુદાયના લોકોએ આગળ આવીને ખેલાડીઓને મદદ કરવી પડી હતી, જે પાકિસ્તાની હોકીની ઘટતી શાખનું જીવતું જાગતું ઉદાહરણ છે.

### અમદાવાદ શહેર ભાજપ સંગઠનની નવી ટીમ જાહેર

બીજી તરફ, ગુજરાતના રાજકારણમાં મોટા ફેરફાર જોવા મળ્યા છે. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પદભાર સંભાળ્યા બાદ અમદાવાદ શહેર ભાજપના નવા સંગઠનની સત્તાવાર જાહેરાત કરી છે.

મિક્સ્ડ ડિસેબિલિટી ટી૨૦ સિરીઝના શાનદાર આયોજનથી ઇંગ્લેન્ડ પ્રભાવિત

## ઈસીબીએ ભારતનો આભાર માન્યો સફળ શ્રેણી બાદ પાઠવી શુભેચ્છા

(એજન્સી) નવી દિલ્હી । તા.14

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી પાંચ મેચોની મિક્સ્ડ ડિસેબિલિટી ટી૨૦ ઈન્ટરનેશનલ શ્રેણીના સફળ સમાપન બાદ, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ ભારતની ડિફરન્ટલી એબલ્ડ ક્રિકેટ કાઉન્સિલ (DCCI) નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. ગ્રેટર નોઈડા અને જયપુર ખાતે રમાયેલી આ શ્રેણીમાં ઈંગ્લેન્ડે ૪-૧ થી વિજય મેળવ્યો હતો, પરંતુ આ આયોજને વૈશ્વિક સ્તરે સમાવેશી ક્રિકેટનો મજબૂત સંદેશ આપ્યો છે.

ભવ્ય આતિથ્ય અને વ્યવસ્થાની પ્રશંસા ઈસીબીના ડિસેબિલિટી ક્રિકેટ હેડ ઈયાન માર્ટિને ડીસીસીઆઈના જનરલ સેક્રેટરી રવિકાંત ચૌહાણને મોકલેલા પત્રમાં ભારતીય બોર્ડ, અધિકારીઓ અને પ્રાયોજકોના પ્રયત્નોને બિરદાવ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, માર્ટિને ભારતના આતિથ્યને "અદભૂત" ગણાવ્યું હતું અને જણાવ્યું હતું કે તેમની ટીમ આ અદ્ભુત દેશની યાદગાર ક્ષણો લઈને પરત ફરી છે. હોટલ વ્યવસ્થાથી લઈને મેદાન પરના આયોજન સુધીની તમામ બાબતોની ઈંગ્લેન્ડ બોર્ડ દ્વારા પ્રશંસા



કરવામાં આવી છે. ભારતીય ખેલાડીઓના કૌશલમાં સુધારો મેદાન પરના પ્રદર્શન અંગે વાત કરતા માર્ટિને નોંધ્યું હતું કે ક્રિકેટનું સ્તર "અસાધારણ" હતું. તેમણે ભારતીય ટીમની રમતમાં થયેલા નોંધપાત્ર સુધારાને પણ સ્વીકાર્યો હતો.

### સર્વજન હિતાય સર્વજન સુખાય મંત્ર, ગ્લોબલ સાઉથમાં પ્રથમ સમિટ

# દિલ્હીમાં યોજાશે ભારત AI ઈમ્પેક્ટ સમિટ 2026

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

ભારતની રાજધાની નવી દિલ્હી આગામી ૧૬ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન એક ઐતિહાસિક વૈશ્વિક ઘટનાનું સાક્ષી બનવા જઈ રહી છે. 'ભારત-એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬' ના નામે આયોજિત થનારી આ પરિષદ ગ્લોબલ સાઉથમાં યોજાનારી પ્રથમ વૈશ્વિક એઆઈ સમિટ હશે. મીડિયા અહેવાલ મુજબ, આ સમિટનો મુખ્ય હેતુ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' ના મંત્ર સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી માનવ કલ્યાણ અને સર્વસમાવેશક વિકાસને વેગ આપવાનો છે.

### ત્રણ સૂત્રો અને સાત ચક્રોનું અનોખું માળખું

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ આપેલી માહિતી મુજબ, આ સમિટનું આયોજન ત્રણ મુખ્ય 'સૂત્રો' - પીપલ (લોકો), પ્લાનેટ (પૃથ્વી) અને પ્રોગ્રેસ (પ્રગતિ) પર આધારિત છે. આ ઉપરાંત, સમિટની રૂપરેખા સાત મુખ્ય 'ચક્રો' એટલે કે મહત્વના વિષયો પર કેન્દ્રિત કરવામાં આવી છે. આ સમિટ માત્ર ઊંચી વાતો કરવા માટે નહીં, પરંતુ એઆઈના જવાબદાર શાસન અને તેના પ્રેક્ટિકલ અમલીકરણ માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડશે.

### વૈશ્વિક નેતાઓ-મહાનુભાવોની ઉપસ્થિતિ

ભારત મંડપમ ખાતે યોજાનારી આ પાંચ દિવસીય સમિટમાં વિશ્વભરના ૨૦ થી વધુ ટોચના નેતાઓ સહભાગી થશે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે પીએમ નરેન્દ્ર મોદીના ખાસ નિમંત્રણ પર વિવિધ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને ૪૫ થી વધુ દેશોના મંત્રી સ્તરના પ્રતિનિધિમંડળો હાજર રહેશે. આ ઉપરાંત, સંયુક્ત રાષ્ટ્રના સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ પણ આ ખાસ અવસરે ઉપસ્થિત રહીને વૈશ્વિક એઆઈ નીતિઓ પર ચર્ચા કરશે.

સમિટ પૂર્વે વિશ્વના અલગ-અલગ દેશોમાં રહેલા ભારતીય રાજદૂતોએ એઆઈના મહત્વ પર લેખો લખીને ભારતની આ પહેલને બિરદાવી છે. ઈટાલીમાં ભારતીય રાજદૂત વાણી રાવે જણાવ્યું હતું કે, એઆઈ સિસ્ટમ ત્યારે જ સફળ થાય છે જ્યારે કૌશલ્ય, વિશ્વાસ અને માળખાગત સુવિધાઓ સાથે વિકસે. તેવી જ રીતે ડેનમાર્ક, ચિલી, યુગાન્ડા અને કંબોડિયામાં રહેલા ભારતીય દૂતોએ પણ ભારતની એઆઈ મિશનની સરાહના કરી છે અને જણાવ્યું છે કે આ ટેકનોલોજીનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચવો જોઈએ.




### વિકાસલક્ષી અભિગમ અને ભવિષ્યનું લક્ષ્ય

આ સમિટ આરોગ્ય, કૃષિ, શિક્ષણ અને વહીવટી શાસનમાં એઆઈના પ્રાયોગિક ઉપયોગોનું પ્રદર્શન કરશે. 'ડિજિટલ ઈન્ડિયા' અને 'ઈન્ડિયા એઆઈ મિશન' ના વિઝનને અનુરૂપ, આ કાર્યક્રમ પર્યાવરણ પ્રત્યે સભાન ટેકનોલોજી અને સમાન પ્રવેશ પર ભાર મૂકશે. આ સમિટ દ્વારા ભારત વિશ્વને બતાવવા માંગે છે કે એઆઈ એ માત્ર ટેકનોલોજી નથી, પરંતુ આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તનનું એક શક્તિશાળી માધ્યમ છે.

### આઠ નૌકા જહાજો તૈનાત કરવામાં આવ્યા

# તાઈવાનની સરહદે ચીની સેનાની ખતરનાક હિલચાલ

(એજન્સી) તાઈપેઈ । તા. 14

પૂર્વ એશિયામાં ભૌગોલિક-રાજકીય તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે શનિવારે સવારે ૬ વાગ્યા સુધીમાં તાઈવાનની જળસીમાની આસપાસ એક ચીની સૈન્ય વિમાન અને આઠ નૌકાદળના જહાજોની હાજરી શોધી કાઢી છે. આ સાથે એક સત્તાવાર સરકારી જહાજ પણ જોવામાં આવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, તાઈવાનની સેનાએ આ ગંભીર પરિસ્થિતિ પર સતત દેખરેખ રાખી છે અને યોગ્ય વળતો જવાબ આપવા માટે સજ્જ હોવાનું જણાવ્યું છે.

શુક્રવારે પણ ચીને પોતાની સૈન્ય શક્તિનું પ્રદર્શન કરતા ૪૨ સૈન્ય વિમાનો અને ૧૧ નૌકાદળના જહાજો તાઈવાનની આસપાસ મોકલ્યા હતા. સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, આ ૪૨ વિમાનોમાંથી ૩૨ વિમાનોએ તાઈવાનની મધ્ય રેખા ઓળંગીને તેના ઉત્તર, મધ્ય, દક્ષિણ-પશ્ચિમ અને પૂર્વીય હવાઈ સંરક્ષણ ઓળખ ક્ષેત્ર (ADIZ) માં પ્રવેશ કર્યો હતો. ચીન દ્વારા કરવામાં આવતી આ વારંવારની ઉશ્કેરણીજનક હિલચાલથી એશિયા-પેસિફિક ક્ષેત્રમાં યુદ્ધની આશંકા સેવાઈ રહી છે. બીજી તરફ, બેઈજિંગ દ્વારા કરવામાં આવેલી 'પુનઃ એકીકરણ' ની હાકલને તાઈવાનની મેઈનલેન્ડ અફેર્સ કાઉન્સિલ (MAC) એ સખત શબ્દોમાં ફગાવી દીધી છે. તાઈવાનના અધિકારીઓએ ચીનના આ વલણને 'વિનાશકારી' ગણાવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના વરિષ્ઠ નેતા વાંગ હુનિંગે તાજેતરમાં જ 'રાષ્ટ્રીય પુનઃ એકીકરણ' ના નામે અલગતાવાદીઓ સામે કડક કાર્યવાહી કરવાની હાકલ કરી હતી. તાઈવાને સ્પષ્ટ કર્યું છે કે તેઓ ચીનના કોઈપણ પ્રકારના દબાણ સામે ઝુકશે નહીં અને પોતાની સ્વાયત્તતાનું રક્ષણ કરશે.

ચીનના વધતા જતા દબાણ વચ્ચે અમેરિકાએ પણ તાઈવાનના સમર્થનમાં મોટું કદમ ઉઠાવ્યું છે. યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે 'પ્રોટેક્ટ તાઈવાન એક્ટ' ને જંગી બહુમતીથી મંજૂરી આપી દીધી છે.

## ન્યૂઝ બ્રીફ

### જેફ્રી એપસ્ટીન મોત રહસ્ય આત્મહત્યા નહીં પણ હત્યા છે




ન્યૂયોર્ક | વિશ્વભરમાં ચર્ચિત હાઈ-પ્રોફાઈલ સેક્સ ટ્રાફિકિંગ કેસના મુખ્ય આરોપી જેફ્રી એપસ્ટીનના મૃત્યુ મામલે ફરી એકવાર વિવાદના વંટોળ ઉઠ્યા છે. વર્ષ ૨૦૧૯માં ન્યૂયોર્કની અત્યંત સુરક્ષિત ગણાતી જેલમાં એપસ્ટીન મૃત હાલતમાં મળી આવ્યો હતો, જેને સત્તાવાર રીતે આત્મહત્યા જાહેર કરવામાં આવી હતી. જોકે, જાણીતા ફોરેન્સિક પેથોલોજિસ્ટ ડૉ. મિશેલ બાડેનના તાજેતરના દાવાએ આ સમગ્ર ઘટનાને 'સુનિયોજિત હત્યા' ગણાવીને અમેરિકન ન્યાયતંત્રમાં ખળભળાટ મચાવી દીધો છે. ડૉ. મિશેલ બાડેને મીડિયા અહેવાલ દરમિયાન સ્પષ્ટ કર્યું હતું કે એપસ્ટીનનું મોત ગળેફાંસો ખાવાથી નહીં, પરંતુ ગળું દબાવવાથી થયું હોવાના પ્રબળ પુરાવા છે.

### ભારત કેનેડા આર્થિક ભાગીદારી હવે વધુ મજબૂત બનશે અને વેપાર વધશે

ઓટાવા | ભારત અને કેનેડા વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં લાંબા સમયના વિરામ બાદ હવે એક નવી આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. કેનેડામાં ભારતના ઉચ્ચાયુક્ત દિનેશ પટનાયકે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે કે વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી માટેની વાટાઘાટો ફેબ્રુઆરીના અંતમાં અથવા માર્ચની શરૂઆતમાં પુનઃ શરૂ થશે. જોહાનિસબર્ગમાં જી-૨૦ શિખર સંમેલન દરમિયાન બંને દેશોના વડાપ્રધાનો વચ્ચે થયેલી ચર્ચા બાદ આ પ્રક્રિયાને વેગ મળ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના વ્યાપારિક અવરોધોને દૂર કરી આર્થિક સંબંધોને નવી ગતિ આપવાનો છે. છેલ્લા કેટલાક વર્ષોથી અમુક કારણોસર મુક્ત વ્યાપાર સમજૂતી પર જે રોક લગાવવામાં આવી હતી, તે હવે હટાવી દેવામાં આવી છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની ટીમે આ અંગે સંસદને ૯૦ દિવસની નોટિસ પણ આપી દીધી છે.

### પન્નૂન હત્યા કાવતરામાં નિખિલ ગુપ્તાની ગુનાની કબૂલાત



ન્યૂયોર્ક | અમેરિકાના ન્યૂયોર્કમાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા સામે ચાલી રહેલા હાઈ-પ્રોફાઈલ કેસમાં આજે એક મોટો વળાંક આવ્યો છે. આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુનની હત્યાના નિષ્ફળ કાવતરામાં સંડોવાયેલા નિખિલ ગુપ્તાએ પોતાની સંડોવણી સ્વીકારી લેતા ન્યૂયોર્કની કોર્ટે તેને ૨૪ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. અમેરિકી ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશન (DEA) દ્વારા નિખિલ ગુપ્તાની તસવીર જાહેર કરવામાં આવી છે, જે આ સમગ્ર કાવતરાનો પર્દાફાશ કરે છે. મીડિયા અહેવાલ મુજબ, નિખિલ ગુપ્તા ઉર્ફે 'નિક' એ ન્યૂયોર્કની કોર્ટમાં પોતાના પર લાગેલા ત્રણેય ગંભીર આરોપો સ્વીકારી લીધા છે.

### રશિયન સપ્લાયમાં ઘટાડો નોંધાયો

# રશિયાને પછાડી સાઉદી અરેબિયા તેલ બજારમાં બન્યું નંબર વન, ભારતની તેલ આયાતમાં મોટો ઉલટફેર

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

ભારતના ઉર્જા ક્ષેત્રમાં એક અત્યંત ચોંકાવનારો અને વ્યૂહાત્મક ઉલટફેર જોવા મળ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૬ના પ્રારંભિક આંકડાઓ મુજબ, લાંબા સમયથી ભારતને સૌથી વધુ તેલ પૂરું પાડનાર રશિયાને પછાડીને હવે સાઉદી અરેબિયા ફરી એકવાર ભારતનો સૌથી મોટો ઓઈલ સપ્લાયર દેશ બની ગયો છે. આંતરરાષ્ટ્રીય શિપ ટ્રેકિંગ ડેટા અનુસાર, રશિયા પાસેથી થતી આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેની સીધી અસર ભારતના વિદેશી વેપારના નકશા પર જોવા મળી રહી છે.

### સાઉદી અરેબિયાનો દબદબો અને આંકડાકીય સરસાઈ

વૈશ્વિક તેલ બજાર પર નજર રાખતી સંસ્થાઓના ડેટા મુજબ, ફેબ્રુઆરીના પ્રથમ ૧૦ દિવસોમાં સાઉદી અરેબિયાએ ભારતને દરરોજ સરેરાશ ૧૧.૩ લાખ બેરલ ક્રૂડ ઓઈલની નિકાસ કરી છે. આની સામે રશિયાનો સપ્લાય ઘટીને ૧૦.૯ લાખ બેરલ પર આવી ગયો છે. લગભગ એક વર્ષના લાંબા અંતરાલ બાદ સાઉદી અરેબિયા પાસેથી ભારતની આયાત ફરીથી ૧૦ લાખ બેરલના આંકડાને વટાવી ગઈ છે. આ પરિવર્તન પાછળ સાઉદી અરામકો દ્વારા તેલની કિંમતોમાં કરવામાં આવેલો ઘટાડો અને પરિવહન ખર્ચમાં આપેલી મોટી રાહત મુખ્ય કારણ માનવામાં આવે છે.

### ભારત-અમેરિકા ટ્રેડ ડીલની અસર અને ટેરિફના નવા સમીકરણો

આ મોટા ફેરફાર પાછળ માત્ર વ્યાપારી ગણતરીઓ જ નહીં, પરંતુ ભારત અને અમેરિકા વચ્ચે થયેલી તાજેતરની મહત્ત્વપૂર્ણ 'ટ્રેડ ડીલ' પણ જવાબદાર છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાએ ભારત પરના રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને ૧૮% કરી દીધા છે. આ સાથે જ રશિયન તેલની ખરીદી પર લાદવામાં આવેલા વધારાના ટેરિફને પાછા ખેંચવાની જાહેરાત કરવામાં આવી છે. આ વ્યૂહાત્મક હિલચાલને પગલે ભારત હવે રશિયા પરની પોતાની તેલ નિર્ભરતા ધીરે-ધીરે ઘટાડી રહ્યું હોય તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. અમેરિકા સાથેના મજબૂત થતા સંબંધો ભારતની તેલ આયાત નીતિમાં મોટું પરિવર્તન લાવી રહ્યા છે.




### પરિવહન સુવિધા અને આર્થિક ફાયદા

પશ્ચિમ એશિયા એટલે કે ખાડી દેશો ભારતની ભૌગોલિક રીતે અત્યંત નજીક છે. સાઉદી અરેબિયાથી ભારત સુધી તેલ પહોંચાડવામાં માત્ર ત્રણ દિવસનો સમય લાગે છે, જે અમેરિકા કે રશિયા જેવા દૂરના દેશોની સરખામણીએ ઘણો ઓછો છે. ઓછો પરિવહન સમય અને ઘટતા ખર્ચને કારણે ભારતીય રિફાઈનરીઓ માટે સાઉદીનું તેલ વધુ આર્થિક રીતે ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સાઉદી અરેબિયા પાસે રહેલી વધારાની ઉત્પાદન ક્ષમતા ભારતની વધતી જતી ઉર્જા જરૂરિયાતોને ઝડપથી પૂરી કરવા માટે સક્ષમ છે.

### ભારતની ઉર્જા સુરક્ષા અને ભવિષ્યની વ્યૂહરચના

ભારત પોતાની જરૂરિયાતનું ૯૦% તેલ આયાત કરે છે અને તે વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ ખરીદનાર દેશ છે. આવી સ્થિતિમાં, કોઈ એક દેશ પર નિર્ભર રહેવાને બદલે સપ્લાયના સ્ત્રોતોમાં વિવિધતા લાવવી એ ભારતની પ્રાથમિકતા રહી છે. નિષ્ણાતોનું માનવું છે કે રશિયા પરના આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો અને ભૌગોલિક-રાજકીય દબાણ વચ્ચે ભારત પોતાની ઉર્જા સુરક્ષા માટે સુરક્ષિત રસ્તો અપનાવી રહ્યું છે. આગામી સમયમાં જો અમેરિકા સાથેના વેપાર સંબંધો વધુ મજબૂત બનશે, તો ભારતની આયાતના આંકડામાં હજુ પણ મોટા ફેરફારો જોવા મળી શકે છે.

### આવામી લીગ પરનો પ્રતિબંધ હટશે

# બાંગ્લાદેશમાં તારિક રહેમાનના નેતૃત્વમાં નવો સૂર્યોદય



(એજન્સી) નવી દિલ્હી/ઢાકા । તા. 14

બાંગ્લાદેશમાં ૧૨ ફેબ્રુઆરીએ યોજાયેલી ૧૩મી સંસદીય ચૂંટણીના પરિણામોએ પાડોશી દેશના રાજકીય નકશાને સંપૂર્ણપણે બદલી નાખ્યો છે. બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (BNP) એ બે તૃતીયાંશ બહુમતી સાથે ભવ્ય વિજય મેળવ્યા બાદ હવે દેશની કમાન તારિક રહેમાનના હાથમાં આવી છે. આ ઐતિહાસિક વિજય બાદ, બાંગ્લાદેશમાં ભારતના પૂર્વ હાઈ કમિશનર વીણા સીકરીએ એક મહત્વપૂર્ણ નિવેદન આપતા જણાવ્યું છે કે, નવા વડાપ્રધાન આગામી સમયમાં આવામી લીગ પર લાદવામાં આવેલા પ્રતિબંધને હટાવવા અંગે ગંભીરતાથી વિચારી શકે છે.

બીએનપી અને તેના સહયોગી પક્ષોએ ૨૯૯ બેઠકોમાંથી ૨૧૨ બેઠકો પર વિજય મેળવીને સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે. જમાત-એ-ઈસ્લામી અને તેના ગઠબંધને પણ ૭૭ બેઠકો જીતીને મજબૂત હાજરી નોંધાવી છે. વીણા સીકરીએ એએનઆઈ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવાથી હવે દેશને સ્થિરતા તરફ લઈ જવા માટે તમામ પક્ષોનો સહયોગ જરૂરી છે. ખાસ કરીને હસીનાના પક્ષ પરનો પ્રતિબંધ હટાવવાથી દેશમાં રાજકીય સંતુલન જળવાઈ શકે છે. બીજી તરફ, ભારતમાંથી જ અહેવાલ મળ્યા છે કે આવામી લીગના પ્રમુખ અને પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ આ ચૂંટણીની કાયદેસરતાને સખત રીતે પડકારી છે. તેમણે આ ચૂંટણીને બાંગ્લાદેશના લોકશાહી ઈતિહાસનું એક "શરમજનક પ્રકરણ" ગણાવ્યું છે. હસીનાએ આક્ષેપ કર્યો હતો કે મતદાન મથકો ખાલી હોવા છતાં ગણતરીના ટેબલ પર લાખો મતો ક્યાંથી આવ્યા તે એક મોટો પ્રશ્ન છે. તેમના જણાવ્યા મુજબ, માત્ર ૧૫% મતદાન ધરાવતા વિસ્તારોમાં અચાનક ૩૨% થી વધુ મતદાન દર્શાવવું એ વહીવટી તંત્રની ગેરરીતિ સૂચવે છે.

# પન્નુની હત્યાનું કાવતરું નિખિલ ગુપ્તાએ ગુનો સ્વીકાર્યો

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 14

અમેરિકાની ધરતી પર ખાલિસ્તાની અલગતાવાદી નેતા ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કથિત ષડયંત્રમાં એક અત્યંત મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. ન્યૂયોર્કની મેનહટન ફેડરલ કોર્ટમાં સુનાવણી દરમિયાન મુખ્ય આરોપી નિખિલ ગુપ્તાએ પન્નુની હત્યાનું કાવતરું ઘડવા અને મની લોન્ડરિંગ સંબંધિત તમામ આરોપોની કબૂલાત કરી લીધી છે. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ થયેલી આ ઐતિહાસિક સુનાવણીમાં ગુપ્તાએ પોતાનો ગુનો સ્વીકારી લેતા હવે આ મામલે સજાની પ્રક્રિયા તેજ બની છે, જેનાથી ભારત અને અમેરિકા વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે.

વર્ષ ૨૦૨૩માં જ્યારે અમેરિકી સત્તાવાળાઓએ પન્નુની હત્યાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હોવાનો દાવો કર્યો હતો, ત્યારે આ કિસ્સો આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. નિખિલ ગુપ્તાની ધરપકડ જૂન ૨૦૨૩માં ચેક રિપબ્લિકમાં કરવામાં આવી હતી અને ત્યારબાદ તેને અમેરિકા સોંપવામાં આવ્યો હતો. શરૂઆતમાં તમામ આરોપોને નકારનાર ગુપ્તાએ હવે મેજિસ્ટ્રેટ જજ સારા નેટબર્ન સમક્ષ સ્વીકાર્યું છે કે તે આ હાઈ-પ્રોફાઈલ હત્યાના કાવતરામાં સામેલ હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આ ગુનામાં તેને મહત્તમ ૪૦ વર્ષની જેલની સજા થઈ શકે છે.




### બાંગ્લાદેશ ચૂંટણી વિજય અભિનંદન પીએમ મોદીએ પાઠવ્યા અને સંબંધો સુધરશે

ઢાકા | બાંગ્લાદેશમાં હાલમાં જ સંપન્ન થયેલી સામાન્ય ચૂંટણીઓમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) અને તેના સાથી પક્ષોના પ્રચંડ વિજય બાદ દક્ષિણ એશિયાના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બીએનપીના કાર્યકારી અધ્યક્ષ તારિક રહેમાનને ટેલિફોનિક વાતચીત અને સોશિયલ મીડિયા દ્વારા ઉષ્માભર્યા અભિનંદન પાઠવ્યા છે. બીએનપી મીડિયા સેલે પીએમ મોદીના આ સંદેશને આવકારતા જણાવ્યું છે કે, તેઓ ભારત સાથેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા અને પરસ્પર સહયોગ વધારવા માટે આતુર છે. બીએનપીના પ્રવક્તા સાયરૂલ કબીર ખાને જણાવ્યું કે આ વિજય માત્ર એક પક્ષનો નથી, પરંતુ બાંગ્લાદેશની જનતા અને લોકશાહીનો વિજય છે. જોકે, પક્ષ દ્વારા અત્યારે કોઈ પણ પ્રકારની ભવ્ય ઉજવણી ન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# બલૂચિસ્તાનમાં સૈન્ય કાર્યવાહી અને ધરપકડ થી હાહાકાર મચી ગયો છે

### ગુમ થયેલા નાગરિકોની વ્યથા થી વાતાવરણ ગમગીન

(એજન્સી) બલૂચિસ્તાન । તા. 14

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા વ્યાપક સર્ચ ઓપરેશનને કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ અને ડર જોવા મળી રહ્યો છે. વિવિધ જિલ્લાઓમાં રાત્રિના સમયે કરવામાં આવેલા દરોડા દરમિયાન અનેક લોકોને ઉઠાવી જવામાં આવ્યા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. પરિવારોના જણાવ્યા અનુસાર, સુરક્ષા કર્મીઓએ કોઈપણ આગોતરી જાણ કર્યા વિના રહેણાંક વિસ્તારોને બંદૂકના અણીએ બાનમાં લીધા હતા અને પુરુષોની અટકાયત કરી તેમને અજ્ઞાત સ્થળે ખસેડ્યા છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, હબ ચોકીના ગુલશન અમીરાબાદ વિસ્તારમાં ૮ ફેબ્રુઆરીની રાત્રે અત્યંત દિલધડક દ્રશ્યો સર્જાયા હતા. મીડિયા અહેવાલ મુજબ, સુરક્ષા દળોએ જુમા નામના વ્યક્તિના ચાર પુત્રો અબ્દુલ રબ, મોહમ્મદ રહીમ, અબ્દુલ રઝાક અને અબ્દુલ મલિકની ધરપકડ કરી છે. આટલું જ નહીં, તેમના યુવાન સંતાનો શાહઝૈબ, જહાંગીર, નૌરોઝ અને શાહમીરને પણ બળજબરીપૂર્વક ઉઠાવી જવામાં આવ્યા છે. પીડિત પરિવારોનો દાવો છે કે તેઓ મૂળ માશકે નોકજોના વતની છે અને માત્ર મુલાકાત અર્થે ત્યાં રોકાયા હતા.

સુરક્ષા દળોએ માત્ર સામાન્ય નાગરિકો જ નહીં પરંતુ સરકારી કર્મચારીઓને પણ નિશાન બનાવ્યા છે. પોલીસ વિભાગ સાથે જોડાયેલા ફઝલ કરીમ અને તેમના પુત્ર નવાઝની પણ ધરપકડ કરવામાં આવી છે. મહિલાઓ અને બાળકો સાથે ગેરવર્તન કરવામાં આવ્યું હોવાના પણ ગંભીર આક્ષેપો થયા છે.

**પરીક્ષણ** સ્પેસ લોન્ચ સિસ્ટમ રોકેટ પરીક્ષણ ડેટાની સમીક્ષા શરૂ, માનવસહિત અવકાશ યાત્રા ૨૦૨૬ માટે નાસા સજ્જ બન્યું

# નાસા આર્ટેમિસ ૨ ચંદ્ર મિશન માટે રોકેટનું સફળ પરીક્ષણ કરાયું

(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 14

અમેરિકન સ્પેસ એજન્સી નાસા (NASA) એ માનવજાતને ફરી એકવાર ચંદ્ર પર લઈ જવાના પોતાના મહત્વકાંક્ષી 'આર્ટેમિસ ૨' મિશન તરફ વધુ એક મોટું ડગલું ભર્યું છે. તાજેતરમાં એજન્સી દ્વારા સ્પેસ લોન્ચ સિસ્ટમ (SLS) રોકેટનું મહત્વનું 'વ્હીકલ કોન્ફિડન્સ ટેસ્ટ' સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. ૧૨ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવેલા આ પરીક્ષણ બાદ હવે વૈજ્ઞાનિકો ડેટાની ગહન સમીક્ષા કરી રહ્યા છે. આ મિશન વર્ષ ૨૦૨૬માં અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે નવી ક્રાંતિ લાવવા માટે તૈયાર છે, જેમાં માર્ચ મહિનો લોન્ચિંગ માટેની સૌથી વહેલી તક તરીકે જોવામાં આવી રહ્યો છે.

આ પરીક્ષણ દરમિયાન એન્જિનિયરોએ રોકેટના મુખ્ય સ્ટેજમાં પ્રવાહી હાઈડ્રોજન ટેન્કને આંશિક રીતે ભરીને નવી બદલાયેલી સીલનું નિરીક્ષણ કર્યું હતું. જોકે, ગ્રાઉન્ડ સપોર્ટ ઈક્વિપમેન્ટમાં પ્રવાહી હાઈડ્રોજનના પ્રવાહમાં ઘટાડો થવાની સમસ્યા સામે આવી હતી, તેમ છતાં ટીમે ટેસ્ટના મુખ્ય લક્ષ્યો હાંસલ કરવામાં સફળતા મેળવી છે. મીડિયા અહેવાલ મુજબ, અગાઉના પરીક્ષણ વખતે જે જગ્યાએ લિકેજ જોવા મળ્યું હતું, ત્યાં આ વખતે સિસ્ટમ બરાબર કામ કરતી હોવાનું જણાતા વૈજ્ઞાનિકોનો આત્મવિશ્વાસ વધ્યો છે.




આર્ટેમિસ ૨ એ આ શ્રેણીનું પ્રથમ એવું મિશન હશે જેમાં ચાર અવકાશયાત્રીઓ ઓરિયન સ્પેસક્રાફ્ટમાં સવાર થઈને ચંદ્રની આસપાસની સફર કરી પૃથ્વી પર પરત ફરશે. આર્ટેમિસ ૧ માનવરહિત હતું, જ્યારે આ મિશનમાં અવકાશયાત્રીઓની હાજરીમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ અને ઊંડા અવકાશમાં ઓપરેશન્સની ક્ષમતા ચકાસવામાં આવશે. આ મિશનની સફળતા બાદ જ 'આર્ટેમિસ ૩' માટેનો માર્ગ મોકળો થશે, જેનો અંતિમ ઉદ્દેશ્ય ચંદ્રની સપાટી પર માનવીને ઉતારવાનો છે.

### આગામી પરીક્ષણનું આયોજન

હાલમાં નાસાની ટીમ ગ્રાઉન્ડ સપોર્ટ ઈક્વિપમેન્ટના ફિલ્ટરને બદલવાની કામગીરી કરી રહી છે. આ સપ્તાહના અંતે તમામ લાઈનો શુદ્ધ કર્યા બાદ, ફેબ્રુઆરીના અંત સુધીમાં બીજું 'વેટ ડ્રેસ રિહર્સલ' યોજવાની યોજના છે. આ આખરી કવાયત બાદ ચંદ્ર મિશનના લોન્ચિંગની ચોક્કસ તારીખ જાહેર કરવામાં આવશે. વિશ્વભરના વૈજ્ઞાનિકોની નજર અત્યારે નાસાના આ અદભૂત મિશન પર ટકેલી છે, જે ભવિષ્યના લાંબા ગાળાના અવકાશ સંશોધનો માટે પાયાનો પથ્થર સાબિત થશે.

# એસ્ટી લોડર કંપની ભારતમાં મોટું રોકાણ કરશે

(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 14

ભારતીય બજારની વધતી જતી તાકાત અને આર્થિક નીતિઓના પરિણામે હવે વિશ્વની દિગ્ગજ કંપનીઓ ભારતમાં રોકાણ કરવા માટે પડાપડી કરી રહી છે. અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ શુક્રવારે વિશ્વપ્રસિદ્ધ કોસ્મેટિક્સ કંપની 'એસ્ટી લોડર' (Estee Lauder) ના પ્રેસિડેન્ટ અને સીઈઓ સ્ટીફન ડી લા ફેવેરી સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકનો મુખ્ય એજન્ડા ભારતમાં રોકાણની તકો અને પર્સનલ કેર માર્કેટમાં વિસ્તરણનો હતો.

મીડિયા અહેવાલ મુજબ, રાજદૂત ક્વાત્રાએ એસ્ટી લોડર કંપનીના ભારતીય બજાર પ્રત્યેના રસ અને રોકાણ વધારવાની તેમની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. બેઠક બાદ તેમણે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, ભારતમાં સીધા વિદેશી રોકાણ (FDI) ના પ્રવાહથી આપણું અર્થતંત્ર મજબૂત બનશે અને સ્થાનિક સ્તરે ઉત્પાદન ક્ષમતામાં પણ મોટો વધારો થશે. એસ્ટી લોડર જેવી વૈશ્વિક બ્રાન્ડ જ્યારે ભારતમાં પોતાનો વ્યાપ વધારે છે, ત્યારે તેનાથી હજારો નવી રોજગારીની તકો પણ ઊભી થાય છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ઓક્ટોબરમાં પણ ક્વાત્રાએ આ ટીમ સાથે મુલાકાત કરી હતી. ભારતનું પર્સનલ કેર અને બ્યુટી માર્કેટ હાલમાં વિશ્વમાં સૌથી ઝડપથી વિકસી રહેલા ક્ષેત્રોમાંનું એક છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, એસ્ટી લોડર કંપની ભારતમાં માત્ર વેચાણ જ નહીં, પરંતુ તેની સપ્લાય ચેઈન અને ઉત્પાદન એકમો સ્થાપવા માટે પણ ગંભીરતાથી વિચારી રહી છે. મધ્યમ વર્ગની વધતી ખરીદશક્તિને કારણે વૈશ્વિક બ્રાન્ડ્સ માટે ભારત હવે પ્રથમ પસંદગીનું સ્થળ બની ગયું છે.

## ૧૦૦થી વધુ દેશો અને વૈશ્વિક નેતાઓની ઉપસ્થિતિ

# ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ નવી દિલ્હીમાં જામશે મહાકુંભ

### ૭૦૦થી વધુ સત્રો અને ગિનિસ વર્લ્ડ રેકોર્ડનો પ્રયાસ, વિશ્વના ટેક દિગ્ગજો મહેમાન બની આવશે

(એજન્સી) નવી દિલ્હી | તા 14

ભારતની રાજધાની નવી દિલ્હી હવે વિશ્વના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રનું પાવર સેન્ટર બનવા જઈ રહી છે. આગામી ૧૬ ફેબ્રુઆરીથી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન નવી દિલ્હીના ભવ્ય 'ભારત મંડપમ' ખાતે 'India AI Impact Summit 2026' નું આયોજન થવા જઈ રહ્યું છે. આ પાંચ દિવસીય વૈશ્વિક સંમેલન ભારત માટે માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ પોતાની 'સોવરિન એઆઈ' વ્યૂહરચના અને ગ્લોબલ એઆઈ ગવર્નન્સમાં પોતાની આગવી ભૂમિકા વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવાનો એક ઐતિહાસિક મોકો છે.આ સમિટની વિશાળતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેમાં ૧૦૦થી વધુ દેશોના પ્રતિનિધિમંડળો ભાગ લેશે. મીડિયા અહેવાલ મુજબ, આ કાર્યક્રમમાં ૧૫ થી ૨૦ દેશોના રાષ્ટ્રીયાધ્યક્ષો, જેમાં રાષ્ટ્રપતિઓ અને વડાપ્રધાનોનો સમાવેશ થાય છે, તેમની ગરિમામય હાજરી જોવા મળશે. આ ઉપરાંત વિશ્વભરના ૫૦ થી વધુ મંત્રીઓ પણ આ એઆઈ કુંભમાં સહભાગી થશે. ભારત આ મંચ પરથી એઆઈ ક્ષેત્રે 'ગ્લોબલ સાઉથ'નો અવાજ બનીને ઉભરશે.ભારતીય ટેક નિષ્ણાતોની સાથે વિશ્વની સૌથી શક્તિશાળી ટેક કંપનીઓના ૫૦ થી વધુ સીઈઓ (CEO) પણ આ સમિટમાં હાજર રહેશે. ગૂગલના સુંદર પિચાઈથી માંડીને એનવીડિયાના જેન્સન હુઆંગ સુધીની હસ્તીઓ ભારત મંડપમમાં એક મંચ પર જોવા મળશે. ઓપનએઆઈ (OpenAI) ના સેમ ઓલ્ટમેન, માઈક્રોસોફ્ટના પ્રેસિડેન્ટ બ્રેડ સ્મિથ અને મેટાના ચીફ




એઆઈ સાયન્ટિસ્ટ યાન લેકુન જેવા દિગ્ગજો એઆઈના ભવિષ્ય અને તેની માનવજાત પર અસરો વિશે મંથન કરશે. સમિટ દરમિયાન આયોજિત થનારા ૭૦૦ થી વધુ સત્રોમાં એઆઈ સેફ્ટી, ડેટા પ્રોટેક્શન, એથિકલ ફ્રેમવર્ક અને આર્થિક વિકાસમાં એઆઈનો કેવી રીતે પ્રભાવી ઉપયોગ કરી શકાય તે અંગે ઊંડી ચર્ચા થશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૧૬ અને ૧૭ ફેબ્રુઆરીએ 'AI રિસ્પોન્સિબિલિટી પ્લેજ' (AI જવાબદારીના શપથ) અભિયાન અંતર્ગત એક નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવવાની પણ તૈયારીઓ ચાલી રહી છે, જે ભારતની એઆઈ પ્રત્યેની જવાબદારીપૂર્ણ નીતિ દર્શાવશે. આ ઐતિહાસિક ઈવેન્ટ માત્ર ઉદ્યોગ જગત માટે જ નહીં, પણ સામાન્ય નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે પણ ખુલ્લી છે. રસ ધરાવતા વ્યક્તિઓ સત્તાવાર વેબસાઈટ impact.indiaai.gov.in પર જઈને પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. ભારત જ્યારે વિકસિત ભારત @૨૦૪૭ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે આ સમિટ ટેકનોલોજી ક્ષેત્રે ભારતની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવામાં માઈલસ્ટોન સાબિત થશે.

## શરદ પવાર હોસ્પિટલ ડિસ્ચાર્જ: પુણેની રૂબી હોલ ક્લિનિકમાંથી મળી રજા

પુણે (મહારાષ્ટ્ર): રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP-SCP) ના અધ્યક્ષ શરદ પવારને પાંચ દિવસની સારવાર બાદ શનિવારે પુણેની રૂબી હોલ ક્લિનિકમાંથી રજા આપવામાં આવી છે. છાતીમાં કફ અને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ બાદ તેમને ૯ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૮૫ વર્ષીય વરિષ્ઠ નેતાએ સારવાર બાદ ઝડપથી રિકવરી મેળવી છે, જે તેમના સમર્થકો અને રાજકીય વર્તુળો માટે રાહતના સમાચાર છે. હોસ્પિટલના ચીફ કાર્ડિયોલોજિસ્ટ અને મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. પરવેઝ ગ્રાન્ટે જણાવ્યું હતું કે, "શરદ પવારનું સ્વાસ્થ્ય હવે ઘણું સારું છે અને તેઓ સંપૂર્ણપણે રિકવર થઈ ગયા છે. મેડિકલ ટીમે તેમને આગામી થોડા દિવસો સુધી પૂરતો આરામ કરવાની સલાહ આપી છે. ત્યારબાદ તેઓ ધીમે-ધીમે પોતાના રૂટિન કામ અને જાહેર કાર્યક્રમોમાં ફરી સક્રિય થઈ શકશે." ડૉ. સિમન ગ્રાન્ટે પણ પુષ્ટિ કરી હતી કે તેમના તમામ શારીરિક માપદંડો હવે સામાન્ય છે. શરદ પવારની પુત્રી અને સાંસદ સુપ્રિયા સુલેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર માહિતી શેર કરતા જણાવ્યું હતું કે, પવાર સાહેબને છાતીમાં કફ જમા થવાને કારણે ૫ દિવસનો એન્ટીબાયોટીક્સનો કોર્સ આપવામાં આવ્યો હતો. તેમણે તમામ ડોક્ટરો અને શુભેચ્છકોનો આભાર માન્યો હતો. એનસીપી નેતા રોહિત પવારે જણાવ્યું હતું કે, પવાર સાહેબને આઈસીયુ (ICU) માં રાખવાની જરૂર પડી નહોતી અને તેઓ પ્રાઈવેટ રૂમમાં જ સારવાર હેઠળ હતા.

## News Brief

### પુલાવામાના શહીદોને વિદેશ મંત્રીની ભાવભીની શ્રદ્ધાંજલિ




નવી દિલ્હી: ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે પુલાવામા આતંકી હુમલાના અમર શહીદોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણા વીર જવાનોનું બલિદાન સરહદ પારના આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ' (શૂન્ય સહિષ્ણુતા) ની નીતિ અપનાવવાના ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. વર્ષ ૨૦૧૯ માં આજના દિવસે થયેલા એ કાયરતાપૂર્ણ હુમલાને યાદ કરતા સમગ્ર દેશ આજે શહીદોના ચરણોમાં નતમસ્તક છે.મીડિયા અહેવાલ મુજબ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ પુલાવામાના શહીદોને નમન કરતા ટ્વીટ કર્યું હતું કે, આપણા વીરોનું સાહસ અને દેશ પ્રત્યેનું સમર્પણ દરેક ભારતીયના મનમાં હંમેશા જીવંત રહેશે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે આ જવાનોની સેવાનો સંકલ્પ ભારતની સામૂહિક ચેતનામાં કાયમ માટે અંકિત થઈ ગયો છે અને તેમના અદમ્ય સાહસમાંથી દેશ શક્તિ મેળવી રહ્યો છે.

### પંજાબ હરિયાણા લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો



ચંદીગઢ: ભારતીય હવામાન વિભાગ (IMD) ચંદીગઢ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના અહેવાલ મુજબ, પંજાબ અને હરિયાણામાં સરેરાશ લઘુત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો છે. જોકે બંને રાજ્યોમાં હવામાનની સ્થિતિ સામાન્યની નજીક રહી છે, પરંતુ તાપમાનમાં થયેલા ઘટાડાને કારણે વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. શનિવારે જાહેર કરાયેલા આંકડા મુજબ, હરિયાણામાં શુક્રવારની સરખામણીએ લઘુત્તમ તાપમાનમાં ૦.૬ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થયો છે.હરિયાણામાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન ભિવાની અને મેવાત (માંડકોલા) માં ૮.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢમાં તાપમાન ૧.૬ ડિગ્રી સેલ્સિયસ ગગડીને ૯.૩ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે. અન્ય શહેરોની વાત કરીએ તો, હસારમાં ૮.૭ ડિગ્રી, કરનાલમાં ૯.૩ ડિગ્રી, રોહતકમાં ૯.૬ ડિગ્રી અને અંબાલામાં ૧૧.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

## ટેક્સટાઈલ નિકાસમાં ભારતની મજબૂત પકડ છે

# ગિરિરાજ સિંહ રાહુલ ગાંધી વિવાદ: ટેક્સટાઈલ સેક્ટર પર આક્ષેપબાજી તેજ

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના વ્યાપાર કરારને લઈને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કરેલી ટીકાઓ પર કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી ગિરિરાજ સિંહે આકરો પ્રહાર કર્યો છે. ગિરિરાજ સિંહે આરોપ લગાવ્યો છે કે રાહુલ ગાંધી તથ્યોને સમજ્યા વિના ભ્રામક માહિતી ફેલાવી રહ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે ભારત-અમેરિકા વ્યાપાર કરાર ઉદ્યોગોના વિકાસ અને ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખીને અત્યંત સંતુલિત રીતે તૈયાર કરવામાં આવ્યો છે.ગિરિરાજ સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા જણાવ્યું કે, ભારત હવે માત્ર એક જ બજાર પર નિર્ભર નથી. આજે ભારતની ટેક્સટાઈલ નિકાસ ૧૦૦ થી વધુ દેશોમાં નોંધપાત્ર વૃદ્ધિ પામી છે, જે આપણી વૈશ્વિક વિશ્વસનીયતા દર્શાવે છે. યુરોપિયન યુનિયન (EU), યુકે (UK), ન્યૂઝીલેન્ડ અને ઓમાન જેવા વ્યૂહાત્મક ભાગીદારો સાથે થઈ રહેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ (FTAs) ને કારણે ભારતીય નિકાસકારો માટે નવી તકો ઉભી થઈ રહી છે.મંત્રીએ આંકડાકીય માહિતી આપતા જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે ૫૮ નવા બજારોમાં ટેક્સટાઈલ નિકાસ માટે એક્સેસ મેળવ્યું છે, જેમાં ૪૭૦ બિલિયન ડોલરની નિકાસ ક્ષમતા છે. આ ઉપરાંત ૧૨૦ બિલિયન ડોલરના અમેરિકન ટેક્સટાઈલ માર્કેટમાં પણ ભારતની મજબૂત પકડ છે. માર્કેટના આ વૈવિધ્યીકરણથી ખેડૂતો, જીનર્સ અને સ્પિનર્સને લાંબા ગાળે વધુ સારા ભાવ અને આર્થિક સુરક્ષા મળશે.

## IPC કલમ ૪૯૮એ નું અર્થઘટન હવે સુપ્રીમ કોર્ટ કરશે

# લિવ ઈન અને દહેજ ઉત્પીડન કેસ: સુપ્રીમ કોર્ટમાં કાયદાકીય ગૂંચ ઉકેલાશે

(એજન્સી) નવી દિલ્હી | તા 14

ભારતની સર્વોચ્ચ અદાલત સમક્ષ એક એવો અનોખો અને જટિલ કાયદાકીય કેસ આવ્યો છે, જે લગ્ન અને લિવ-ઈન રિલેશનશિપની કાયદેસરની વ્યાખ્યાઓને પડકારી રહ્યો છે. પ્રશ્ન એ છે કે, શું કોઈ પરિણીત પુરુષ સાથે લિવ-ઈનમાં રહેતી મહિલા દહેજ ઉત્પીડન એટલે કે આઈપીસી (IPC) ની કલમ ૪૯૮એ હેઠળ કેસ દાખલ કરી શકે? સુપ્રીમ કોર્ટે આ મુદ્દાની ગંભીરતા જોતા કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો છે. આ કેસ માત્ર એક વ્યક્તિગત વિવાદ નથી, પરંતુ તે ભારતીય ન્યાય સંહિતાની મર્યાદાઓ નક્કી કરનારો કેસ સાબિત થઈ શકે તેમ છે.ભારતીય કાયદા મુજબ, ખાસ કરીને હિન્દુ લગ્ન અધિનિયમ હેઠળ, એક વ્યક્તિ એક જ સમયે બે કાયદેસરની પત્ની ધરાવી શકતો નથી. આઈપીસીની કલમ ૪૯૮એ સ્પષ્ટપણે જણાવે છે કે માત્ર 'પત્ની' જ તેના 'પતિ' કે તેના સંબંધીઓ સામે ક્રૂરતા કે દહેજની ફરિયાદ કરી શકે છે. હવે સુપ્રીમ કોર્ટ એ તપાસી રહી છે કે જે સંબંધ કાયદેસર રીતે લગ્ન નથી, ત્યાં દહેજ ઉત્પીડનની કલમ લાગુ કરી શકાય કે કેમ? જો કોર્ટ લિવ-ઈન પાર્ટનરને આ અધિકાર આપે છે, તો તે કાયદાના મૂળભૂત માળખામાં મોટો ફેરફાર ગણાશે. આ સમગ્ર વિવાદ ડૉ. લોકેશ બી.એચ. નામના વ્યક્તિની અરજીથી શરૂ થયો છે. લોકેશે વર્ષ ૨૦૦૦માં નવીના સાથે કાયદેસર લગ્ન કર્યા હતા. જોકે, આરોપ છે કે ૨૦૧૦માં તેમણે તીર્થ નામની મહિલા સાથે બીજા લગ્ન કર્યા (જે કાયદેસર રીતે અમાન્ય છે) અને તેની સાથે લિવ-ઈનમાં રહેવા લાગ્યા. ૨૦૧૬માં તીર્થે લોકેશ પર દહેજની માંગણી અને તેને સળગાવવાનો પ્રયાસ કરવાનો ગંભીર આરોપ મૂકીને ૪૯૮એ હેઠળ કેસ કર્યો હતો. લોકેશની દલીલ છે કે તીર્થ કાયદેસર રીતે તેમની પત્ની નથી, તેથી તેની પર આ કલમ લાગુ થઈ શકે નહીં.કર્ણાટક હાઈકોર્ટે જ્યારે લોકેશની અરજી ફગાવી દીધી, ત્યારે મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન.કે. સિંહની ખંડપીઠે આ મામલે કેન્દ્ર સરકારનો પક્ષ જાણવા આદેશ કર્યો છે.

# SHe-Box પોર્ટલ: કાર્યસ્થળ પર મહિલાઓની સુરક્ષા માટે એક ડિજિટલ ઢાલ



**સાવિત્રી ઠાકુર**
**ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી**

ભારત 2047માં તેની સ્વતંત્રતાના શતાબ્દી વર્ષ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે મહિલા સંચાલિત વિકાસને રાષ્ટ્રીય પ્રગતિના કેન્દ્રમાં રાખ્યો છે. સર્વસમાવેશક આર્થિક વૃદ્ધિમાં મહિલાઓની નિર્ણાયક ભૂમિકાને ઓળખીને, સરકારે સલામત, ગૌરવપૂર્ણ અને સંવેદનશીલ કાર્ય વાતાવરણ ઊભું કરવા પર વિશેષ ભાર મૂક્યો છે જે મહિલાઓને તેમના વ્યાવસાયિક ક્ષેત્રોમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધવા માટે સક્ષમ બનાવે છે. આ દિશામાં, કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી (અટકાવવું, નિષેધ અને નિવારણ) અધિનિયમ, 2013, એક મહત્વપૂર્ણ પાયા તરીકે કામ કરે છે, જે ફરિયાદોને ઉકેલવા અને દેશભરમાં કામ કરતી મહિલાઓના અધિકારોને જાળવી રાખવા માટે મજબૂત કાનૂની માળખું પૂરું પાડે છે. છેલ્લા એક દાયકામાં, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, મહિલા સશક્તિકરણ માત્ર એક સૂત્ર બનીને રહી ગયું નથી, પરંતુ તેને નીતિ, સંસ્થાકીય સુધારા અને અસરકારક અમલીકરણની બાબતમાં પરિવર્તિત કરવામાં આવ્યું છે. 'નારી શક્તિ' ને રાષ્ટ્રીય ઉન્નતિના પાયાના પથ્થર તરીકે જોઈને શિક્ષણ, આરોગ્ય, આજીવિકા, નાણાકીય સમાવેશ અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં વ્યાપક માળખાકીય સુધારા હાથ ધરવામાં આવ્યા છે. આ દૂરંદેશી વિઝનનું એક મહત્વનું અને વ્યવહારુ ઉદાહરણ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા 2017 માં લોન્ચ કરવામાં આવેલું SHe-Box પોર્ટલ છે. તે કાર્યસ્થળ પર મહિલાઓના ગૌરવ, સુરક્ષા અને ન્યાય સુધી સરળ પહોંચ સુનિશ્ચિત કરવા માટે રચાયેલ એક શક્તિશાળી ડિજિટલ પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે, જ્યારે સંસ્થાઓમાં જવાબદારીને મજબૂત બનાવે છે.આજે, ભારતમાં કાર્યબળમાં મહિલાઓની ભાગીદારી સતત વધી રહી છે, જે બદલાતા સામાજિક વલણો અને વિસ્તરતી આર્થિક તકોને પ્રતિબિંબિત કરે છે. મહિલા શ્રમ દળની ભાગીદારીનો દર 2017-18 માં 23.3 ટકાથી વધીને 2023-24 માં 41.7 ટકા થયો છે. મહિલાઓ માત્ર સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં જ નહીં પરંતુ સ્ટાર્ટઅપ્સ, સેવા ક્ષેત્ર, શિક્ષણ, આરોગ્ય સંભાળ, ઉત્પાદન અને અસંગઠિત ક્ષેત્રમાં પણ મોટી સંખ્યામાં કામ કરી રહી છે. તેઓ ઉદ્યોગસાહસિકો, વ્યાવસાયિકો, કુશળ કામદારો, સંચાલકો અને નેતાઓ તરીકે યોગદાન આપી રહી છે. આવી સ્થિતિમાં, એ અનિવાર્ય બની જાય છે કે કાર્યસ્થળ સુરક્ષિત, આદરપૂર્ણ અને ભય કે ભેદભાવથી મુક્ત રહે. કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી (અટકાવવું, નિષેધ અને નિવારણ) અધિનિયમ, 2013, (POSH Act) આ ઉદ્દેશ્ય સાથે ઘડવામાં આવ્યો હતો, જે સંસ્થાઓમાં નિવારક અને સુધારાત્મક પદ્ધતિઓ ફરજિયાત બનાવે છે. કાયદાના અસરકારક અમલીકરણની ખાતરી કરવા અને પારદર્શિતાને મજબૂત કરવા માટે, મોદી સરકારે 29 ઓગસ્ટ 2024 ના રોજ ડિજિટલ ગવર્નન્સના માળખા હેઠળ ટેકનિકલ સુધારાઓ સાથે SHe-Box પોર્ટલને ફરીથી લોન્ચ કર્યું, જે તેને તમામ ક્ષેત્રોની મહિલાઓ માટે વધુ વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ, સુલભ અને પારદર્શક બનાવે છે.આ પોર્ટલ દેશભરમાં રચાયેલી આંતરિક સમિતિઓ (ICs) અને સ્થાનિક સમિતિઓ (LCs) ને લગતી માહિતીનું કેન્દ્રીય ભંડાર (Central Repository) પૂરું પાડે છે. આ ભંડાર POSH Act હેઠળ પાલનનું વ્યવસ્થિત નિરીક્ષણ કરવા સક્ષમ બનાવે છે અને ખાતરી કરે છે કે સંસ્થાઓ આંતરિક સમિતિઓની રચના કરવાની તેમની વૈધાનિક જવાબદારી પૂર્ણ કરે. ડેટાને કેન્દ્રિય બનાવીને અને ડિજિટલ દસ્તાવેજીકરણ સક્ષમ કરીને, પોર્ટલ સંસ્થાકીય દેખરેખને મજબૂત બનાવે છે અને વિવિધ સ્તરે સત્તાવાળાઓ વચ્ચે સંકલન સુધારે છે.SHe-Box પોર્ટલનું અપગ્રેડ કરેલ વર્ઝન મહિલાઓને પ્રારંભિક તબક્કે શારીરિક રીતે ઓફિસોમાં ગયા વિના સીધી સંબંધિત આંતરિક સમિતિ અથવા સ્થાનિક સમિતિમાં ફરિયાદ દાખલ કરવા સક્ષમ બનાવે છે. આ ફરિયાદ પ્રક્રિયામાં વિલંબને નોંધપાત્ર રીતે ઘટાડે છે અને બિનજરૂરી માનવીય હસ્તક્ષેપને ઓછો કરે છે જે ફરિયાદીઓને નિરુત્સાહ કરી શકે છે. ફરિયાદીઓ તેમની ફરિયાદોની સ્થિતિ ઓનલાઈન રિયલ ટાઈમમાં ટ્રેક કરી શકે છે, જેનાથી સિસ્ટમમાં પારદર્શિતા અને વિશ્વાસ વધે છે. તેની સૌથી મહત્વની વિશેષતાઓમાંની એક એ છે કે તે તમામ ક્ષેત્રો – સરકારી કે ખાનગી, સંગઠિત કે અસંગઠિત – માં કામ કરતી મહિલાઓ માટે સમાન રીતે સુલભ છે. ભલે તે મોટા કોર્પોરેટ ઓફિસમાં કાર્યરત હોય, નાના એન્ટરપ્રાઇઝમાં હોય, કોન્ટ્રાક્ટ વ્યવસ્થામાં હોય કે અનૌપચારિક કાર્યબળના ભાગ તરીકે હોય, મહિલાઓ સમાન ડિજિટલ ફરિયાદ નિવારણ પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે મહિલાઓની સુરક્ષા અંગેની સરકારની નીતિ સર્વસમાવેશક છે અને તે કોઈ ચોક્કસ વર્ગ, વ્યવસાય કે ભૌગોલિક સ્થાન સુધી મર્યાદિત નથી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'ડિજિટલ ઈન્ડિયા' વિઝનને અનુરૂપ, SHe-Box મહિલાઓને ફરિયાદ નોંધાવવા અને તેમની પ્રગતિ પર નજર રાખવા માટે એક સુરક્ષિત, સરળ અને ગોપનીય પદ્ધતિ પૂરી પાડે છે. ડિજિટલ ઈન્ટરફેસને સમજવામાં સરળ અને નેવિગેટ કરવામાં સરળ રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે સુનિશ્ચિત કરે છે કે મર્યાદિત ટેકનિકલ જાણકારી ધરાવતા લોકો પણ તેનો અસરકારક રીતે ઉપયોગ કરી શકે. પોર્ટલ પર નોંધાયેલી ફરિયાદો રોજગારીના સ્વરૂપના આધારે સંબંધિત કાર્યસ્થળની આંતરિક સમિતિ અથવા સંબંધિત જિલ્લાની સ્થાનિક સમિતિને સીધી મોકલવામાં આવે છે. ગોપનીયતા સુનિશ્ચિત કરવા માટે, એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે આંતરિક સમિતિના અધ્યક્ષ સિવાય અન્ય કોઈ વ્યક્તિ ફરિયાદની વિગતો જોઈ શકશે નહીં, જેનાથી પીડિત મહિલાની ઓળખ અને ગોપનીયતા સુરક્ષિત રહે છે. આ વિશેષતા ફરિયાદીઓ દ્વારા વારંવાર અનુભવવામાં આવતી મુખ્ય ચિંતાઓ – ખુલ્લા પડી જવાનો ડર અથવા વેરની ભાવના – ને દૂર કરે છે. POSH Act હેઠળ, ફરિયાદો અને તેમના નિકાલ સંબંધિત ડેટા જાળવવાની અને તેનું નિરીક્ષણ કરવાની જવાબદારી સરકારની છે. આ કાયદો કોઈપણ ફરિયાદની તપાસ માટે 90 દિવસની સમયમર્યાદા સૂચવે છે, જે સુનિશ્ચિત કરે છે કે ન્યાયમાં ન તો વિલંબ થાય કે ન તો તેનો ઈનકાર કરવામાં આવે. SHe-Box પોર્ટલ આ વૈધાનિક સમયમર્યાદાનું પાલન સુનિશ્ચિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સમયમર્યાદામાં નિકાલની ખાતરી કરવા માટે, મંત્રાલય નિયમિતપણે સંબંધિત અધિકારીઓને ડેશબોર્ડ એલર્ટ્સ, ઓટોમેટેડ ઈમેઈલ્સ અને રીમાઈન્ડર સંદેશાઓ મોકલે છે. આ રીમાઈન્ડર્સ ત્વરિત કાર્યવાહીને પ્રોત્સાહિત કરે છે અને અયોગ્ય વિલંબની શક્યતા ઘટાડે છે. આવી સક્રિય પ્રણાલી જવાબદારી અને પરિણામ આધારિત શાસનનો અભિગમ પ્રતિબિંબિત કરે છે, જ્યાં સંસ્થાકીય પદ્ધતિઓને ડિજિટલ મોનિટરિંગ સાધનો દ્વારા ટેકો આપવામાં આવે છે.

## મધ્ય પ્રદેશ હૃદયદ્રાવક ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી

# અલીરાજપુર માતાએ ૩ દીકરીઓને ઝેર પીવડાવ્યું: ત્રણેય માસૂમોના કરૂણ મોત

(એજન્સી) અલીરાજપુર | તા 14

મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના એક આદિવાસી વિસ્તારમાંથી માનવતાને શરમાવે તેવી અને હૃદયના ચીરા કરી નાખે તેવી ઘટના સામે આવી છે. અહીં એક માતાએ પોતાની જ ત્રણ માસૂમ દીકરીઓને પરાણે કીટનાશક દવા (ઝેર) પીવડાવી પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. શુક્રવારે રાત્રે બનેલી આ કરૂણ ઘટનામાં ત્રણેય નિર્દોષ બાળકીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે માતા અત્યારે હોસ્પિટલમાં મૃત્યુ સામે જંગ લડી રહી છે.ઘટનાની વિગતો મુજબ, અડવાડા ગામના માફીદાર ફળિયામાં રહેતી આ મહિલાનો પતિ છેલ્લા એક મહિનાથી ગુજરાતમાં મજૂરીકામ અર્થે ગયો હતો. ઘરે કોઈ પુખ્ત પુરુષની ગેરહાજરીમાં મહિલાએ આ અત્યંત ભયાનક કદમ ઉઠાવ્યું હતું. સાવિત્રી (૭ વર્ષ), કાર્તિકા (૫ વર્ષ) અને દિવ્યા (૩ વર્ષ) નામની ત્રણ સગી બહેનોને પરાણે ઝેર પીવડાવ્યા બાદ માતાએ પણ ઝેર ગટગટાવ્યું હતું. જ્યારે પરિવારના અન્ય સભ્યોને આ વાતની જાણ થઈ, ત્યારે ચારેયની હાલત અત્યંત ગંભીર હતી.સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, ચારેયને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ પહોંચતા જ એક બાળકીને ડોક્ટરોએ મૃત જાહેર કરી હતી. જ્યારે અન્ય બે બાળકીઓની સ્થિતિ વધુ નાજુક જણાતા તેમને વધુ સારી સારવાર માટે ગુજરાતના દાહોદ રિફર કરવામાં આવી હતી. કમનસીબે, દાહોદ પહોંચતા પહેલા જ રસ્તામાં આ બંને માસૂમોએ દમ તોડી દીધો હતો. અત્યારે માતાની સારવાર ચાલી રહી છે, પરંતુ તેની હાલત હજુ પણ ગંભીર હોવાનું હોસ્પિટલના સૂત્રો જણાવી રહ્યા છે.અંબુઆ પોલીસ સ્ટેશનના પ્રભારી મોહન ડાવરે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં આ મામલો ઘરેલું ઝઘડાનો હોવાનું જણાય છે. જોકે, હજુ સુધી ચોક્કસ કારણ સ્પષ્ટ થયું નથી. પતિ ગુજરાતમાં મજૂરી કરતો હોવાથી અને પરિવાર અત્યંત ગરીબ પૃષ્ઠભૂમિ ધરાવતો હોવાથી, આર્થિક તંગી અથવા માનસિક તણાવ પણ આ આત્મઘાતી પગલા પાછળનું કારણ હોઈ શકે છે. પોલીસે ગુનો નોંધીને પિતા અને અન્ય સંબંધીઓની પૂછપરછ શરૂ કરી છે. મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટનાને પગલે સમગ્ર અડવાડા ગામમાં માતમ છવાયો છે. ત્રણ નાની બાળકીઓના એકસાથે મોતથી લોકોની આંખો ભીની થઈ ગઈ છે. આ ઘટના ફરી એકવાર સ્થળાંતર કરતા શ્રમિકોના પરિવારોની સુરક્ષા અને ગ્રામીણ વિસ્તારોમાં માનસિક સ્વાસ્થ્ય માટેના કાઉન્સેલિંગની જરૂરિયાત પર ગંભીર સવાલો ઉભા કરી રહી છે.

## આ ઘટના પાડોશીઓ વચ્ચેના ઝઘડાનું પરિણામ હોવાનું સામે આવ્યું

# શાહબાદ ડેરી મહિલા પર હુમલો: પિતા-પુત્રની ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી | તા 14

ઉત્તર દિલ્હીના શાહબાદ ડેરી વિસ્તારમાં ૧૨ ફેબ્રુઆરીના રોજ એક ૨૪ વર્ષીય યુવતી પર થયેલા હુમલાના કેસમાં દિલ્હી પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે. આ ઘટના શાહબાદ ડેરી પાસે આવેલા એક અખાડા નજીક બની હતી. પીડિત યુવતીને રસ્તામાં રોકી તેની સાથે મારપીટ કરવામાં આવી હોવાની ફરિયાદના આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને ૧૨ ફેબ્રુઆરીના રોજ સાંજે આશરે ૬:૩૦ વાગ્યે ઝઘડા અંગેની માહિતી મળી હતી. ઘટના સ્થળે પહોંચેલી પોલીસ ટીમને જાણવા મળ્યું હતું કે ઈજાગ્રસ્ત યુવતીને પહેલેથી જ એમવી (MV) હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. મેડિકલ



તપાસમાં યુવતી પર શારીરિક હુમલો થયો હોવાની પુષ્ટિ થઈ હતી. પીડિતાએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે જ્યારે તે પસાર થઈ રહી હતી ત્યારે આરોપીઓએ તેને અટકાવીને હુમલો કર્યો હતો, જેના કારણે તેને ઈજાઓ પહોંચી હતી.

પોલીસે પીડિતાના નિવેદનના આધારે ૫૨ વર્ષીય રવિ અહમદ અને તેના ૨૧ વર્ષીય પુત્ર મોહમ્મદ કાદિરની ધરપકડ કરી છે. બંને આરોપીઓ શાહબાદ ડેરી વિસ્તારના જ રહેવાસી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ હુમલો અગાઉ મોહમ્મદ કાદિર અને પીડિત યુવતીના ભાઈ હરિયા વચ્ચે થયેલા નજીવા ઝઘડાની અદાવતમાં કરવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે કલમ ૭૪ (BNS) નો પણ ઉમેરો કર્યો છે. ઘટનાની સંવેદનશીલતાને જોતા દિલ્હી પોલીસે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, અત્યાર સુધીની તપાસમાં આ મામલે કોઈ કોમી રંગ (Communal Angle) સામે આવ્યો નથી. આ એક જ વિસ્તારમાં રહેતા પાડોશીઓ વચ્ચેનો અંગત ઝઘડો હતો. પોલીસે સોશિયલ મીડિયા પર કોઈ પણ પ્રકારની અફવાઓ ન ફેલાવવા નાગરિકોને અપીલ કરી છે.

હાલ બંને આરોપીઓને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે અને પોલીસ અન્ય પુરાવાઓ એકત્ર કરી રહી છે. દિલ્હી પોલીસે મહિલાઓની સુરક્ષા માટે આ કેસમાં કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. મીડિયા અહેવાલ મુજબ, આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગમાં પણ વધારો કરવામાં આવ્યો છે જેથી ભવિષ્યમાં આવા બનાવોને અટકાવી શકાય.

સિટી એક્સપ્રેસ

SUNDAY 15 FEBRUARY-2026

AHMEDABAD

## અમદાવાદ: વેલેન્ટાઇન ડે પર 24 વર્ષીય યુવક કરૂણ મોત

અમદાવાદ | વેલેન્ટાઈન ડેના દિવસે અમદાવાદના નારોલ-વટવા રોડ પર અકસ્માત થતાં 24 વર્ષીય આશાસ્પદ યુવકનું કચડાઈને મોત નીપજ્યું છે. વટવા વિસ્તારમાં રહેતો અનુજ અનિલભાઈ પ્રજાપતિ તેના મિત્ર નીતિશ સાથે બાઈક પર સવાર થઈને વટવાથી નારોલ શાહવાડી તરફ જઈ રહ્યો હતો. જે વખતે નારોલ શનિદેવ મંદિર પાસે આવેલી અંબિકા ફેક્ટરી નજીક તેની આગળ જઈ રહેલા વાહન ચાલકે અચાનક બ્રેક મારતા નીતિશે પણ પોતાના બાઈકની શોર્ટ બ્રેક મારી હતી, જેના કારણે બાઈક સ્લિપ થઈ ગયું હતું, સવાર બંને મિત્રો રોડ પર પટકાયા હતા.

## દિગ્ગજ રાજકીય નેતાની પુત્રીએ પરિણીત યુટ્યુબર સાથે કર્યા લગ્ન

દાદરા નગર હવેલી | સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં રાજકીય આલમમાં એક કિસ્સો હાલ ભારે ચર્ચાનો વિષય બન્યો છે. પ્રદેશના એક જાણીતા રાજકીય નેતાની પુત્રી સેલવાસના જ એક પરિણીત યુટ્યુબર સાથે ઘરેથી નીકળી ગયા બાદ બંનેએ લગ્ન કરી લીધા હોવાની વિગતો સામે આવી રહી છે. આ મામલે યુવતીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ કરીને પોતાના અને પ્રેમીના જીવને જોખમ હોવાની આશંકા વ્યક્ત કરી છે. વાઈરલ થયેલા વીડિયોમાં યુવતીએ સ્વીકાર્યું છે કે તેણે પોતાની મરજીથી યુટ્યુબર યુવક સાથે લગ્ન કરી લીધા છે.



### મંજૂરી વગરના બાંધકામો ઝડપવા AIનો ઉપયોગ : ડ્રોનની મદદથી મિલકતોનો સર્વે કરી કાર્યવાહી કરાશે...

# અમદાવાદ શહેર ભાજપ સંગઠનમાં જૂના હોદ્દેદારો ફાવી ગયા : નવા માળખામાં દર્શક ઠાકર, ગૌતમ કથીરિયા અને જશુ ઠાકોરને મહામંત્રીનું પદ; જાણો કોને ક્યો હોદ્દો મળ્યો

અમદાવાદ | ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનની જાહેરાત બાદ આજે 14 ફેબ્રુઆરીના રોજ રાજ્યના સૌથી મોટા શહેર અમદાવાદ શહેર ભાજપ સંગઠનની જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદ શહેરના મહામંત્રી તરીકે યુવા નેતા દર્શક ઠાકર, પૂર્વ કોર્પોરેટર ગૌતમભાઈ કથીરિયા અને શાહીબાગ વોર્ડના કોર્પોરેટર જશુભાઈ ઠાકોરને જવાબદારી સોંપવામાં આવી છે.

રાજ્યના વિવિધ શહેરો અને જિલ્લાઓના સંગઠનની જાહેરાત ભાજપ દ્વારા કરવામાં આવી રહી છે આજે 14 ફેબ્રુઆરીએ અમદાવાદ શહેર ભાજપ સંગઠન ટીમની જાહેરાત પ્રમુખ પ્રેરક શાહ દ્વારા કરવામાં આવી છે. સંગઠનની જાહેરાતમાં તમામ જ્ઞાતિનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રમુખ બાદ મુખ્ય હોદ્દામાં મહામંત્રી પદ આવે છે, જેમાં બ્રાહ્મણ, લેઉવા પાટીદાર અને ઓબીસી સમાજના નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર લોકસભામાંથી યુવા નેતા તરીકે દર્શક ઠાકરને મહામંત્રી



તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. પૂર્વ લોકસભામાંથી અનુભવી તરીકે ગૌતમ કથીરિયા અને પશ્ચિમ લોકસભામાંથી જશુભાઈ ઠાકોરને જવાબદારી સોંપાઈ છે.

સંગઠનમાં 8 ઉપપ્રમુખની જાહેરાત કરવામાં આવી છે જેમાં બે મહિલાઓનો સમાવેશ કરાયો છે. 8 મંત્રીઓમાં પાંચ જેટલી મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મહિલા મોરચાના પ્રમુખ તરીકે નંદિનીબેન પંડ્યા, મહામંત્રી તરીકે ચંદાબેન પટેલ અને નીકીબેન શાહના જવાબદારી આપવામાં આવી છે. યુવા મોરચાના પ્રમુખ તરીકે કેતુ પટેલ અને મહામંત્રી તરીકે આકાશ ગેહલોત તેમજ મહર્ષિ પાઠકને જવાબદારી સોંપવામાં આવી છે.

બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શાસક પક્ષના નેતા તરીકે ફરજ બજાવતા ગૌરાંગ પ્રજાપતિને જવાબદારી સોંપવામાં આવી છે જ્યારે મહામંત્રી તરીકે નીરજ ગજ્જર અને જીગર બારૈયાને નિમણૂક આપવામાં આવી છે. અનુસૂચિત મોરચાના પ્રમુખ તરીકે ઉમંગ સરવૈયા અને મહામંત્રી તરીકે બ્રિજેશ પરમાર અને સરજુ વાઘેલાને મૂકવામાં આવ્યા છે જ્યારે અનુસૂચિત જનજાતિના પ્રમુખ તરીકે સાબરમતી વોર્ડના કોર્પોરેટર રમેશ રાણા અને મહામંત્રી તરીકે રાજેશ ગટાર અને જયેશ પારધીની નિમણૂક કરાઈ છે

કોષાધ્યક્ષ તરીકે તેજસ દેસાઈ કાર્યાલય મંત્રી તરીકે જીગ્નેશ જોરે અને સહ કાર્યાલય મંત્રી તરીકે અભય વ્યાસની નિમણુક કરાઈ છે. કિસાન મોરચાના પ્રમુખ તરીકે પ્રવીણ જોગાણી અને મહામંત્રી તરીકે ચંદ્ર દીપ સિંહ વાઘેલા તેમજ પોરસ પટેલની નિમણૂક કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા વિભાગના ઈન્ચાર્જ તરીકે ઝલકિત પટેલ અને સહ ઈનચાર્જ તરીકે યશ રાવલની નિમણૂક કરવામાં આવી છે. મીડિયા ઈન્ચાર્જ તરીકે ડો. નિલય શુકલ અને સહ ઈન્ચાર્જ તરીકે લીલાધર ખડકેને નિમણુક આપી છે.

અમદાવાદ શહેર ભાજપ સંગઠનમાં ચાલુ કોર્પોરેટરોને પણ હોદ્દેદાર તરીકે સ્થાન મળ્યું છે, જેમાં સૌથી મહત્વનું અને ચોંકાવનારી જાહેરાત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શાસક પક્ષના નેતા તરીકે હોદ્દો સંભાળતા ગૌરાંગ પ્રજાપતિની નિમણૂક જોવા મળી છે. ગૌરાંગ પ્રજાપતિ ભૂતકાળમાં સંગઠનમાં રહી ચૂક્યા છે ત્યારે તેમને હવે બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

### કોર્પોરેટર રમેશ રાણા અનુસૂચિત જનજાતિના પ્રમુખ

ચાંદલોડિયા વોર્ડના કોર્પોરેટર હીરાભાઈ પરમારને પણ ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે. જ્યારે શાહીબાગ વોર્ડના કોર્પોરેટર અનસુયાબેન પટેલને મંત્રી તરીકે નિમણૂક આપવામાં આવી છે. રમેશ રાણાને અનુસૂચિત જનજાતિના પ્રમુખ બનાવાયા છે. ચાલુ કોર્પોરેટર ઉપરાંત અગાઉ પણ સંગઠનમાં જ વિવિધ હોદ્દા ભોગવી ચુકેલાનો ફરીથી સમાવેશ કરવામાં આવ્યો છે. યુવા મોરચાના પ્રમુખ તરીકે રહી ચૂકેલા વિનય દેસાઈને ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે. વિનય દેસાઈની ટીમ સૌથી નબળી યુવા ટીમ તરીકે હોવા છતાં પણ પ્રમુખ તરીકે વિનય દેસાઈને ફરીથી સંગઠનમાં ઉપપ્રમુખ તરીકેનું સ્થાન આપવામાં આવ્યું છે.

## ગુજરાત પોલીસમાં વાયરલેસ-મોટર ટ્રાન્સપોર્ટ ભરતી

### 1328 અરજીઓ રદ્દ, 878 ઉમેદવારોએ એકથી વધુ ફોર્મ ભર્યાં!

અમદાવાદ | રાજ્ય પોલીસ ભરતી પ્રક્રિયામાં ફરી એક વખત સખતાઈ જોવા મળી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગની વિવિધ પોસ્ટ માટે આવેલી કુલ 1328 અરજીઓ રદ કરવામાં આવી છે. તેમાં ફી ન ભરવાના અને એકથી વધુ અરજી કરવાના કેસો મુખ્ય કારણ તરીકે સામે આવ્યા છે. ભરતી બોર્ડના જણાવ્યા મુજબ 450 અરજીઓ ફી ન ભરવાના કારણે રદ કરવામાં આવી છે, જ્યારે 878 અરજીઓ એકથી વધુ ફોર્મ ભરવાના કારણે નામંજૂર કરવામાં આવી છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને નિયમોનુસાર કામગીરી જળવાઈ રહે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

- પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટર - 305
- પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) - 101
- હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1) - 44
- એકથી વધુ અરજી કરનાર ઉમેદવારો:
- પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટર - 612
- પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) - 149
- હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1) - 117
- ખાસ કરીને પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ) અને ટેક્નિકલ ઓપરેટર માટે સૌથી વધુ અરજીઓ રદ થઈ છે, જે દર્શાવે છે કે ઉમેદવારોમાં આ પોસ્ટ માટે ભારે સ્પર્ધા છે.

### અમદાવાદમાં પૂરઝડપે જતી કાર ઝાડ સાથે ટકરાતાં ચાલકનું ઘટનાસ્થળે મોત, 3 વર્ષ અગાઉ લગ્ન થયા હતા

## પત્નીને લેવા સાસરીમાં જતો હતો ને મોત આવ્યું

અમદાવાદ | અમદાવાદમાં વધતા અકસ્માત વચ્ચે વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. વટવા જીઆઈડીસી રોડ પર પૂરઝડપે ગાડી લઈને આવી રહેલા યુવકે કાબૂ ગુમાવતાં ગાડી ઝાડ સાથે અથડાઈ હતી. ગાડીની ટક્કર એટલી જોરદાર હતી કે કારચાલક યુવકનું સ્થળ પર જ મોત થયું હતું. આકાશ ગોસ્વામી નામનો યુવક સાસરીમાં પત્નીને લેવા જઈ રહ્યો હતો, આ દરમિયાન અકસ્માત થયો હતો.

ગાંધીનગરના વાવોલમાં રહેતો આકાશ ગોસ્વામી નામનો યુવક ચાંગોદરમાં આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. આકાશની પત્ની બારેજડી ખાતે પિયરમાં ગઈ હતી. 12 ફેબ્રુઆરીના રોજ આકાશ તેના ઘરેથી પિયર પત્નીને લેવા જઈ રહ્યો હતો. આકાશ પૂર ઝડપે એસન્ટ કાર લઈને વટવા જીઆઈડીસી રોડ પરથી જઈ રહ્યો હતો. આ દરમિયાન સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં ગાડી ઝાડ સાથે અથડાઈ હતી.

ગાડી ઝાડ સાથે અથડાતાં ગણતરીની સેકન્ડોમાં જ આકાશને ગંભીર ઈજા થવાના કારણે સ્થળ પર મોત થયું હતું. આકાશના ત્રણ વર્ષ અગાઉ લગ્ન થયા હતા. ધર્મ મુજબ આકાશને વેડા ગામ ખાતે ગઈકાલે સમાધિ આપવામાં આવી હતી. અકસ્માતમાં પરિવારે 24 વર્ષનો યુવાન દીકરો ગુમાવ્યો છે. સમગ્ર મામલે જે ડિવિઝન ટ્રાફિક-પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



13 ફેબ્રુઆરી, 2026એ ગાંધીનગરના સિટી પલ્સ રોડ પર ઊર્જાનગર-1ની સામે સુયશ સ્ટેટસ પાસે એક બેફામ ગતિએ આવતી ટાટા નેક્સન કારે રોડની સાઈડમાં ઊભેલી આઈ-20 કારને જોરદાર ટક્કર મારતાં કાર દૂર ફંગોળાઈ ગઈ હતી. આ અકસ્માતમાં સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ ઘટનાને પગલે ભોગ બનનારી મહિલાએ કારચાલકને સણસણતો તમાચો મારી દઈ ઊધડો લઈ નાખ્યો હતો.

## અસારવા-ચિત્તૌડગઢ મેમુ ટ્રેનના સમયમાં ફેરફાર



(એજન્સી) અમદાવાદ | તા.14

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનોની સમયપાલનતા ને વધુ સુધારવા હેતુથી અસારવા-ચિત્તૌડગઢ મેમુ ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તારીખ 18.02.2026 થી ટ્રેન નંબર 69243 અસારવા-ચિત્તૌડગઢ મેમુ અસારવાથી 10:20 વાગ્યાના બદલે 30 મિનિટ પહેલા 09:50 વાગ્યે પ્રસ્થાન કરશે. સાથે જ આ ટ્રેનના સમયમાં અસારવા અને હિમ્મતનગર વચ્ચે આવેલા સ્ટેશનોના સમયમાં પણ સુધારો કરવામાં આવ્યો છે:-

| સ્ટેશનનું નામ | વર્તમાન આગમન-પ્રસ્થાન સમય | સુધારેલ આગમન-પ્રસ્થાન સમય |
|---|---|---|
| અસારવા | -/10:20 | — / 09:50 |
| સહીજપુર | 10:23 / 10:24 | 09:53 / 09:54 |
| સરદરગ્રામ | 10:25 / 10:26 | 09:56 / 09:57 |
| નરોડા | 10:29 / 10:30 | 09:59 / 10:01 |
| મેદરા | 10:35 / 10:36 | 10:06 / 10:07 |
| ડભોડા | 10:42 / 10:43 | 10:15 / 10:16 |
| નાંદોલ-દહેગામ | 10:49 / 10:51 | 10:24 / 10:26 |
| જાલિયા માઠ | 10:56 / 10:57 | 10:34 / 10:35 |
| રખિયાલ | 11:01 / 11:02 | 10:39 / 10:40 |
| ખેરોલ | 11:07 / 11:08 | 10:46 / 10:47 |
| તલોદ | 11:16 / 11:17 | 10:54 / 10:55 |
| ખારી અમરાપુર | 11:22 / 11:23 | 11:01 / 11:02 |
| પ્રાંતિજ | 11:30 / 11:31 | 11:09 / 11:10 |
| સોનાસન | 11:39 / 11:40 | 11:18 / 11:19 |
| હાપા રોડ | 11:45 / 11:46 | 11:25 / 11:26 |
| હિંમતનગર | 12:05 / 12:10 | 11:55 / 12:00 |

ટ્રેન નંબર 19315 ઈંદોર-અસારવા વીરભૂમિ એક્સપ્રેસના 17.02.2026 થી અસારવા સ્ટેશન પર આગમન સમયમાં ફેરફાર : સ્ટેશનનું નામ : અસારવા, હાલનો આગમન સમય : 10.15 વાગ્યે, સુધારેલ આગમન સમય : 10.40 વાગ્યે

## આતંકવાદ-સંગઠિત ગુનાખોરી સામે સરકાર 'નિયંત્રણ વિધેયક' વિધાનસભામાં લાવશે

(એજન્સી) ગાંધીનગર | તા.14

રાજ્યમાં વધતી અને રૂપ બદલતી સંગઠિત ગુનાખોરી પર લગામ કસવા રાજ્ય સરકાર આતંકવાદ અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સામે કડક સુધારા લાવવા તૈયારીમાં છે. ગૃહ વિભાગ દ્વારા 'આતંકવાદ-સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક' આવનારી વિધાનસભા બેઠકમાં રજૂ થવાની સંભાવના છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ગુનાખોરીના નવા નેટવર્ક, સાયબર માધ્યમ અને ગેંગ આધારિત પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને સંગઠિત ગુનાની વ્યાખ્યા વધુ સ્પષ્ટ અને વ્યાપક બનાવવામાં આવશે. ખાસ કરીને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સિન્ડિકેટને કાનૂની રીતે ઝડપી રીતે કાબૂમાં લેવા માટે જેલવાસની જોગવાઈઓ અને ગેરકાયદે સંપત્તિ જપ્ત કરવાની કલમો વધુ કડક બનાવવામાં આવશે. સુધારા વિધેયકનો હેતુ માત્ર દંડાત્મક જ નહીં, પરંતુ નાણાકીય નેટવર્કને તોડી પાડવાનો છે, જેથી ગુનાખોરીના માળખાને મૂળથી નાબૂદ કરી શકાય. ગૃહ વિભાગના અધિકારીઓ માને છે કે કડક જોગવાઈઓથી સંગઠિત ગુનાખોરીના ગેંગ પર અસરકારક નિયંત્રણ શક્ય બનશે.

જંત્રીની કિંમતના 3 ગણા દંડથી લઈને સીધી જપ્તી સુધીની જોગવાઈ, કલેક્ટરને મળશે વિશેષ સત્તા. રાજ્ય સરકાર ગેરકાયદે જમીન વેચાણ અને ભોગવટાને રોકવા માટે 'ગુજરાત સુધારા વિધેયક-2026' પણ વિધાનસભામાં લાવશે. ખાસ કરીને ગણોતધારા અને સૌરાષ્ટ્ર ઘરખેડ નિયમ હેઠળની જમીનોમાં ગેરરીતિ અટકાવવા આ કાયદો મહત્વપૂર્ણ માનવામાં આવે છે.નવા વિધેયક મુજબ જિલ્લા કલેક્ટરને વિશેષ સત્તાઓ આપવામાં આવશે.

## અસારવામાં વિકાસનો દમદાર પ્રારંભ: રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાના હસ્તે અનેક પ્રકલ્પો પ્રજાને સમર્પિત



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અસારવા વિધાનસભા મતવિસ્તારમાં વિકાસને નવી ગતિ આપતા શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલાએ વિવિધ જનહિતકારી પ્રકલ્પોનો ભવ્ય શુભારંભ કર્યો. Ahmedabad Municipal Corporationના મધ્ય ઝોન હેઠળ શાહીબાગ વોર્ડમાં અનેક સુવિધાઓનું લોકાર્પણ કરી વિસ્તારને નવી ઓળખ અપાઈ. મંત્રીશ્રીએ ઈદગાહ સર્કલ ખાતે નવનિર્મિત ચબૂતરો અને સર્કલ પ્રજાને અર્પણ કર્યા. સાથે જ શાહીબાગના નમસ્તે સર્કલ પાસે હાજીપુરા ગાર્ડનમાં આધુનિક સુવિધાસભર ગજેબોનું લોકાર્પણ તેમજ ડફનાળા જંક્શન પર આકર્ષક કમળ સ્કલ્પચરનું અનાવરણ કરી સૌંદર્યવર્ધનને પ્રોત્સાહન આપ્યું. આ પ્રસંગે શહેરના મેયર Pratibhaben Jain, શાસક પક્ષના નેતા ગૌરાંગભાઈ પ્રજાપતિ, સ્થાનિક કાઉન્સિલરો અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.વિકાસકાર્યોના આ શુભારંભથી અસારવા વિસ્તારમાં નાગરિક સુવિધાઓમાં વધારો થવાની સાથે શહેરના સૌંદર્ય અને સુવ્યવસ્થિત વિકાસને પણ નવી દિશા મળી છે.

## બાકી ભાડા પેટે આપેલા ચેક બાઉન્સ થતાં વધુ બે દુકાનને તંત્રે સીલ માર્યાં

ગાંધીનગર : શહેરમાં ઘ ૫ સર્કલ પાસેની વિખ્યાત ખાણી પીણી બજાર એટલે, કે ફુડકોર્ટમાં તગડી કમાણી છતાં વેપારીઓ ભાડાની નજીવી રકમ પણ લાંબા અરસાથી ભરતા નહીં હોવાથી તંત્ર દ્વારા આખરે કડક કાર્યવાહી શરૂ કરાઇ છે. તેના અંતર્ગત થોડા દિવસ પહેલા ૧૩ દુકાનોને તાળાં મારી દેવાયા હતાં. હવે વધુ બે દુકાનને સીલ કરવામાં આવી છે, જેના વેપારીઓએ આપેલા ભાડાની રકમના ચેક બાઉન્સ થયા હતાં. પાટનગર યોજના વિભાગના અધિકારી સુત્રો દ્વારા જણાવવામાં આવ્યા પ્રમાણે ફુડકોર્ટમાં ખાણી પીણીના વ્યવસાય માટે દુકાન મેળવનારા વેપારીઓ પૈકીના કેટલાક વેપારીઓ દ્વારા ઘણા લાંબા સમયથી ભાડાની રકમ ભરપાઇ કરવામાં આવી રહી ન હતી. પરિણામે સરકારી લેણાનો આંકડો રૂપિયા ૧ કરોડ નજીક પહોંચવા આવ્યો હતો. સરકારી લેણું વસુલવા માટે એકથી વધુ વખત નોટિસ આપવામાં આવી હતી અને આખરી નોટિસમાં દુકાનને સીલ મારવા અને ફાળવણી રદ કરવા સુધીના પગલા લેવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવ્યા બાદ પણ બાકીદારો ગાંઠી રહ્યા ન હતાં.

# ગુજરાતને મળી છઠ્ઠી વંદે ભારત એક્સપ્રેસ

### અસારવા-ઉદયપુર સિટી વચ્ચે શરૂ થશે આ પ્રતિષ્ઠિત ટ્રેન સેવા

અમદાવાદ | ભારતીય રેલ દ્વારા ગુજરાતમાં આધુનિક રેલ સેવાઓના વિસ્તરણ ની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરતા અસારવા-ઉદયપુર સિટી વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ સેવા શરૂ કરવામાં આવી રહી છે. આ ગુજરાતની છઠ્ઠી વંદે ભારત ટ્રેન હશે, જે ક્ષેત્રીય કનેક્ટિવિટી ને મજબૂત બનાવવાની સાથે-સાથે મુસાફરોની સુવિધા, પર્યટન અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપશે.ભારતીય રેલ અપગ્રેડ કરાયેલા સ્ટેશનો, નવી રેલ લાઈનો અને અદ્યતન સુવિધાઓ દ્વારા ક્ષેત્રીય વિકાસ અને વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. અસારવા-ઉદયપુર સિટી વંદે ભારત એક્સપ્રેસ આ પ્રતિબદ્ધતાનું એક સશક્ત ઉદાહરણ છે.આ અદ્યતન ટ્રેન રીક્લાઈનિંગ અને આરામદાયક સીટો, સ્લાઈડિંગ દરવાજા, મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ, બાયો-ટોયલેટ, સ્વચાલિત પ્રવેશ અને નિકાસ દ્વાર તેમજ સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ ટ્રેન મુસાફરોને વિશ્વસ્તરીય આરામ પ્રદાન કરતા ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ આપશે.




**ઉદ્ઘાટન સેવા:** ટ્રેન નંબર 09663 ઉદયપુર સિટી-અસારવા વંદે ભારત એક્સપ્રેસ 16 ફેબ્રુઆરી 2026 ના રોજ ઉદયપુર સિટી થી 12:25 વાગ્યે પ્રસ્થાન કરશે અને સાંજે 17:15 વાગ્યે અસારવા પહોંચશે. માર્ગમાં આ ટ્રેન જાવર, ડુંગરપુર અને હિંમતનગર સ્ટેશનો પર રોકાશે.

**નિયમિત સેવા: (અઠવાડિયામાં 6 દિવસ મંગળવાર સિવાય )** ટ્રેન નંબર 26964 અસારવા-ઉદયપુર સિટી વંદે ભારત એક્સપ્રેસ 18 ફેબ્રુઆરી 2026 થી દરરોજ (મંગળવાર સિવાય) અસારવા થી 17:45 વાગ્યે પ્રસ્થાન કરશે અને 22:00 વાગ્યે ઉદયપુર સિટી પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર 26963 ઉદયપુર સિટી-અસારવા વંદે ભારત એક્સપ્રેસ 18 ફેબ્રુઆરી 2026 થી દરરોજ (મંગળવાર સિવાય) ઉદયપુર સિટીથી 06:10 વાગ્યે પ્રસ્થાન કરશે અને 10:25 વાગ્યે અસારવા પહોંચશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...